સ્ત્રી ચરીત્રની વાર્તા



સ્ત્રી ચરિત્રની નવીન

વાર્તાઓ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર મંગળદાસ જેઠાતારામ.

રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તી ૮ મી. પ્રત ૮૦૦૦

સંવત ૧૯૮૫ સને ૧૯૨૯

અમદાવાદ—પાનકોરના નાકે ધી મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં

મોતીલાલ ગણપતરામે છાપી.

કીંમત આઠ આના

સચિત્ર ૧૯૮૯૫

ગુજરાતી મોટર ગાઇડ

૧-૨-૩-૪-૫-૬ અને ૮ સીલેન્ડરની ગાડી ચલાવવાની માહિતી આપનારૂ પુસ્તક.

આમ એનજીન અને તેના ચાર સ્ટ્રોક, સકશન, સ્ટ્રોક, અને ઈનલેટ સ્ટ્રોક, કોમ્પ્રેશ સ્ટ્રોક, પાવર સ્ટ્રોક, એકઝો સ્ટ્રોક, વાલ્વ એન્ડ કેમ, ડબલ હાતાનું કેમ શાફ્ટ, વ્હાલ્વના ટાઈમીંગ, વીગેરે, પેટરોલ, કારબ્યુરેટર, તથા કારબ્યુરેટ, બેટરી તૈયાર કરવાની રીત એકયુલેટર ચાર્જીંગ ઈનડશન કોઇલ, સ્પારકિંગ પ્લગ, કોનટેટક બ્રેકર, વ્હોલટરમિટર, ઈનશુલેટેડ વાયર, ડિસ્ટ્રિબ્યુટર, બોસમેગનેટિક મેક એન્ડ બ્રેક સ્પારકિંગ પ્લગ, મેગનેનટો, આરમ્યુચર, મેંગનેટો કોનટેકર બ્રેકર અને ડિસ્ટ્રિબ્યુટર ટાઇમિંગ કીપરને મેંગનેટો કેવો બેસાડવો સીંગલ સીલેંડર, ડમડોઈઝ વાવરીંગ ડબલ અને ચાર સીલેન્ડરનું વાવરીંગ સીલેન્ડર, ફાવરીંગ ઓડર, ડબલ સિલેન્ડરના ક્રેક, ત્રણ સીલેન્ડરના એંજીનની માહેતી છ સીલેન્ડરના ઇજનનો ક્રેક વાવરીંગ વોટર કુલીંગ સીસ્ટીમ, ટયુબીલર રેડીએટર થરમોસાવફ્રજ વોટર કુલીંગ સીસ્ટીમ, વોટરપંપ કલચેસ, લેહરકોનકલચ; પ્લેટસંકેસીંગ ફેરવનારી મોટી પ્લેટ; ફરનારી નાની પ્લેટ, કંપલીટ કલચપ્લેટ; ડિફ્રન સિયન ગર; ચેનમડગાર્ડ, સ્ટીયરીંગ ગિયર લેહર બાઇન્ડીંગ હેંડબ્રેક; ઇનટર્નલ એકસ પેડીગ બ્રેક થોટલ લીવ્હર અને એકસહીરેટર; ગહનર ટાયરમાં હવા ભરવાનો પંપ: ટાયરમાં હવા ભરવાનુ કોપક; ટાયર કાઢવા ટાયર અને ટયુબનો જથ્થો મહત્વની સુચના વિગેરે ઉપયોગી બાબતોનો આમાં સમાવેશ છે. પુસ્તકમાં સમજ ખાતર ઠેકાણે ઠેકાણે તેના ભાગના ચીત્ર આપવામાં આવેલ છે. કી. રૂ, ૨-૦-૦ પોસ્ટેજ ૦-૪-૦ જુદા.

સ્ત્રી ચરિત્રની નવીન વાર્તાઓ.

વારતા ૧ લી.

કુલિનસિંહ રાઠોડ અને નીમચંદશાહ તથા તેની સ્ત્રી ચંચળમતિનું ચરિત્ર.

પુર્વે સુરસેન નામે ગામમાં જાલિમસિંહ અને કુલિનસિંહ નામના બે રજપુત ભાઇઓ રહેતા હતા એક સમે તે ગામપર સરાઈ લોકો ચઢી આવીને ગામની મિરાત, એટલે ઢોર ઢાંખર વાળી ચાલતા થયા. તેથી રઇયત બે ભાઈ પાસે ફરીયાદે આવી. આ જાતે અસલ રાઠોડ હતા. તેથી મેઘનાદ કરીને સિંહ તેના જંગલને ગર્જનાથી ગજાવી મેલે છે, તેવી રીતે આ બે શુરવીરો ખળભળી ઉઠયા જોતજોતામાં તેઓ નાગાં ખાંડાં સજીને ચોકમાં આવી ઉભા. તેઓ નાના ગામના ઠાકોર હતા તેથી તેમને સેના હોય શેની કે તેમની પછવાડે ચઢે? પણ તેઓ જાતે કહોર રાઠોડ રજપુતના બેટા હતા એટલે સંખ્યાબંધ શત્રુ સામે પણ તેઓ એકલા પવનપર સ્વાર થઇને ચાલ્યા.

આવી તેમની હિમ્મત ને બહાદુરીથી ગામના લોકો તેમની વારે ચઢયા. મેદાનમાં જઇને તેઓએ રણશિંગડાં ફુકયાં તેથી તે

શત્રુને જાણ થયું કે કોઇ વારસો લેવાને આવ્યો છે તો હવે તેને અમને સ્વાધીન સોંપવો. એટલું બોલતામાં પાંચ હજાર માણસ સામે આવી ઉભું તે જોઇને કુલિનસિંહ ક્રોધથી બોલ્યો "કે કોઈ રાંડ ભુડણે આ જણતર જણી મેલ્યું છે? આમાં કોઇ રજપુત બચ્યો નથી કાયર વર્ણશંકર ભેળા થયા છે."

કુલિનસિંહની આવી કડવી ઝેરી બોલી સાંભળીને પ્રતિપક્ષનો સરદાર શિરોઇ ઉગામીને એકદમ ધશી આવ્યો ને જેવો ઘા કરવાને જાય છે તેવામાં તો જાલમસિંહના ઝટકાની સાથે તેનાજ ત્રણ ખંડ છુટા થઇને ઉડયા એટલે સામાવાળા લશ્કરે તેમને ઘેરીને માર માર કરવા લાગ્યા બંને ભાઇયો બાહોશ અને પુરા ખેલાડી હતા. તેમને શતરૂનો એક ઝટકો વાગ્યો નહિં અને સુરજ આથમતા પહેલાં સરાઇઆ (લુટારા) ની અડધી ફોજના માણસને વિષ્ણુલોકમાં મોકલ્યાં.

આવા હિંગામમાં કોઇ એક સ્ત્રી હથિયારબંધ જમીન પર લોટતી લોટતી છેક જાલિમસિંહના પગ નીચે આવી, અને સુતાં સુતાં તેણીએ એક એવો કારી ઘા જાલિમસિંહની છાતી સરસો માર્યો કે તેનું અડધું શરીર વચ્ચેથી ચીરી નાંખ્યું, તેથી કરીને તે લડથડીયું ખાઇ નીચે પડયો, ને જોઇએ કુલીનસિંહની આંખમાં ખુમારી ભરાઇ આવી. ડોળા લાલચટક થઇ ગયા અને ભાઇનુ વેર લેવાને સારૂ હવે બીજે હાથે તેણે ભાલો નીચે પાડી તે સ્ત્રીને ઝાલી લઇ ખંભ અંતરિક્ષ લટકાવી? તે જોઇને સર્વે કોઇને ધારજ ના રહી અને ત્યાં ભંગાણ પડયું; તેઓ પોતાનો જાન લઇને નાઠા.

એવામાં જાલિમસિંહ રણમાં ખપ્યા એ વાતની ખબર એની

સ્ત્રી ભઠિયારણીને થઇ કે તે આવીને સતી થઇ. ત્યારે કુલિનસિંહને એક આંખમાં શ્રાવણ અને બીજીમાં ભાદરવો છુટી પડયો ?

જે લોકો તેમની વાંસે ચડયા હતા. તેમને સરૈયા લોક નારાજ કર્યાથી ગામમાં મરદનું નામ દીઠામાં આવતું નહોતું એથી કરીને કુલિનસિંહને બહુ કલ્પાત થયું તેથી ગામ મેલીને ચાલી નીસર્યો. કે હવે આપણું અહિં પુરૂ થવાનું નથી તે ચાલ્યો ચાલ્યો કંકાવટી નગરીમાં આવી પહોંચ્યો. તેની પાસે પૈસો ટકો રહ્યો નહોતો તેથી અહીં કેમ નિર્વાહ ચલાવવો તેની સોચમાં પડયો વટેમાર્ગુઓને જોઇ કુલિનસિંહે પુછ્યું કે આ શહેરમાં નોકર રાખે એવો કોણ છે ? એક બે જણે કહ્યું કે તમને ચાકરી રાખી ભાખરી આપે એવો તો આ ગામનો ફકત નગરશેઠ મોતીશાહ છે.

કુલીનસિંહ ચાલ્યો ચાલ્યો નગરશેઠને ઘેર આવી સલામ કરીને ઉભો, તેને જોઇને મોતીશાહ મનમાં શંકાયો. પણ વાણીયાભાઈ એટલે જાતે ચતુર, એટલે ચેત્યો કે આ કોઇ મહાન પુરૂષ જણાય છે ખરો, પણ દખાનો માર્યો આવેલો દીસે છે, માટે કદાચ આશ્રય માગે છે, આપણે એને આપીએ તો કોઈ દીવસ કામનો છે એવી ધારણાથી તેમને પુછ્યું આપો ભાઈ ? તમે કયે ગામથી આવ્યા ? તમારૂ નામ શું અને તમારે શું જોઇએ છે ?

કુલિનસિંહ—હું સુરશેન ગામનો રહેવાશી, જાતનો રજપુત ને કુલિનસિંહ મારૂં નામ છે. અને ચાકરીના લોભે હું તમારે ઘેર આવ્યો છું.

નગરશેઠ-(હસીને) તમારી ચાકરી કરવાની મરજી છે. તો હું તમને રાખીશ. દશ રૂપીયાનો પગાર આપીશ ને કોઇ પણ પાંતીનું મારે ત્યાં તમારે દુઃખ રહેશે નહિ, નગરશેઠની આ ચાહના

જોઇને કુલિનસિંહે તેની ચાકરી કબુલ કરીને ત્યાં રહ્યા. હવે શેઠને નીમચંદશાહ નામે એકનો એક છોકરો હતો તે દુર દેશાવર પરણ્યો હતો અને તેની વહુ આણાજોગ થઇ હતી પણ માર્ગમાં ઘણો ભો હોવાને લીધે આણું વાળવાને ત્યાં જવાતું નહિ હતું તેથી કરીને હવે પોતાના દીકરા સાથે આ નવા રજપુત સિપાઇને વહુને તેડવાને મોકલ્યો.

તે કેટલેક દીવસે ડુંગરપુર વાસુવાળે આવ્યા ત્યાંથી ખેપીયા સાથે વધાઇ વિજયપુરપાટણ મોકલી પાછળથી તેઓ પણ જઇ પહોંચ્યા. નિમચંદનો સસરો હીરાચંદ શેઠ સામૈયું કાઢીને વાજતે ગાજતે ગામને પાદરે આવ્યા. ત્યાં તેઓનો મેળાપ થયો. પછી તે બળતી મસાલે બડી ધામધુમથી ગામમાં આવ્યા. સાજન માઝન આવીને હીરાચંદશાહ શેઠને આંગણે આવ્યા. તેણે સર્વને યથાયોગ્ય સત્કાર કરી ફુલ, સોપારી પાન શ્રીફળ વિગેરે આપીને વિદાય કર્યાં પછી જમાઇની તેણે આસનાવાસના કરી સારી પરૂણાગત કીધી અને એક જુદી અલાયદી લાંબી મેડીએ ઉતારો આપ્યો ત્યાં મહેતા, ગુમાસ્તા, દાસ, દાસીઓ વિગેરેને તેની સેવામાં સોંપ્યા. હવેલીમાં દીવા ઝાક-ઝમાળ બળી રહ્યા હતા. કોઇ પાંતીની તેમને ન્યુનતા જણાતી નથી, જે જોઇએ તે હાજરજ છે તે જોઇને બધા ખુશી થયાં, એમ કરતાં આનંદમાં બે પહર રાત ગુજરી ગઇ, તેના સાસરે જમાઇને થાકયા પાકયા જાણી હવે જલદી સુઇ રહેવાની મેડી બતાવી ત્યારે કુલિનસિંહ શેઠની વાંસે ચાલ્યો તેને કહે તું કયાં જાય છે? તેણે કહ્યું કે મારા શેઠને જુદા મુકાય નહિ એ જ્યાં સુએ તેની ઓસરીમાં મારો ઢોલીઓ ઢાળો નહી તો શેઠને હું શેઠને સોંપતો નથી તેથી બંનેના ઢોલીઆ પાસે નંખાવી આવ્યા.

શેઠની સન્જ્યાપર ફુલની ઝાલર ઝુલી રહી હતી. સુગંધી બહેકતી હતી પાન સોપારીની તબક હાજર હતી. શેઠ બીછાનાપર જઇને સુતા. ને એક બે દાસીઓ આવીને પગચંપી કરવા માંડી એટલે લેરખી શેઠાણી ચંચળમતિ શણગાર સજીને રૂમઝુમ કરતાં નેન નચાવતાં ઓરડામાં આવ્યાં તેણે પ્રથમ શેઠની સોના નાણે નોછાવર લુણ ઉતારી દાસીને આપી વીદાય કરી પછી અગર ચંદનની આર્ચા કરી ફુલના હાર ગજરા પહેરાવી આરતી ઉતારી શેઠની પગ ચંપી કરતી પલંગપર બેઠી.

આવે સમયે રસ્તામાં થાકને લીધે અને શેઠાણીનું નુર તથા ચંચળમતિનાં નખરાં જોઇને શેઠતો છકજ થઇ ગયા, તેમજ શેઠાણી પણ માનમાં એકે બોલ બોલ્યા નહિ તેથી શેઠની આંખ મીંચાઇ અને ઘોરવા માંડયું પણ અહીં કુલિનસિંહ જાગતોજ પડી રહ્યો. શેઠનાં નસકોરાં બોલતા સાંભળીને એક બેવાર શેઠાણીએ ઢંઢોળ્યા પણ કાંઈ જવાબ આપ્યો નહિં એટલે તે પલંગ પરથી નીચે ઉતરીને શણગાર વેગળો કીધો ઘાઘરાનો કછેટો માર્યો અને પટોળીથી કમ્મર કસીને ઓરડામાં ગઇ. માંહેથી ઢાલ તલવાર લઇને બહાર આવી કમાડ વાસીને નીચે ઉતરી, કુલિનસિંહ ગુપચુપ તેની પાછળ ગયો ને જોયું તો શેઠાણી ગામ બહાર એક નુરખાં ફકીરના તકીયા આગળ આવી ફડકો ઠોકયો.

એટલે માંહેથી પુછયું—કયું બે રાંડ? આજ ઇતની દેર કયું લગાઈ? જા ઇદરસે તેરા કુછ કામ નહિ હે.?

ત્યારે બહારથી શેઠાણી બહુ બહુ કાલાવાલા કરીને :દરવાજો ઉઘડાવી અંદર જઇને કહ્યું કે મેં કયા કરૂં? મેરા ખાવિંદ આજ

રોજ આણા કરનેકુ આયા હે—સો દેર લગી તે સાંભળતાંજ વાર ફકીરની આંખમાં ઝેર ભરાયું અને તેનાં રૂએરૂવાં ઉભાં થયાં પછી તે ક્રોધ કરીને બોલ્યો ' મુજે તેરા કુછ કામ નહી હે ' શેઠાણી ચંચળમતિ વિચાર કરતી ઉભી રહી ત્યારે ફકીરે ફરી ફરી ધમકાવી ને કહ્યું કે ' જા એ રંડી કયું ખડી રહી હે ? એટલે શેઠાણી ઉઠીને ચાલી.

શેઠાણી ચંચળમતિ ઉઠી કે કુલિનસિંહ ચેત્યો કે રાંડ ખચીત શેઠને મારશે જેથી શેઠાણી જેવી બહાર નીસરી તેવો પોતે જઇ પહોંચ્યો ને એક ઝટકાથી સાંઇને પુરો કરી તેની લાસની ગાંસડી પોતાની પીઠ પર બાંધી શેઠાણી પહેલા શેઠ નીમચંદશાહ પાસે આવી પહોંચ્યો, ને શેઠને જગાડયો,—" શેઠ ? ઉઠ ઉઠ " શેઠ કહે શેઠાણી છતાં તું માંહે કેમ આવ્યો, ત્યારે રજપુત કહે " મુર્ખ ઉઠ શેઠાણી તારી સોડમાં કયાં છે ? ઉઠ નહિતો હમણાં જીવથી માર્યો જશે. " શેઠ જીવ જવાના ડરથી તરત ઉઠયો કે તેને રજપુતે પોતાના ખાટલામાં સુવાડયો ને ફકીરની લાશ શેઠના પલંગમાં નાખી રજાઇ ઓઢાડીને દીવો બુઝાવી પોતે સંતાઈ બેઠો. શેઠાણી ચંચળમતિ આવી પોતાના પતિ જાણી ફકીરના ગળાપર ઝટકો માર્યો. તેનું માથું કાપેલુંજ હતું. તે તરત છુટું થઇને ભોંય પર ગબડી પડયું તે લેઇ અંધારે અંધારે ફકીર નુરખાંને તકીએ આવી ફડકો ઠોકયો પણ કોઇએ જવાબ આપ્યો નહિ તેથી અંતે ફડકો (તકીઆનો દરવાજો) તોડીને અંદર ગઇ તો ફકીરને દીઠો નહિ ને મહા દુખ પામી થોડીવાર ત્યાં રાહ જોઇને આખર સમજી કે ધણીને હું મારવા ગઇ તેથી ડરીને પીટયો નાસી ગયો છે તેથી નિરાશ થઇને પોતાને ઘેર આવી એકદમ ચીસ પાડીને રડી ઉઠી. માથાના વાળ વીખી

છાતી કુટવા લાગી. તે ગડબડાટનો પોકાર સાંભળીને આસપાસથી તેનાં સગાં વહાલાં દોડી આવ્યા, પણ ઓરડામાં અંધારૂં તેથી કાંઇ નજરે પડે નહિં સહુએ જેમ તેને વિલાપ કરીને રડવાનું કારણ પુછયું તેમ તે વધારે બરાડા પાડીને રડવા લાગી, અને તેના ધણી નીમચંદશાહના નામનો છેડો વાળ્યો.

એ સાંભળીને હીરાચંદશાહ અને તેની સ્ત્રી છોકરીને રંડાયલી જાણી પોક મુકી રડી ઉઠયા લેરખી શેઠાણી ચંચળમતિએ વિલાપ કરતાં રજપુતનું નામ દીધું કે એ હરામખોરે મારી ઉપર કુનજર કરીને શેઠનું ખુન કર્યું છે સીપાઇને સુવાડયો તેથી શેઠાણી નજરે પડયાં તે લાલચે જમાઇને મારી નાંખ્યો છે. તેની રાજા ચતુરસાગર પાસે જઇને ફરીયાદ કીધી.

રાજાએ કુલિનસિંહને બાંધી હજુરની પાસે બોલાવી સર્વનાં દેખતાં પુછયું કે તેં શેને સારૂ શેઠના જમાઇને મારી નાંખ્યો ?

કુલિનસિંહ કહે મેં માર્યો નથી શેઠની સંભાળ સારૂ મને તેના બાપે સાથે મોકલ્યો છે તે હુંજ કેમ કરીને મારૂ ?

રાજા—સર્વ તારૂં નામ દે છે અને તું ના કહે છે એ મનાય કેમ.

કુલિનસિંહ—કદાચ મારી હશે તો કટારી, કે તલવાર મારી પાસે છેજ ક્યાં ?

ત્યારે રાજાએ કહ્યું કે લાવો લાશ. આપણે જોઇએ કે શેનો ઘા છે ? વાણીયા દોડી ગયા ને જોયા વગર પલંગનો પલંગ ઉપાડી લાવ્યા ઉપરથી પિછોડી ખેંચી લીધી, મુડદું તો કોઇ દાઢીવાળા ફકીરનું નિકળ્યું રાજાએ અચંબો પામીને હીરાચંદ શેઠને પુછયું કે આજ તમારો જમાઇ કે ? તે જોઇ બધા વિચારમાં પડયા કોઇ મસ્કરીમાં

કહે કે હા, કોઇ કહે ના? એનું કેટલીવાર ધીંગાણું ચાલ્યું કચેરીમાં સર્વે જણા જોઇ રહ્યા તેમાંથી એક જણ બોલી ઉઠયો કે આ તો ગામ બહાર ગાંડો ફકીર નુરશાહ હતો તેની લાશ જણાય છે તે સાંભળીને વાણીયાઓ એક બીજાના મ્હોં જોવા લાગ્યા, અને તેમનાં જડબાંજ બંધ થઇ ગયાં.

રાજા—શેઠ? આજ આપનો જમાઇ કે?

વાણીયા તો ફીકા ધાન્ય જેવા થઇ ગયા, જુદા પડયા અને લાખ ટકાની સાખ ગુમાવી, તેથી આકુડીત થઇ એક પણ જવાબ આપી શકતા નથી.

રાજા—કુલિનસિંહ આ શું છે તેનો ભેદ તું ખોલ.

કુલિનસિંહ—હું નીચે ઓસરીમાં સુતો હતો તે શું જાણું? એ વાતની ખબર શેઠાણી ચંચળમતિ જાણે.

રાજાએ કહ્યું જે ખરી વાત—બોલાવો શેઠાણીને? પછી શેઠાણીને તેડાવી પુછ્યું કે બોલ આમાં શું ભેદ છે? આ ફકીર તારી સોડમાં શી રીતે આવીને સુતો અને તેને કોણે માર્યો. તારો પતિ પ્રથમ તારી સેજમાંજ સુતો હતો તેનુ શું થયું?

શેઠાણી ચંચળમતિએ તેના યારને મરેલો જાણીને તેનું કાળજું કોરાઇ ગયું અને ભર કચેરીમાં તેની આવી ફજેતિ થઇ તેથી અવચક થઇને નીચુ જોઇને ઉભી.

ત્યારે રાજાએ પાછું કુલિનસિંહને પુછયું કે, હવે તારા સિવાય આ બધા ભેદનો પડદો કોઇ ખોલી શકે તેમ નથી, માટે તુજ ખોલી દે કે એ થયું કેમ?

હવે કુલિનસિંહે સર્વેના સાંભળતાં કહ્યું કે કાલે સાંજના આ હીરાચંદશાહ શેઠ બડી ધામધુમથી તમારા શહેરમાં લાવ્યા, અને

તેની મેડીમા ઉતાર્યાં, અમારા પરોણાગત કરવામાં એણે કશી બાકી રાખી નથી સર્વેના સુવા પછી મધ્ય રાત્રિને સુમારે આ લેરખી શેઠાણી ચંચળમતિ કછોટો મારી કમ્મર કશીને ઢાલ તલવાર સાથે મારા બિછાના આગળ થઇને મહેલ બહાર નિસર્યા જેથી તેને પગલે ચાલ્યો ચાલતાં ચાલતાં ગામ બહાર આ ફકીરને તકિયે આવી શેઠાણીએ ફડકા ઠોકયા, ત્યારે ફકીરે આવડી મોડી આવવાનું કારણ પુછયું તેને શેઠાણી ચંચળમતિએ પોતાના ખાવિંદ આવ્યાના સમાચાર કહ્યા જેથી તેણે અદેખાઇથી તેનું માથું કાપી મંગાવ્યું. તે લેવાને શેઠાણી ત્યાંથી ચાલ્યા હું પાછળથી ફકીરનો ઘડો લાડવો કરીને, ઘેર શેઠાણીની અગાડી જઇ પહોંચ્યો. શેઠની જગાએ આ ફકીરને સુવાડયા અગે શેઠાણી આવી તલવારના ઝટકા સાથે માથું લઇ પાછાં ચાલ્યાં પણ ફકીર મળ્યા નહી તેથી નીરાશ થઇ પાછાં ઘેર આવીને આ પીતુર ઉઠાવ્યું ને બાકીનું તમને રોશન છે.

રાજા—કુલિનસિંહ ધન્ય છે તને અને તારી હિમ્મતને તું સાચેસાચુ બોલ્યો પણ તારો શેઠ જીવતો છે તો આ મંડળીમાં તે કેમ દીસતો નથી, તેને તેં કયાં અને કેમ છુપાવ્યો ?

કુલિનસિંહ—આ બધી બદમાસી અને બદમાસીના ગંધથી મેં તને બચાવી રાખેલ છે. તમારે ખાત્રી કરવી હોય તો ફલાણો અપાશરો છે તેમાં તે બેઠા છે ત્યાંથી કોઇ દરબારીને મોકલી તેડી મંગાવો રાજાએ તરતજ તેને તેડવાને સારૂ ચોપદાર મોકલ્યો. પછી કહ્યું કુલિનસિંહ તેં તેને સંતાડી મુકવાનું કારણ કિમ કહ્યું નહિ.

કુલિનસિંહ—રાજા ચતુરસાગર હવે એટલેથી આટોપો વધારે સાંભળવામાં માલ નથી. પણ રાજાના આગ્રહને લીધે તે બોલ્યો કે

પુછાવો તો તેનું કારણ તમે કેવો ન્યાય કરો છો કે મારો શેઠ જીવતા કહેવા ઉપરથી મને ફાંસી દયો છો કે શું તે જોવાની મને ઇચ્છા થઇ, તેથી મેં મારા શેઠને છુપાવી રાખ્યો.

પછી રાજાએ આ લેરખી શેઠાણી ચંચળમતિના નાક કાન કાપીને ગામ બહાર કાઢી મેલી તેના બાપ સગાવાલા અરે વાણીયાની ન્યાત જે ત્યાં આવી હતી તેમને તેમની બેટીયો બહુ મોટી કર્યાંથી તેમના યારના સંગની કેવી વ્યાધી થાય છે, તથા તેનાથી કેટલાં માઠા પરિણામ નીપજે છે તે સુચવીને તેને કાઢી મેલ્યા, કુલિનસિંહની ચતુરાઇ તથા બહાદુરી જોઇને રાજાએ તેને પોતાના પાસે રાખ્યો ને પછીથી પોતાની કુંવરી પ્રિયસુંદરી પણ પરણાવી તેના શેઠ નીમચંદશાહને પણ ગામની બીજી કન્યા ઉદયમતિ પરણાવી તેને દાસ દાસી ઘોડા વિગેરે આપીને વિદાય કર્યા.

વાર્તા બીજી

પિતા પુત્ર બંને સાથે વ્યભિચાર કરનાર શેઠાણી કુમતિ.

કોઈ કુમતિ શેઠાણીને એક કોટવાળ સાથે દોસ્તી હતી તેથી કોટવાળ હમેશાં જ્યારે તેનો ધણી બહાર જાય ત્યારે લાગ જોઇને તેના ઘરમાં એક છોકરો હતો તે ઘણો ખુબસુરત હતો તેને પણ તે સાથે દોસ્તી થઇ ત્યારે બન્ને બાપ દીકરે જુદે જુદે વખતે લાગ જોઈ આવવા લાગ્યા એક દિવસ છોકરો શેઠાણી કુમતીના ઘરમાં આવ્યો ને વાતચીત કરે છે ત્યાં એટલામાં કોટવાળ ત્યાં ફરતો ફરતો આવી ચઢયો અને બારણું ઠોકયું છોકરો બાપ આવ્યો જાણી ગભરાયો અને સ્ત્રીને સંતાડવા માટે આજીજી કરી તેને એક ઓરડીમાં ઘાલી

શેઠાણીએ બારણું ઉઘાડયા ને કોટવાળને આદરમાન દઈ અંદર લીધો તેને પાનની બીડી ખવરાવે છે ને ગપાટા મારે છે એટલામાં તેનો ધણી આવી પહોંચ્યો ને કમાડ ખખડાવ્યાં તેવોજ કોટવાળ થરથર ધ્રુજવા લાગ્યો કે હાય ? હાર્યાં હવે મારી આબરૂ કોડીની થશે, શેઠાણી કુમતિએ કહ્યું ગભરાઈશ નહીં. હું કહું તેમ કર ? આ એક હાથમાં મોટો ધોકો લે અને આંખો લાલ કરીને ગુસ્સાભેર મહોડે બોલતો બોલતો દરવાજા આગળ જા કે માદરબખત ? જો મારા હાથમાં આવે તો માથુંજ ભાગી નાંખું એમ કકળાટ કરી બે ચાર ગાળો દઈ કમાડ ઉઘાડી બેધડક ચાલ્યો જજે. કોટવાલે શેઠાણીના શીખવ્યા પ્રમાણે કર્યું તે જોઈ ધણી ગભરાટમાં પડયો, અને સ્ત્રીને પુછ્યું કે શું છે કે કોટવાલ આપણા ઘરમાંથી ગાળો દેતો દેતો બહાર નીકળ્યો ? સ્ત્રીએ તેને કહ્યું અરે ? એના છોકરાએ કંઈ ગુન્હો કર્યો હશે તેથી તે નાશીને આપણા ઘરમાં આવ્યો છે મેં તેને આપણા પેલા ઓરડામાં સંતાડયો છે, તેની ખબર પડી. હશે તેથી અહીં ખબર કાઢવા આવ્યો હતો પણ જડયો નહિ તેથી બડબડાટ કરતો ચાલ્યો ગયો માટે હવે ઓરડામાં તેઓ છોકરાને સમજાવીને કહાડી મુકો તે સાંભળી તેના ધણીએ છોકરાને વિદાય કર્યો

વારતા ત્રીજી

રતનશી સોની તથા તેની સ્ત્રી ફુલવંતી

સુર્યકાન્ત શહેરમાં કોઈ એક મહાન ધનાઢ્ય રતનશી નામનો સોની વસતો હતો, તેને ત્યાં સેંકડો કારીગરો કામે લાગતા હતા લોકોમાં તેની આબરૂ તથા વહેવાર સારો હતો જેવો તે પોતાના હુન્નર અને કળામાં કુશળ હતો તેવોજ સામુદ્રિક વિદ્યામાં અચ્છી માહીતગારી મે

ળવી નિપુણ થયો હતો સંસારમાં ઉત્તમ પ્રકારનું સુખ મેળવવાના હેતુથી તેણે એય વિષયના અભ્યાસ પછવાડે પોતાની અડધી દોલત ખર્ચી નાંખી હતી ચૌદ વર્ષની ખીલતી જુવાનીના બહારમાં તે દુનિયાના રાહઘાટમાં પડયો હતો. તેણે મેહતાબ જેવી ખુબસુરત અને વળી ચેહેરની એક કુલિન સ્ત્રી સાથે ધામધુમથી લગ્ન કર્યાં અરસપરસ તેઓને સ્નેહ પુછવા જેવો હતો. પણ માણસની ધારણા આગળ તેનો સીતારો તેની અદેખાઇ કરે છે. જેમ ઇંદ્ર ધનુષનો પડછાયો પાણીમાં ઝાઝી વાર દેખાતો નથી તેમ થોડા વખતમાં આ સુકોમળ પદ્મણી ઉપર બીજા આશકોનો મોહ થયો તેઓ પોતાનાં કર્તુકમાં ફતેહ પામ્યા નહી, પણ તેથી કરીને ગરીબ બિચારી અબળાનું મન ધીમે ધીમે ફેરવાયું સોનીએ તેની વિદ્યાનાં જેરથી માશુકને વ્યભિચારણી થયેલી માલમ પડી તેજ વખતે છુટા છેડા કરી બીજી સ્ત્રી પરણી લાવ્યો તે પણ તેવીજ માલમ પડવાથી તેની શોકને મળવાને તેને પણ મોકલી, એ પ્રમાણે રતનશી સોનીએ પોતાની ત્રીસ વર્ષની વયમાં ઉપરા ઉપરી પંદર સ્ત્રીઓ પરણીને કાઢી મેલી? એમ કરતાં તે છેક કંટાળી ગયો ત્યારે વિચાર કરવા લાગ્યો કે મોટી કન્યાને પરણું છું એમાંજ મારી મુર્ખાઇ છે કારણ કે તેઓ પીયરમાં દુરબાર શીખી મોટી થઇને આવે છે. પછી પિશાચણીઓ બહાર વૈભવ શોધે છે. હવે કોઇ નાની છોકરી સાથે લગ્ન કરવાં કે જેને દુનિયાનો પવન પણ લાગેલો ન હોય વળી તેના ખાવા પીવા વગેરેની સર્વે પ્રવૃત્તી મારે હાથે રાખી તેને કોઇનો સમાગમ થવા દઉં નહિ તો જોઇએ પછી કેમ તે પતિ ભક્તિ ભુલી જશે. મનમાં એવી દઢતા કરીને પોતાની ન્યાતમાંથી એક સાત વર્ષની છોકરી ફુલવંતીને તે પરણી લાવ્યો છોકરીને લાવીને તેણે સાત

મી મેડીમાં ઘાલી મેલી દુકાનમાં કામકાજથી ફુરસદ મેળવિને તે ઉપર જઇ સઘળી વખત આ બાળાને કેળવવામાં કહાડતો હતો એ પ્રમાણે કેટલેક કાળે તેને તરૂણ પણાંનાં ચિન્હ પ્રાપ્ત થવા માંડયાં તે જોઇને રતનશી સોની પણ મનમાં કહેવા લાગ્યો કે આનાથી આપણી મહેનતનું ફળ સરશે ખરૂં એક દિવસ નવિ મુગ્ધા ફુલવંતી બારીએ બેઠી બેઠી નીચે જોય છે તેવામાં એક ગાડી તેને દરવાજે આવીને અડકી તેમાંથી ચાલીસ વર્ષની સુમાર વયની એક સ્ત્રી હસ્તી હસ્તી તેની દુકાનમાં ગઇ અને કેટલીક વાર પછી તેજ સ્ત્રી રડતી કકળતી પાછી નીકળી તે જોઇને તેણે ઉપરથી પુછયું બાઇ તું હસ્તી હસ્તી આવિ અને રડતી કેમ પાછી જાય છે. તેવો અવાજ સાંભળીને ઉંચે જોઇ કહે છે—બાઇ તારે કાજે રહું છું કેમકે હું તારી નણંદ થાઉં છું તું બિગડે નહિ માટે તારા ઉપર આટલો બધો જાપતો રાખેલો છે તે મારાથી જોઇ શકાતું નથી એટલું બોલીને તે ચાલી ગઇ નણંદના વચનો આ મુગ્ધા ફુલવંતીના હૃદયમાં બાણનાં જેવાં સુસરા પડયાં તેથી તે એકદમ ગુસ્સામાં આવી જઈ બોલી અહો આજ પર્યંત મને ખબર નહિ એતો મને જાબતામાં રાખતો દેખાય છે તો હું પણ ખરી કયારે કે એને એના જાબતાની ખબર પાડું તેવામાં તેના ધણીને આવનાં દાદરમાં પગલાં વાગતાં સાંભળીને મુંગી થઇ છાનીમાની બેઠી કે જાણે કાંઇ વાતની તેને ખબરજ નહોય, મોરના ઇંડાને ચિતરવું પડતું નથી, તે પ્રમાણે સોનીને અંદર આવતો જોઇ બોલી સ્વામીનાથ ? તમે કહો ના પણ આજ તમારૂં મોં ઉતરી ગએલું દેખાય છે એવું તમારા ઉપર શું દુખ આવી પડયું છે જે દુખથી તમે આવા દિલગીર થયા છો કે કોઈ આશામી માલ લઇ નાસી ગયો છે કે કોઇએ તમારી મજુરી બચાવી ?

સોની—ના પ્યારી તેમાંનું કાંઇ નથી સોનારણ—ત્યારે શું છે ? તમે માનો ના માનો પણ કોઇની સાથે તમારે કંકાસ થએલા જણાય છે સોની—ખરીવાત ! (આંખમાં ઝળઝળીયા ભરાઇ આવે છે પણ તેનાથી બોલાતું નથી) સોનારણ—એવી શું વાત છે કે તમે બોલતા નથી અને રડો છો તમને કોણ દુભવનાર એવું કઠોર મળ્યું છે કે જેણે તમારા જેવા કઠોર સોનીને ગાળી પાણી પાણી જેવા કરી નાખ્યા સોની કહે મારે એકની એક માની જણી બહેન કસ્તુર છે. તેણે મ્હોટપણે આજે એકનો એક છોકરો કપુરચંદ પરણાવા માંડયો છે તે આજે નોતરૂ દેવા આવી હતી સોનારણ—અહો એતો બહુ સારૂ ચાલો આપણે પણ મહાલવાનું મલશે ? પણ બોલો પછી શું થયું ? સોની--તેણે બધાને નોતરૂં દીધું ત્યારે મેં કહ્યું કે હું એકલો આવીશ ને વહુનું ખાવાનું ઘરમાં લાવીને ખવડાવીશ તેથી મારી જોડે લડી તે રીસાઈ ગઇ હવે એ મારૂં મોશાળુ સરખુ રાખનાર નથી.

સોનારણ—મને તમારી આજ્ઞા હોય તો હમણાં હું મારી નણંદ કસ્તુરબાઇને મનાઇ આવું એ પાગરણ માંડીને બેઠા છે ત્યાં આપણે પણ જઇશું એમાં શું મોટી પંચાત પોતાને ઘેરથી ૫--૧૦ હજારના દાગીના લીધા અને તે ઘેર આવ્યો ચનીએ તે તથા બીજા પોતાના ઘરના દશેક હજારના દાગીના ઉમેરી એક મોટી પોટલામાં બાંધી સોની રતનશીને ઘેર આવી કહેવા લાગી કે ભાંઈ મારા છોકરાના વડીયા લગ્ન લેવાય છે વહુને કાલે દાગીના ચડાવવાના છે માટે ઘેર બેસીને દાગીના જલદીથી તઇયાર કરી આપ મજુરી મનમાની લેજો એટલું બોલી એક ૫૦૦ રૂપીયાની થેલી તેના તરફ ફેંકીને કહ્યું કે લે આ તારી મજુરી માટે અગાઉથી આપું છું અને બાકીની તને લગન કેડે ચુકાવી

આપીશ આજનો દહાડો તારી બંધ રાખ અને મારે ઘેર તું ને તારા કારીગર અત્યારે ચાલો જો આવવું હોય તો ઝટ લેઇ તારો સામાન ઉપડાવ મારે ઘડિએ ઘુંટ ભરાય છે. હું તો આ ચાલી (એટલું કહીને ચાલવા માંડે છે.

સોની રતનશીનું મન પેલી કોથળી જોઈને લલચાઇ ગયું પણ જાય તો ઘરમાં પોતાની બૈરીને ખવરાવે કોણ? તેથી ચનીને સમજાવિને કહે છે તમે આમ ગભરા ના બનો, જરા મારી વાત સાંભળો તાંબાની તેર વાના માગે માટે હું શું તોલડી શું લાવું શું શું ન લાવું? વળી તમારે ત્યાં સામાન લાવતાં કરતાં અને ગોઠવી એમ હારમાં પડતાં બપોરતો સહેજમા થઈ જાય તેમાં કાંઇ ભુલ્યા તો અહીં સુધાનો ધર્મ ધક્કો? જેટલું ઉલટું મોડું વધારે થશે તમે કામ ઉતાવળનું બતાવો છો માટે તમે મારૂ કહ્યું માનો તો અહીં તમને કોઇ પાંતીની અડચણ નડશે નહી અને જે જોઇશે તે સઘળુ અહીં હાજર છે આટલા વર્ષ સુધી પરમેશ્વરે આપણી દાનત સાફ રાખી છે, થોડા સારૂ તમારામાંથી ચોરીને હું પોતાને ડગ લગાડનાર નથી માટે જો તમારે મારો વિશ્વાસ હોય તો સોનું અહીંઆ લઈ આવો અને તમારાં એક બે માણસને મારી પાસે બેસાડો નહી તો આ પડયા તમારા રૂપીઆ પાછા લેઇ જાઓ.

ચની—(મોં ચડાવીને) અહો કાલે છોકરે કાંકાં કહ્યું ને બાપ ઉઠી નાગા થયા! જુઓ ભાઇનું કામ પડયું ત્યારે ભાંઇ છાપરે ચઢી બેઠા ગામમાં સોનીની ધાડ પડી સમજે છે કેમ અલ્યા મન માનતી મજુરી આપતાં જુઓ કેવા ગાંડ ગુમચ્યા કરો છો એકદમ ખરચતાંએ કામ કરનારા મળનારા નથી એમજ તારા મનમાં સમજતો

હશે કે કેમ ? તુજ દાગીના નહી ઘડી આપે તો મારો છોકરો કુંવારો રહેવા ધારે છે નહી ? એટલું કહી થેલી ઉપાડી ચાલવા માંડે છે.

સોનીના લોભે લક્ષણ ગયાં તેથી તેણે સાદ મારીને અધવચથી અટકાવીને કહ્યુ કે મે તમને શુ ખોટું કહ્યું કે મારા ઉપર આટલી રીસ કાઢી તમે મારા ગરીબનું કહ્યું માનો બહાર તમારૂં કામ થવાનું નથી અને તમે નકામા રખડિ પાછા આવશો ને તમારૂં કામ ચુકશો મારે ઉબરેથી કોઈ પાછુ ફર્યું નથી, ને તમે પાછા જાઓ એ મને દુરસ્ત લાગતું નથી તમારે ઘેર આવવાને મારે કાંઇ અડચણ નથી પણ ત્યાં આવવામાં મને પાલવતું નથી મારી દુકાને પચાસ કારીગર બેસે છે તેમને અકેય જે એક દાગીનો સોંપીશ તે દાગીનો.

સાંજવોરા તમારા ૫૦ દાગીના તૈયાર થશે (એ પ્રમાણે સમજાવ્યાથી ચની સોનું આણી આપવાને કબુલ થઇ.)

ચનીએ ઘેર આવી પટાવત ફકડખાંને સર્વે વૃતાંત કહી સંભજાવ્યું પછી તેને બાઇરીના લુગડાં પહેરાવી. સોનીની દુકાને સાથે તેડી ગઇ ત્યાં સોનારૂપાના લગડીઓ સોનીને જોખીને સોપી અને પોતે પાંસે બેઠી.

ત્યાં સોનીએ પુછ્યું આ બાઇ બહુ શરમાળ લાગે છે ને કોઇ બહાર ગામથી આવેલા દેખાય છે એ તમારા શું સગા થાય છે ? જુવોને કેવી લાજ કહાડીને ગુપચુપ બેઠાં છે કે જાણે એના મોંમાં દાંત નથી ?

ચની—જયપુરથી મારી માસીના દીકરાની વહુ આવી છે હું કહી કહીને થાકી પણ ઘરમાંએ એતો આમનું આમ કરે છે હમણાં થોડી થોડી લાજ મેલાવી છે. ખાવા બેસે ત્યારે તમે જોયું હોય તો ચોપટના જેટલું પણ શરમની મારી ખાતી નથી.

સોની—ત્યારે એમના મુલકમાં લાજ કહાડવાનો બહુજ ચાલ હશે.

ચની—ના પુછો વાત ? પગની પાની સરખી તો દેખાયજ કેવી કોઇ મરદ તો શું પણ ઘરમાં સાસુ વગેરે કોઇ મારા જેવાં ડોબાં હોય તો પણ ભાગ્યેજ વહુનાં મ્હોં જોવાં પામે.

સોની–અહા; એમ છે ? એતો આજેજ આપણે નવાઇની વાત સાંભળી અમને અહીંઆ ઉઘાડા બેઠા બેઠા આટલો પરસેવો છુટે છે તો એ તો બીચારી કયારની ગભરાઇ ગઈ હશે ને તાપથી મુંજાઇ મરતી હશે, માટે મેડી ઉપર વહુ એકલી બેઠી છે. તેની પાસે બેસાડી આવો ત્યાં સરબેસરખાં બેઠાં વાતો કરશે; હવે અમારે ભઠ્ઠી ચલાવવી છે, તેથી તમે વહેલાં પાછા આવો.

[ચની–મનમાં તો ગમતું પણ મહોડેથી માન કરે છે.] ના, ના, ભાઇ એ એવી તે સરમાળ છે કે કોઇ અજાણ્યા સાથે તો બોલેજ શાની ! એને તો અહિંજ ઠીક છે.

સોની—હજી તો ભઠી સળગાવી નથી છતાં આવા અકળાઇએ છીએ તો સળગાવ્યા પછી ઉભું રહેવું મુસ્કેલ પડશે માટે તમે એને ઉપર મેલી આવો.

ચની—સોનીનો બહુ આગ્રહ જોઇને પટાવત ફકડખાંને લેઇ મેડી ઉપર ગઇ અને સોનારણને સોંપી પાછી નીચે આવી. બપોરનો જમવાનો વખત થયો ત્યારે રતનશીએ ચનીને કહ્યું જે આજે તમે અમારે ઘેર જમજો ને સાંઝનાં આ દાગીના તૈયાર થાય તે લઇને ઘેર જજો એટલે તો કાંઈ ફીકર નથી તે વાત મહા મહેનત કરતાં તેણે કબુલ કરાવી પછી ચનીને ત્રણે જણાં જેટલું પીરસી ઉપર

મોકલી રાતના સર્વ દાગીના તઈયાર થયા, તે લેઇને ચની પટાવત ફકડખાં સાથે ઘેર ગઇ.

સર્વે ગયા પછી દુકાન વાસીને રતનશી સોની મેડી ઉપર સુવાને ચાલ્યો. તેનાં પગલાં સાંભળીને તેની વહુ કુલવંતીએ શરીર ધ્રુણાવવા માંડયું તે જોતાંજ સોની હબકી ગયો; અને ગભરાવવા લાગ્યો ત્યારે કેટલીક વારે લાગ જોઇને તે બોલી–હવે હું મેલનાર નથી એઉના ભોગ લઇશ પેલી રાંડ આવી હતી તેણે મને આઠ પહોરની રક્ષા (કાર) કીધી છે, તે વીતી કે જીવ લઇશ એમ બોલતામાં તે ધબ દઇને પડી અને મુડદા જેવી સ્તબ્ધ થઇ હાથ પસારી લાંબી થઇ પડી. તેણે આંખો મીચી દીધી, શ્વાસ બંધ કરી નાંખ્યો વળી વીખેરાઇ ગયા, તે મ્હોડેથી હેડકી ખાવા લાગી. તે જોઇ સોનીના હોશને કોશ ઉડી ગયા.

સોનીની પાસે એક સજીવન બુટી હતી. તે લાવીને ઝટ તેણે સ્ત્રીની આંખમાં આંજી, તો પણ કંઇ અસર નહિ થયેલી જોઇ નિરાશ થઇને અંતે ઓ મારી બાયડીરે એવી મોટી પોક મુકી રડવા બેઠો ત્યારે જાણે પાછો જીવ આવ્યો એવી રીતે પડખું બદલ્યું પછી ધીરેધીરે આંખો ઉઘાડી હાથ પગ હલાવ્યા ત્યારબાદ કેટલીક વારે ઝીણે સાદે પાણી માંગ્યું તે સાંભળી સોનીએ બહુ ખુશી થઇને ઝટ પાણી પાયું પછી બાઇડીને ત્યાંથી ઉપાડી તેણે બીછાનામાં સુવાડી ઘરમાંનાં ગરમાગરમ ઓસડ પાયાં; જ્યારે રાત વીતી ગઇ અને પરોઢનો વખત થયો તે વેળાએ તે બોલી કે વાંસો બહુ ફાટે છે; ને મને કંઇ ચેન પડતું નથી ત્યારે સોનીએ પુછ્યું તને શું થયું છે–અને આવી નિર્બળ કેમ દેખાય છે સોનારણ બોલી

ઇશ્વર જાણે આજે બપોરના અમે ત્રણ જણા . જમી ઉઠયા પછી વાતો કરવા સાથે બેઠાં હતાં તેવામાં એકાએક મારી છાતી ઉપર કોઈ આવીને બેઠું પણ તે વખતે પેલી ચનીબાઇ જો હાજર નહોત તો મને કયારનાએ તમે બાળી આવ્યા હોત ! તેણે તરતજ પાણી મંતરીને મને ચોકમાં લઇ નવાડી, એટલે હોંશીયાર થઇ તે કહેતી હતી એતો આડાનું છે તેના લગ્ન થયા પછી હું બંદોબસ્ત કરી આપીશ કદાચ વચમાં પાછું આવે તો મને ચેતવજે, માટે તમે હમણાંને હમણાં જઇ ચનીબાઇને તેડી લઇ આવો નહિતો કદાચ તે હવે પાછી મને જીવતી છોડનાર નથી તે મારો જીવ લઇને જસે! એમ કહી રડી અને તેના ધણીની કોટે બાઝી પડી.

પછી સોની તેની આસના વાસના કરી ને તેનો ડચુરો ઉતરી ગયા પછી ચનીને ઘેર જવા તઇયાર થયો પણ તેની સ્ત્રી ત્યાંથી તેને ખસવા દેતી નથી તમે જાઓ એટલામાં વળગણ આવે તો હું એકલી મરી જઇશ ! તેથી રાત તો જેમ તેમ ગઇ બે ઘડી દીવસ ચઢયો ત્યારે સોની ચનીને ઘેર ગયો અને ત્યાં એવો ઢોંગ મચાવ્યો છે કે આંગણે ઢોલ શરણાઈ વિગેરે ગડગડી રહ્યા છે બઇરાંઓ નવા નવા વસ્ત્ર ભુષણ સજીને પરશાળમાં બેઠાં બેઠાં ગાણાં ગાઇ રહ્યા છે. પાછળ ઓસરીમાં ઘીના દીવા બળી રહ્યાં છે ધુપ પણ સળગી રહ્યો છે એક માટલામાં પટાવત ફકડખાંને ઘાલી ઉપર ઢાંકણ દઇ તેને ગજીયાણીથી મઢી એક કોરે મુકેલું છે પાસે ચની બ્રાહ્મણો પાસે પુજા કરાવે છે ત્યાં સોની આવી બોલ્યો ચની ! ચની ? તમે જરા મારે ઘેર આવી જાઓ સોનારણ ફુલવંતી મરવા પડી છે તમારા આવ્યા વગર તે ઉઠે તેમ નથી તેથી ગમે તેમ કરીને જરા તમે આવી જાઓ તો ઠીક.

ચની—મેર મારા પીટયા! તું જોતો નથી હું પુંજા કરૂ છું તે હમણાં તે અવાય? આથી પોતાનો દોષ વિચારે નહિ, જા હું કાલ આવીશ મારે ઘેર બધા નાતીલા આવે છે, અને હું બહાર રઝળવા જાઉં એ કાંઇ સારૂ દેખાય? ગામમાંથી કોઈ ગુણીને લઇ જા–તારી વહુને આડાનું છે તે ઘણું કપરૂ છે ઝટ કાંઇ આખડી લે કે બચશે.

સોનીએ તેને બહુ કાલાવાલા કર્યા અને ત્યાં બેઠેલા લોકો પણ તેની વતીથી બોલ્યા ત્યારે ચનીએ કહ્યું કે તારી સાથે આવું તો ખરી પણ આ કુળદેવીને મારાથી એક ક્ષણવાર પણ વિહલી મેલાય નહિ તે તું માથે ઉપાડીને તારે ઘેર લેઇ ચાલ, ને હું પાછી આવું ત્યારે પાછું લાવે તો મારાથી અવાય.

સોની—એમ છે તો એક ઘટ શું પણ કહે તો બે ઘટ ઉપાડીને આવું ને જાઉં પણ ફોઇમા! તું જરા રહેમ નજર કરીને મારી સોનારણની સંભાળ કર નહિ તો તે ઘડીમાં મરી જશે. ને મારૂં ઘર ભાંગી જશે–મારા બાપ!

ચની—ફકત તારીજ ખાતરને માટે મારી કુળદેવીને તારે ઘેર પધરાવું છું; પણ દેવીને સંભાળજે કે વચમાં વચકી પડે નહિ મારે લગન ફેરવવાં પડશે, એમ કહી સોનીને માથે ઘટ ચડાવ્યો. અને પોતે હાથમાં દીવો તથા ધુપદાની લીધી. પછી બૈરાંઓએ ગીત ગાતાં ગાતાં સાથે લઇને ચની વાજતે ગાજતે સોનીને ઘેર ચાલી ત્યાં મેડી ઉપર એક ઓરડામાં દેવીની સ્થાપના કરી, પુજા પત્રી ચડાવી સોનારણ તો બેશુદ્ધિમાં પડેલી તેમની નજરે પડી જ્યારે સોની બહુ કરગરીને વિનતી કરવા લાગ્યો ત્યારે તેને ત્યાં

ઉભો રાખીને ચની માતાના ઓરડામાંથી કાંઇ લેઇ આવી ત્યાં બેસી પાણીની એક કુંડાળી કરીને સોનીને માંય બેસાડી કહ્યું કે તું બિહતો નહિ અને ગમે તે થાય તોપણ તું આની માંહેથી ખસતો નહિ પછી તેણીએ પાણીનો આર કરીને ધુપણું દીધું, ને બે દાણા અડદના નાખ્યા તેજ વેળાએ બાયડી ઉઠીને બેઠી થઇ. કૃતાંત [કાળ] સરખી આંખો ફાડીને તે બોલી—હવે તું મારે હાથે ચડી છે; તો જોજે મારો સપાટો! આમાંથી કોઇને મેલનાર નથી સર્વને ખાઇશ આટલું બોલીને તેના ધણીની તરફ દોડી; તે જોઇ સોની બહુ થર-થરવા લાગ્યો.

સોનારણ—(ચની તરફ કરી) ડાકણ! પાછી તું આવી છે પણ સંભારજે હવે તને અહીંથી જવા દેનાર નથી એવામાં ચનીએ પાણીની અંજળી છાંટવાથી તે એકદમ બેસી ગઇ અને ધુણવા લાગી ત્યારે ચની હોઠ ફફડાવી (મંત્ર ભણવાનો ઢોંગ કરી) એક બે ત્રણ ચાર એ પ્રમાણે ઉપરા ઉપર પાણીની અંજળીઓ છાંટવા માંડી

સોનારણ (ઘુમરાન કરીને) બળી બળીરે હવે જાઉં છું પછી કોઇ દિવસ નહિ આવું; મારો કેડો છોડ.

ચની જાય છે કયાં? રાંડ તું કોણ છે, અને અહીં કેમ આવી છે? અને આ બિચારી ગરીબડી સોનારણને સંતાપે છે એણે તારૂં શું બગાડયું છે? તે ઝટ દઇને કહી દે.

સોનારણ—હું રતનશી સોનીની સાસુ થાઉં છું. મારી દીકરી સાથે એણે લગ્ન કરી તેને બહુ દુઃખ દેઇ ખોટાં ખોટાં આળ ચડાવી કહાડી મેલી હતી, જેથી તેણે દુઃખમાં ને દુઃખમાં પોતાની દેહ પાડી છે માટે હવે તેનું હું વેર લેવાને આવી છું, તે એની બૈરીનો જીવ લેઇશ ત્યારે જઇશ તે સાંભળી સોની તો દિંગમુંઢ સરખો ઉભો રહ્યો

ચની—સોનીને તો વહુઓ—બહુઓ થઇ છે. તેમાંણી તું કઇ વારની, ને કોનિ મા થાયે છે?

ચનિ—ચોથી વારનિ ઝવેરી મારી દીકરી થાય ને મારૂં નામ વાલુ છે. તેને એ પિટયાએં બહુ સંતાપી છે. [પછીથી ચનિએ પાછો તેના ઉપર અંજળીનો વરસાદ વર્ષાવ્યો]

સોનારણુ—શું કરૂં? હમણાં પ્રથમ તારોજ કોળીયો કરી નાખું પણ તારે માથે સમર્થ દેવી ગર્જે છે તેથી મારો ઉપાય નથી પણ માટલું ૭—૮ દિવસ સુધી એને ઘેર પાછું જશે કે હું આવીને પાછી વળગીશ એટલુ બોલતાં બોલતાં તે મોટા ધબાકાના સાથે જમીન ઉપર પડી ગઇ.

ચની—સબુર! સબુર તે તો ગઇ. પછી કેટલીએક વારે સોનારણ સાવધ થઈ કે તેને નવડાવીને ધોવડાવીને દેવિના ઓરડામાં લેઇને પુજા કરાવી અને તેને હાથે નાડું બાંધ્યું.

રતનશી—ચનિ ફૂઇ! તમારૂં માટલું આઠ દિવસ મારે ઘેર રાખી જાઓ.

ચની—મુર્ખાં મારી ગોત્ર દેવી, ને મારે ઘેર લગ્ન માટે હવે ઝટ ઉઠાવ ને ચાલ મારે ઘેર ત્યારે તો બહુ તાણમતાણ થઇ; પછીથી તે સોનિને કહેવા લાગી કે સાંભળ? તે સાચવવું બહુજ કઠણુ કામ છે. એક મહિના સુધી નજરે તો શું પણ સ્ત્રીને પુરૂષનો ઓળો ના પાડવો જોઇએ કેમ તારાથી બનશે? નહિ તો કામ વિફરી જશે.

સોની—સ્ત્રી જહાનથી જાય તેના કરતાં એક માસનો વિયોગ તો કાલ વહી જશે. એવું ધારીને ચનિનું કહેવું સર્વેએ માન્યું; પછી સોનારણુને પુછ્યું, ત્યારે તેણે પ્રથમ તો આનાકાનિ કીધી, પણ તેના ધણીના આગ્રહથી તે પણ કબુલ થઇ.

પછી ચનીએ સોનીને કહ્યું એક માસ સુધી દેવીને નૈવેદ અને તારી બૈરીને ખાવા સારૂ જે કાંઇ જોઇએ તે સઘળું સિકીએ કરીને ઉપર પહોંચાડવું. આ દેવનો પરતો પ્રત્યક્ષ છે; માટે કાંઈ વચકો પડે નહિ તે સાચવવું મુશ્કેલ છે. સુલટું કરતાં ઉલટું નહિ થાય માટે સાવધ રહેજે; પછી તેણે સામગ્રીની ટીપ ઉતરાવીને કહ્યું કે એ પ્રમાણે નિત્ય આઠ વાગતાની અંદર સાવ સાંજરે સિકે મેલી તારી મેળે ચાલ્યા જવું હો !

તે દિવસે ખાનપાનની સામગ્રી તરત મંગાવીને સોનીને ત્યાંથી રૂખસદ કર્યો પછી સોનારણ કુલવંતી સાથે પેલા પટાવત ફકડખાંને મેળવી હવે બેઉ જણ નિશ્ચિંતપણે એશઆરામ કરવાનું કહીને સોલમા માળની દરવાજા દાદર બારી વગેરે બંધ કરી પોતાના હાથેજ કુંચી મારતી મારતી ચની નીચે આવી ! ત્યાં દુકાનમાં સોની બેઠો હતો તેને કહ્યું કે હવે તારે કોઇ વાતની ચીંતા રાખવી નહિ આ બધી ખટપટ તારીજ ખાતર કરી છે. પણ દેવી સૌ સારા વાના કરશે એટલુંજ કહીને ચાલતી થઇ.

સોની દરરોજ વેઢા ગણ્યા કરતો હતો. તે માસ પુરો થયો એ સવારના પહોરમાંજ ઉઠીને ચનીને ઘેર ગયો.

ચની—હજી આજેજ મહીનો પુરો થાય છે એટલામાં તું કેમ આવ્યો ? પણ ઠીક થયું દેવીએજ તને મોકલ્યો, તે ફેરો ટાળ્યો, કાલે દેવીનાં વધામણાં કરવાં પડશે. ત્યાં પાંચશે ગોરણી કોરા વાસણુઓ અને બસેં બુટુક (કુંવારાં છોકરાં) જમાડજે તેમને એક લુગડું અને દક્ષણા તારી સંપત પ્રમાણે આપજે. રાતના હું આવીને દેવીને વીદાય કરાવી પધરાવી લાવીશ

બીજે દિવસે સાંજરે ચની સોનીને ઘેર આવી સોનારણ ફુલવંતીની પાસે ગઇ ત્યાં પટાવત ફકડખાંને અગાઉના માટલામાં બેસાડી તેનું મ્હોં બંધ કરીને તેના ઉપર ફુલના હાર કંકુ આદિથી છાંટીને સોનીને બોલ્યો—ઉપાડ મારી દેવીને લઇ ચાલ મારે ઘેર ?

સોનીને માથે માટલું ચડાવીને દુતી તેને ઘેર ચાલી રાત ઘણી અંધારી તેથી માર્ગમાં કોઇ સામું આવતું દેખાતું નથી, તેઓ એક સાંકડી ગલીમાં થઇને ચાલ્યા જાય છે, તેવામાં એક સાંઢડો સામે આવ્યો. તેનો સોનીને ધક્કો લાગવાથી માથા ઉપરનો ઘટ સાંઢડા ઉપર જઇ પડયો તેથી ગભરાઇને જાર જેવો દોડવા જાય છે, એટલામાં પાછળથી આંહાં હાં હાં કહેતાને તે પાછો ફર્યો. માટલું જમીનપર પડતાં ફુટી ગયું ત્યારે ન્હાસી જતા બિચારો સોની પટાવત અને દુતી એ બેની ગોટમાં ફસાઇ જઇ પગ નીચે છુંદાઇ ગયો પટાવત ફકડખાં ઝટ સાવધ થતો સોનીની છાતી ઉપર ચડી બેઠો ને બોલ્યો કમબખ્ત સસુર ! દેખતા નહિ ? કયા મેરી છાતીપે ગિરાયા અબ તેરા જાન લુંગા ?—એટલું કહી તેની છાતીપર ચીપીયા [ચુંટી] દેવા માંડયા !

સોની તેથી ત્રાસ પામીને કરગરી કાલાવાલા કરે છે. એટલામાં પેલી દુતી સોનીને ભાંડતી અને ગાળો દેતી આવી—હાય ! મારા ગોત્ર દેવીનું માટલું ફોડયું ને માંહ્યથી ભેરવી નીકળ્યો !!

સોની—દુતીને જોઇને—ચની ફઇ ? આ મારી છાતી ઉપર કોઈ બેઠું છે તેને તું ઉઠાડી દે. નહીં તો મુકરર મારો જીવ જશે જો તું મારો જીવ ઉગારીશ તો હું તારો ઉપકારી થઇશ તેમ તેમ પેલો તેને વધારે ચીપીયા દેવા (ચુંટિયો ખણવા) લાગ્યો તેથી સોનીએ

કોલાહલ કરી મુકયો એટલે લોક જમા થવા માંડયું ત્યારે દુતી તેને ગાળો દેતી બંધ કરી પેલાને ઉઠી જવા અણસારો કર્યો કે તે ત્યાંથી પલાયન કરી જતો રહ્યો જ્યારે છાતી ઉપરથી ભાર ઓછો થયો ત્યારે તે ધીમેધીમે સ્વાસ લેવા લાગ્યો પછી દુતીનો હાથ ઝાલીને ઉઠી ઉભો થઇ પોતાને ઘેર ગયો ! ! !

વારતા ૪ થી.

નનુભટ તથા તેની સ્ત્રી ગુણસુંદરી.

કંતલપુર નગરમાં એક પ્રેમભટ કરીને બ્રાહ્મણ રહેતો હતો તે ઘણોજ પવિત્ર હતો તે રોજ પાઠ, પુજા, સંધ્યા, તર્પણ એ સિવાય બીજામા ધ્યાન આપતો નહિ, પોતે ભિક્ષા માગી લાવી ગુજરાન ચલાવતો અને સંતોષ માનતો તેની સ્ત્રી કેસર પણ તેવીજ પવિત્ર હતી. તેને એક નનુભટ નામનો પુત્ર હતો, નનુભટ જ્યારે બાર વરસનો થયો ત્યારે પ્રેમભટ કે જે તેનો પીતા કાંઇ રોગમાં આજારીથી મરણ પામ્યો, તેથી ઘરનું ખર્ચ તેને માથે આવી પડયું; તે બીલકુલ ભણ્યો નહોતો, તેથી તેણે નિર્વાહ કરવાના ઉપાય શોધવા માંડયા પછી તેના પડોશીઓએ વારેવારે ટોકીને તેને ભણવાની સમજુતી આપી; તેનું લગ્ન તેના પિતાએ જન્મથીજ કરી રાખ્યું હતું છોકરાએ પરદેશ ભણવા જવાનો નિશ્ચય કર્યો અને સગાં વિગેરેની રજા લઇ વિદેશનો રસ્તો પકડયો, કેટલેક દીવસે તે ઉમયાપુર નામના શહેરમાં આવી ચઢયો, ત્યાં એક પંડિત સોમેશ્વર નિશાળ ભણાવતો હતો તેની પાસે આવી પુછ્યું જે હું બ્રાહ્મણનો દીકરો છું આપ મને ભણાવશો ? પંડિતજીએ તેનું નામ ઠામ, જાત વગેરે પુછ્યા તો દૈવયોગે તે તેનો જમાઇ નિકળ્યો, તેઓ એકએકને

ઓળખતા નથી તેનું કારણ તેમનો ઘણા વર્ષ પર સંબંધ થયેલો હતો પંડિતે જાણ્યું કે જો હું જાહેર પડીશ તો તે મારે ઘેર ભણશે નહિ; માટે એને અજાણમાં રાખવો તેથી તેણે પોતાના ઘરમાં કોઇને પણ વાત કહી નહિ પણ તે ઓળખાય નહિ તેની જુક્તી કરી, પંડિતે કહ્યું કે તારૂં, તારા ગામનું અને તારા બાપનું નામ ફેરવી આ ગામમાં રહે તો હું તને ભણાવું તે ગરજુ વિદ્યાર્થીએ કબુલ કર્યું. પછી પોતે વિદ્યા ભણાવવા માંડી. પંડિત સોમેશ્વરની પુત્રી જે ગુણસુંદરી હતી તે પણ ભણતી હતી. બન્ને જણા થોડી મુદતમાં ભણીને તઇયાર થયા. નાનુભટ જે પ્રથમ મુર્ખ હતા અને કાના માત્રનું ઠીકરૂં નહોતો જાણતો તે આ વખતે મોટા પંડિતોની સાથે વાદવિવાદ કરે એવો પરાક્રમી થયો અને શાસ્ત્રમાં અન્વય કરવા લાગ્યો.

ગુરૂ, રાજા કીર્તિસિંહ પાસે રોજ કથા વાંચવા જતો હતો. એક વખત તે ગામડે જવા તૈયાર થયો, ત્યારે તેણે વિચાર્યું કે રાજા કીર્તિસિંહને ત્યાં હું કથા વાંચવા કોને મોકલીશ ? પછી તેને યાદ આવ્યું કે હવે મારો જમાઇ નનુભટ શક્તિવાન થયો છે તેને મોકલીશ. પછી તેને રાજ્યસભામાં કથા વાંચવાનું ભણાવી પોતે પર-દેશ ગયો, નનુભટ બીજે દિવસે કથા વાંચવા ગયો. વની સ્ત્રી–પંડિત સોમેશ્વરની દીકરી ગુણસુંદરી પણ કથા સાંભળવા દરબારમાં ગઇ, નનુભટ કથા વાંચતો હતો તે વખતે તેની વિદ્વતા જોઇ પંડિતજીની પુત્રીનું ધ્યાન તેના ઉપર ઠરી રહ્યું, તેથી તે બંનેની યુવાવસ્થા જોઇ રાજા કીર્તિસિંહને શક આવ્યો તે આ બંનેને કાંઇ લાગવગ છે પણ ખરૂ જોતાં તેઓનાં મન સ્વચ્છ ગંગાજળ જેવા નિર્મળ હતાં, કુકર્મનો તેનાં મનમાં ભાસ પણ નહોતો, રાજા કીર્તિસિંહને

જ્યારે એમ લાગ્યું ત્યારે તેમણે પંડીત સોમેશ્વરની પુત્રી ગુણસુંદરીને બોલાવવાનો ઇરાદો કર્યો. તે જેવી ભણેલી હતી તેવી ખુબસુરત પણ હતી, તે દિવસે નનુભટ કથા વાંચીને ગયો, ત્યારે પેલી છોકરી ગુણસુંદરી પણ તેની સાથે ઘેર ગઈ. બીજે દીવસે નનુભટે પાછા આવીને કથા શરૂ કરી તે વખતે પણ તેની મૃદુ વાણી સાંભળવાને છોકરી હાજરજ હતી. રાજા કીર્તિસિંહનું ધ્યાન કથા ઉપર બિલકુલ નહિ હતું, પણ કર્મ–કથા ઉપર લાગેલું હતું. જ્યાં કથા વંચાઇ રહ્યા બાદ પંડિત પુત્રી ગુણસુંદરી મહારાજની વાંસેજ જવા લાગી, ત્યારે રાજા કીર્તિસિંહને કામદેવ સંતાપ્યો તેને પોતાની ખાનગી દાસીને ચેતાવી કે તેને રાત્રે અહીં આવવાની સુચના કરે , દાસીએ પંડિત શોમેશ્વરની પુત્રી ગુણસુંદરીને જણાવ્યું ત્યારે તેના મનમાં તરેહ તરેહના તર્ક ઉત્પન્ન થયા. અને ઘણો શોક કરવા લાગી તેણે ધાર્યું જે રાજા કીર્તિસિંહની દાનત બગડી જણાય છે. તેમ જો હું જઈશ તો ગુસ્સે થશે. અને રાજા છે તે ચાહે તેમ કરશે શું કરવું તે તેને સુઝે નહિ ત્યારે તે પોતાની એક ચતુર પ્રિયકર સખી ચંચળમતિ હતી તેને ઘેર ગઈ અને તેને અથથી તે ઇતિ સુધી માંડીને સઘળી વાતથી વાકેફ કરી. સખી ચંચળમતીએ તેને હિમ્મત આપી અને બોલી બહેન ! જરા પણ હરબડીશ નહીં. તે પીટયો શું કરનાર છે? હું તને એક નિશાનીવાળી દવા આપું છું, તે તું પાનમાં ઘાલી ખવરાવજે કે, તે પછી લટુજ બની જશે અને તેને કોઈ પણ વાતનું ભાન રહેશે નહિ, તે સાંભળી પંડિત પુત્રી ગુણસુંદરીને પ્રસન્ન થઇ અને સખી ચંચળમતીએ દવા આપી તે લઇ ઘર આગળ આવી. તે દિવસે સાંજરે પંડિતજી સોમેશ્વર પણ ઘર આગળ આવ્યા. જમ્યાબાદ સંધ્યાકાળે છોકરીએ વિચાર્યું જે મારા બાપને કહું એમાં

પણ માલ નથી હું રાજા કીર્તિસિંહને ત્યાં જાઉં. ત્યાં નિર્દોષ થઇ પાછી આવું તેનો સાક્ષી કોણ? માટે કોઇને સાક્ષી તરીકે સાથે લઇ જાઉં તો ઠીક એવો વિચાર કરી પોતાના પિતા સોમેશ્વરને કહેવા લાગી. પિતાજી મારે અત્યારે મહાલક્ષ્મીની પુજા કરવા જવું છે. માટે કોઇ વિદ્યાર્થીને મારી સાથે મોકલો તેનો બાપ ઘણો સમજુ ને અક્કલવંત હતો, તેણે વિચાર્યું જે છોકરી ઉમ્મર લાયક થઇ છે માટે તેની જોડે કોઇ વિદ્યાર્થી મોકલું તે ઠીક નહિ પણ આપણા જમાઇ નનુભટને મોકલું, એટલે કાંઇ દોષ નહિ એવા વિચારથી તેણે નનુભટને તેની સાથે જવા હુકમ કર્યો. નનુભટ તેની સાથે ગયો. પણ જે રસ્તે મંદિર હતું તે રસ્તો મુકી તે બીજે રસ્તે ચાલી નનુભટના મનમાં અનેક તરંગ આવવા લાગ્યા, કે મંદિર તો પેલી તરફ રહ્યું તે આ આમ ક્યાં જાય છે? પણ કદાચ બીજે કામ હશે ત્યાં થઇને જવાની હશે એમ વિચાર કરે છે એટલામાં છોડીએ રાજમહેલનો રસ્તો બતાવ્યો. ત્યારે તો તેને ખબર પડી કે સ્ત્રી ચરિત્ર કેવા છે? મહાલક્ષ્મીનું નામ દઇ રાજ્ય મહેલમાં જાય છે પણ ખેર, આપણા ગુરૂની પુત્રી છે, તેથી બોલવું નહિ જે થાય તે જોયા કરવું છોકરી તેને ઉપર લઇ અને નીસરણી આગળ ઉભી રહી કહ્યું-જે તું અહીં ઉભો રહેજે, અને ઉપર શું શું થાય છે તે જોતો રહેજે. બ્રાહ્મણપુત્રી ઉપર ગઇ, ત્યાં રાજા કીર્તિસિંહ તેની વાટજ જોતો હતો તે ઉભો થયો અને સન્મુખ આવ્યો છોકરીએ મિથ્યા હાવભાવ કરીને પેલું નીશાનવાળું પાનનું બીડું તેને આપ્યું તે રાજા કીર્તીસિંહ ઘણા હર્ષથી ખાઇ ગયો! અને તેનો આતુરતાથી હાથ ઝાલવા આવ્યો બાઇએ છણકાથી કહ્યું મહારાજ? આકળા શું થાઓ છો? ધીમા પડો, આખી રાત તમારી છે, એમ

કરતાં કીર્તિસિંહને નિશો ચઢયો ને ધબદાઇ પલંગમાં પડયો તેવીજ પંડિતની પુત્રી ગુણસુંદરી દાદર ઉપર આવીને જુએ છે તો નિસરણીમાં વિદ્યાર્થી ઉંઘી ગયો છે ? ગુણસુંદરીએ રાજા કીર્તિસિંહને બીડું આપ્યું તે જોયું; પણ તે પછી નનુભટને ઝોકું આવ્યું ને ઉંઘી ગયો, પેલી ગુણસુંદરીએ આવી હાક પાડી કે મહારાજ ઉંઘો છો કે શું ? તેવોજ તે ઝબકીને જાગી ઉઠયો અને આસપાસ જોવા લાગ્યો નિદ્રાગત થયા પછી સાવચેત થઇને તે કુંવરીની સાથે ઘેર આવ્યો તેણે રસ્તામાં આવતાં વિચાર કર્યો કે આ રાંડ રાજા કીર્તિસિંહની સાથે બગડેલી છે, પણ આપણા ગુરૂની પુત્રી છે, માટે તે વાત જાહેર પાડવી નહિ તો પણ બાપ પુત્રીનુંજ તાણશે ને હું ફજેત થઇશ એમ જાણી અણસમજતા પુરૂષ માફક તે મુંગો રહ્યો.

કેટલાએક દીવસ વિત્યા પછી પંડિતે વિચાર્યું કે હવે આપણો જમાઇ નનુભટ ભણીગણીને હુશીયાર થયો છે, માટે તેને વિદાય કરવો, પછી તેણે તેને બોલાવ્યો અને કહ્યું મહારાજ! હવે તમે હોશીયાર થયા, માટે તમારે ઘેર જઇ સગાંવહાલાંના ભેગા થાઓ (હજુ સુધી તેને પોતાનું સગપણ બતાવ્યું નહી) જમાઇ ગુરૂ રામેશ્વરને વંદન કરી તેમની આજ્ઞા લઇ પોતાના ગામમાં ગયો. તે ઘણે વરસે આવ્યો તેથી તેનાં સગાંવહાલાં આડોશી પાડોશી વિગેરે મળવા આવ્યા અને ગામમાં વાત ચાલી કે ભાઇ નનુભટનો છોકરો ભણીગણી હોંશીયાર થઇને આવેલ છે. પછી તેના પાડોશીઓ વિગેરે કહેવા લાગ્યા જે હવે તો તમારી સ્ત્રીને તેડવા જાઓ. નનુભટ કહે આવ્યા તો હમણા ને વળી સ્ત્રી શી ? પછી બે ચાર મહીના કેડે મહારાજ પોતાના એક બે સગાં સાથે લઇને સાસરે પોતાની વહુને આણું વાળવાને ગયા અને જે ગામમાં પોતે ભણવા ગયો હતો ત્યાંજ આવ્યાં ત્યારે

તેને વીચાર થયો કે અલ્યા ! આ ગામમાં જ્યારે આપણું સાસરૂં છે ત્યારે આટલા દીવસ આથડયા પણ ફર્યાંજ નહી. જ્યારે ગાડી પંડીત "સોમેશ્વર"ના ફળીઆમાં આવી, ત્યારે તેને વીચાર થયો કે પંડીત સોમેશ્વરને ઘેર તો મારૂં સાસરૂં નહી હોય ? કેમકે આ શેરીમાં કોઇ બીજી જાતનું રહેતું નથી એટલામાં પંડીત સોમેશ્વરને ખબર થઇ, ને તેઓ બધાં સામાં લેવા આવ્યાં ત્યારે નનુભટને ખાતરી થઇ કે, એજ મારૂ સાસરૂ છે પણ તેના મનમાં હર્ષને બદલે દીલગીરી પેદા થઇ, કેમકે આ વખતે તેને પેલી રાજા કીર્તીસિંહની વાતનું સ્મરણ આવ્યું અને જાણ્યું કે એ રંડા તો મહ લુચ્ચી છે તે રંડીબાજી પાછળ ભટકીયા મારશે તે ખુણા શોધતી ફરશે એટલામાં બન્નેની અરસપરસ આંખ એકઠી થઇ તે જોઈ છોકરી નખે ભોંય ખોતરવા લાગી તે વીચારે છે કે હાય! હાય! હું એનેજ સાથેજ લઈને રાજા કીર્તીસિંહને ઘેર ગઈ હતી તે તે કેમ ભુલ્યા હશે! ઇશ્વરે તો ત્યાં મારો ધર્મ રાખ્યો પણ કદાચ મારા ઉપર વાદળું આવી પડયું હોત તો મારી શી વલે થાત ? એમ બન્નેના મનમાં ઉલટ સુલટ વીચારો થવા લાગ્યા પંડીતે જમાઇ નનુભટનો ઘણો સત્કાર કર્યો અને બે ચાર દીવસ રાખીને પોતાની દીકરી ગુણસુંદરીને આણું વાળી વળાવી પોતાની સ્ત્રી ગુણસુંદરીને વ્યભીચારના દેખાવનું ઝેર આ મહારાજાની આંખમાં હતું તે તે સ્ત્રીને કદી લઇ જાત નહી પણ પોતાને સસરો સોમેશ્વર ગુરૂ છે એ ગુણ તેને યાદ આવ્યો અને તેજ શરમે તે લાચારીએ તે પોતાની સ્ત્રી ગુણસુંદરીને સાથે લઇ ગયો સ્ત્રી પોતાને સાસરે આવી હંમેશાં પતિની આજ્ઞામાં રહી અને સવાર પડે પુજા ઇત્યાદી જે પોતાનું નીત્ય નીયમ હોય તે કરતી તે જોઈ નનુભટનું ચીત હમેશાં ચીડાઇ જતું કેમકે રાજા

કીર્તીસીંહની વાતથી તેના ઉપરથી તેનો ભરોંસો ઉઠી ગયો હતો તેણે તેના આવાં ઢોંગ જોઈ મર્મમાં તેનું નામ શુદ્ધસુંદરી પાડ્યું. જ્યારે જ્યારે બોલાવવી પડે, ત્યારે તેજ નામ વાપરવા લાગ્યો ! સ્ત્રી ઘણી ચતુર હતી તેને આ મર્મકીત સમજતાં વાર લાગી નહી, તેણે તરતજ ધાર્યું કે પેલી વાતથી મારા ધણીના મનમાં વહેમ પેસી ગયો છે. માટે કોઈપણ પ્રકારે મુકત કરવો જોઇએ, એ જાણે છે કે રાજા કીર્તીસિંહ જાર કરનારીને બોલાવે છે તેમ મને પણ બોલાવી હશે, ને હું પરગમનના કોડથી ગઇ હઇશ એને સમજાવતાં એ સમજશે નહિ માટે કોઇ યુક્તિ પ્રયુક્તિથી હવે એનો ગર્વ ઉતારી ને સમજાવો જોઇએ.

ગુણસુંદરીએ બે ચાર દિવસ વિત્યાકેડે ચરિત્ર કરી પોતાના સ્વામી નનુભટને કહ્યું જે મારા પીયરથી સંદેશો આવ્યો છે, અને મારા પિતાએ મને તેડાવી છે, માટે આપની રજા હોય તો જાઉં બ્રાહ્મણ તો તેને જોઇનેજ કાયર હતો અને જોઇતું હતું પણ એટલુંજ તે બોલ્યો છે શુદ્ધાસુંદરી સુખેથી જાઓ. મને કશી હરકત નથી. તમારા ધ્યાનમાં આવે તેમ કરો એમ કહ્યું કે સ્ત્રીએ ઉઠીને પોતાના બે લુગડાં જે લેવાં હતાં તે લીધાં અને દરવાજા બહાર નીકળી બીજે દરવાજે થઇ પાછી શહેરમાં આવી કોઇ વાણીયાને ઘેર જઇ પોતાના કડલાં ઘરેણે મુકી ત્યાંથી રૂપીયા પચાસ ઉપાડયા તેણે એક ઘર ભાડે લીધું અને પોતાની હજુરમાં બે દાસીઓ રાખી, અને કોઈ બ્રાહ્મણને ઘેરથી શ્રીમદભાગવતનું પુસ્તક લેઈ આવી, પોતે સફેદ વસ્ત્ર પહેરી ભસ્મ અને રૂદ્રાક્ષ ધારણ કરી, કોઈ અબધુત યોગણી બની કેશપાશ છુટા મેલી રાત્રીના સમયે ઓટલા ઉપર કથા વાંચવા લાગી જેમ જેમ લોકોને ખબર પડતી ગઇ તેમ તેમ હજારો માણસ આવવા

લાગ્યું, આખા શહેરમાં વાત ચાલી કે કોઇ અબધુત ગુણી જોગણી આવી છે, ને રાત્રે કથા કરે છે અને દિવસના ઘર બંધ કરીને પડી રહે છે તેની કથા કરવાની છટા એવી તો છે કે તે સાંભળતાં વઇરાગ્ય ઉત્પન્‍ન થયા સિવાય રહે નહી એવી વાતો સાંભળી દિવસે દિવસે લોકોનો વધારો થવા લાગ્યો તે વાત તેના પતિએ પણ સાંભળી અને પોતે કથા સાંભળવાને મસે ત્યાં આવ્યો અને વેગળો જઇ સાંભળવા બેઠો. જોગણી ગુણસુંદરીએ દીઠો જે મારો સ્વામી આવ્યો તો ખરો, ત્યારે તો વિદ્વતાની વધારે ચપળતા ચલાવવા લાગી અને પુસ્તકમાંથી બીજે કયાંય નજર બહાર કાઢીજ નહીં નનુભટ વિદ્વાન હતો, તેણે જાણ્યું કે આ કોઇ પુર્ણ વિદ્વાન છે તે ધીરે ધીરે ખસતો ખસતો જોગણી ગુણસુંદરીની પાસે આવ્યો અને હાથ જોડી બોલ્યો, જે હું પણ આપણી કૃપાથી થોડોક વિદ્વાન છું માટે જો વાદ કરવાને આપની એકાંતમાં આવવા દેશો તો ઉપકાર થશે, જોગણી ગુણસુંદરી બોલી હું પરપુરૂષનો સંગ કરતી નથી તેમ તેની સાથે એકાંતમાં વાત પણ કરતી નથી—નનુભટે કરગરીને કહ્યું કે આપ મારી થોડી વિદ્વતા જુઓ જોગણીએ કહ્યું ઠીક કાલે આવજો. કથા થઇ રહ્યા પછી સાકરનો પ્રસાદ વહેંચ્યો અને લાગલીજ ઘરમાં જઇ કમાડ વાસી દીધાં, પંડીતને તેની ચિકિત્સા જોઇ ખ્યાલ કર્યો કે નક્કી આ કોઇ મહાપ્રતાપી જોગણી છે, બીજે દીવસે પોતે બની ઠની પંડીત જોગણી ગુણસુંદરીના ઉતારા પર ગયો, કમાડ ઠોકયા એટલે દાસીએ ઉઘાડીને અંદર લીધો; પછી વંદન કરીને પોતે બેઠો, જોગણી ગુણસુંદરી વાતચીત કર્યા પછી બોલી—મહારાજ મારે અહીંયાં રોજ એક બ્રાહ્મણ જમાડવાનો નિત્ય નિયમ છે માટે આપ પ્રસાદ લેશો કે ? બ્રાહ્મણ બોલ્યો—પ્રસાદ શું છે તે

નહીં લઇએ ! અમારો તો ધર્મજ છે, ને તે આપ જાણો છો, તે સાંભળી જોગણી ગુણસુંદરીએ એક વાસણમાં ચોખા ઘાલી તેને આપ્યા. તેણે કહ્યું કે આ ચોખા છે તે તમે રાંધો એટલે હું તમને દુધ ને સાકર આપું છું તે જમજો બ્રાહ્મણ કહે ઠીક. પછી પોતે ચોખા લઇને રાંધ્યા એટલે જોગણી ગુણસુંદરીએ દુધ ને સાકરની તાંસળીઓ આપી. દાસીએ માંજીને પાણીનો કળસ ભરી આપ્યો મહારાજ ઉભા રહો પ્રથમ મારા હાથના બે કોળીઆ જમો, પછી તમારે જમવું હોય તો જમજો, મહારાજ ચમકીને બોલ્યા કે એમ શું ગાંડું ગાંડું બોલો છો ? તમારા હાથનું તે જમાય ? તમે જોગી ને અમે બ્રાહ્મણ માટે એમ તે બને ? જોગણી હાવભાવ કરી બોલી ત્યારે તો તમે વિદ્વા-નાજ નથી અને મેં તમારી પરીક્ષા જોઇ વેદમાં શું કહ્યું છે તેનો વિચાર કરો, એમાં તો સર્વ જગત સરખું ગણ્યું છે મુર્ખ હોય તે ભિન્ના ભિન્નનો વિચાર રાખે છે. માટે તમે વિદ્વાન છતાં ડરો છો શું ! બ્રાહ્મણ તેના આંખના અણસારાથી અને હાવભાવના અમૃત મય વેણથી લોભાઇ ગયો અને તેના ઉપર આશક પડયો. તેણે બીજા કાર્યની આશાએ તેના હાથનું પણ જમવાનું કબુલ કર્યું. અને પોતાનું મોં ફાડયું તેણે વિચાર કર્યો કે અહીં કોણ જોવા આવે છે ? કામની લાલચે બ્રાહ્મણને ભ્રષ્ટ કર્યો. પોતે આડું અવળું જોઇને જોગણી ગુણસુંદરીએ બે ચાર કોળીઆ ખવરાવ્યા તે ખાઇ લીધા અને પછી બાકીનો ભાત હાથે જમ્યો. જોગણી ગુણસુંદરીએ દાસીને સાન કરી નાંખી કે બ્રાહ્મણ જમી રહે એટલે દક્ષણા આપીને એકદમ કાઢી મેલજે. નનુભટ જમી રહ્યા અને લુગડા પહેરી બેસવાનું કરે છે એટલામાં દાસી આવી. તેણે તેના જમણા હાથમાં રૂપીઓ ૧ તથા પાન સોપારી આપીને કહ્યું કે મહારાજ હવે આપને રજા છે. મહારાજે

જાણ્યું કે જે બે ઘડી જોગણી સાથે મોજ માણીશું તે વિચારથી બોલ્યા જઇએ છીએ. જરા બ્રાહ્મણ અકળાય છે તેને બેસવા દે દાસી કહે, મહારાજ, ઘેર બેસજો બાઇને સુવાની વખત થઈ છે, વિચાર છે કે નહી એમ કહી ધક્કો મારી વિદાયગીરી આપીને બારણાં વાસી દીધાં મહારાજ રસ્તામાં પસ્તાવા લાગ્યા કે રાંડે છેતર્યા વટલાયા અને કાર્ય તો કશું બન્યું નહી !

બે દીવસ વીત્યા પછી જોગણ ગુણસુંદરીએ પોતાનો ઢોંગ છોડી દીધો અને પ્રથમના જે વસ્ત્ર હતાં તે પહેરી ને બીજે દરવાજે થઇ શહેરમાં પોતાને ઘેર આવી બ્રાહ્મણે વેગળેથી પોતાની સ્ત્રીને આવતી જોઈ તેવો તે ચીડાઇ કરડાકીમાં બોલ્યો આવો આવો શુદ્ધસુંદરી ! તો પણ કંઇ બોલી નહિ; જાણે કે જાણતીજ નથી બીજે દીવસે પાણી ભરવા ગઇ, ત્યાંથી આવી ઉમરા ઉપર ઘડો પછાડી બોલી—બળ્યો મારો અવતાર ? અને ફુટયું મારૂં હવે નસીબ મારો તે અવતાર છે ! કોણ જાણે પુર્વે શાંગે પાપ કર્યાં. કે આ પતિની સાથે પાનું પડયું છે. હું તો સુકી ભઠ બળી જાઉં છું ને જો ધરતી માગ આપે તો એમને એમ અંદર સમાઇ જાઉ ? તે સાંભળી ધણી ચકીત થયો અને કરડાકી કરી પુછવા લાગ્યો કે શુદ્ધસુંદરી શું છે ! જરા કહો તો ખરા તેમ તેમ સ્ત્રી વધારે વધારે કોપીને બોલવા લાગી તે ગુસ્સો કરીને બોલી તમને તે લાજ હશે કે નહિ ! અને વરણમાં રહેવું છે કે નીકળી જવું છે ? હું દસ દીવસ મારા પીયરમાં જઇ આવી એટલામાં તમે શો ગજબ કર્યો ? હાય ? હાય ? આચાર વીચાર કયાં ગયો ! હવે આ પૃથ્વી સેના આધારે રહેવાની છે ? હું કુવા ઉપર ગઈ ત્યાં મને લોકોએ વીખી ખાધી છે અને ગામમાં હો હો થઇ રહી છે. આપણો તો બ્રાહ્મણનો અવતાર

તો ઘેર ઘેર ભીક્ષા માગવા જવું પડે તે હવે તમને કોઈ ઘરમાં પગ પણ મુકવા ન દે એવું છે ? બ્રાહ્મણ ગભરાઇને બોલ્યો—શુદ્ધ સુંદરી કહો તો ખરા ધીરા પડો—ગભરાઓ છો શું કરવા ! અમે શો ગજબ કર્યો ? ગુણસુંદરી કહે આથી તે ગજબ કેવો કરવો હતો (જરા ઘાંટો કાઢીને) પેલી તરકડી જોગણ થઈ થોથાં વાંચી લોકોને સમજાવતી ફરે છે તેના હાથથી જમી આવ્યા તે સાંભળી મહારાજ બોલ્યા ધીરી રહે ધીરી ? ઘરમાં આવીને કહે કોઇ સાભળશે બાયડી કહે હજુ તો સાંભળવાનું બાકી દેખાય છે ! ધરમ તો ન રાખ્યો તો દીસતો રહ્યો પણ જરા લોકની તો લાજ રાખવી હતી, એ તે તમને ઉંધી કયાંથી મતી સુઝી તે વખતે તમારૂ જ્ઞાન કયાં ગોથું ખાઇ ગયું ? ગામના ને નાતના લોક ફટફટ કરેછે અને તાતના પટેલોએ તો નિશ્ચય કર્યો છે કે ન્યાત બહાર મુકવા માટે જે કોઇ પાસે હોય તો ઝખ મારીને સમજવું નનુભટનો નાદ ઉતરી ગયો તે બીચારો આભો બની ગયો ને બોલ્યો હા હા તું કહે છે એ ખરી વાત છે પણ એનું કરવું કેમ ? લે આ પચાસ રૂપીઆ અને ન્યાત પટેલને સમજાવી આવ કે આડુ તેડુ વેતરે નહી. સ્ત્રી રૂપીઆ લઇ ચાલી અને જેને ઘેર મુક્યાં હતા ત્યાં આવી અને રૂપીઆ આપી કડલાં લઇ ઘર તરફ પાછા વળ્યા પછી તેના ધણીને સમજાવ્યું કે હું શેઠ પટેલ પાસે જઇ આવી ને રૂપીઆ દાબી આવી તે તો એટલા નહોતા લેતા પણ મારા પીયરના સગા નીકળ્યા. તેમને શરમાવીને કહ્યું ત્યારે પત્યું હવે ફરીથી આપનું નામ નહિ દે. પણ મારા આગળ પાણી લ્યો કે હવે ફરીથી એવે ઠેકાણે જઇશ નહી. મહારાજે કબુલ કર્યું અને સમ ખાધા કે કોઇપણ દીવસ હવે હું એવા ઠેકાણા ઉપર જઇશ નહિ. ત્યારે સ્ત્રીએ નનુભટની સ્ત્રી શુદ્ધસુંદરીને બીજા ચાળા

ચટકા કરવા ભુલી ગયો અને ઉલટો તેમનો હંમેશનો દબાએલો રહેવા લાગ્યો સ્ત્રીએ કેટલાક દીવસે પોતાની પવિત્રાઇ દેખાડવાને પોતાની ગોળી જુદી રાખી, પણ બ્રાહ્મણની આજીજીથી તે કામ બંધ કર્યું. કેટલાક દીવસ પછી તેણે પોતાના પતિ આગળ પડદો ખોલી કહ્યું–સ્વામીનાથ જે જોગણ થઇ ધોળાં વસ્ત્ર પહેરી કથા વાંચતી હતી અને તમે મારાજ હાથનું જમી ગયા હતા ત્યાં તમારો અર્થ સર્યો તેવો પણ રાજા કીર્તિસિંહનો સર્યો હશે, જો મારો બગડવાનો વિચાર હોત તો હું તમને શું કરવા નીસરણીમાં રાખત ?

વારતા ૫ મી.

કોડીલાલ અને ચતુરા.

વર્ધમાન નગરમાં આણંદ કરીને એક નગરશેઠ રહેતો હતો જેને અપાર વઇભવ અને અસંખ્ય સોનામહોરો અને રત્નનો બેસુમાર ભંડાર હતો. પરંતુ એને પુત્રની ખોડ હતી દુનિયામાં સર્વ સુખ ભાગ્યેજ મળે છે કહેવત છે કે રોટી ત્યાં ચોટી નહી ચોટી ત્યાં રોટી નહી એ પ્રમાણે આ શેઠને પણ હતું. કેટલાએક દીવસો પછી અનેક દેવ દેવીની બાધાં આખડીથી તે શેટને એક કન્યા અવતરી તે કન્યાનું સ્વરૂપ એવું તો સરસ હતું કે સાક્ષાત મુર્તિમતી રચીજ હોય જેવી તે રૂપાળી હતી તેવીજ તે શરીરમાં પણ સઘળાં અવયવોથી ભરપુર અને ખોડખાંપણ વગરની હતી શેઠ તેને પુત્રની માફક લાડથી ઉછેરવા લાગ્યા અને તે જ્યારે પરણવા લાયક ઉમરે પહોંચી ત્યારે તેના પિતાએ વઇભવમાં અને કુળમાં પોતા બરોબર બીજા શહેરના એક શાહુકારનો કોડીલાલ નામનો પુત્ર હતો તેની સાથે તે કન્યાને પર-

આવી ને જમાઇને પોતાને ઘેરજમાંઇ કરી રાખ્યો, કોઠીલાલ પોતાના સસરાના ઘરમાં રહી અનેક પ્રકારના આહાર વિહારમાં મોજમજા ભોગવવા લાગ્યો. અને પોતાની નવ યોવના પ્રાણવલ્લભા સાથે નવા નવા વિલાસ અને રંગભોગ ભોગવતો હતો.

એક વખતે બીજા દેશમાંથી કેટલાએક વેપારીઓ ધન કમાવા માટે બીજા દેશમાં જવાને ત્યાં આવેલા તેને જોઈ કોઠીલાલને પણ ધન પ્રાપ્ત કરવાની ઇચ્છા થઇ. પોતાનાં સસરાની આજ્ઞા લઇ તે પણ તેઓ સાથે સમુદ્રપાર મુસાફરીએ ગયો, પતિ પરદેશ ગયા પછી એક સમયે તરૂણાવસ્તામાં આવેલી કોઠીલાલની વિલાસ પાત્ર સ્ત્રી ચતુરા, માલની અગાસીમાં પોતાની પ્રિય સખીઓ સાથે ચોપાટ ખેલવા લાગી એવામાં તે ખીલતી ગુલાબની કળી સરખી ચતુરાચિત મતિજ્ઞાત યોવનના મુગ્ધાવીપરીત ગતિવાન થઈ અર્થાત શુદ્ધમતિ કોપામાન થઈ હોય તે દુર નાશી ગઇ અને જાણે કોઈએ એ ચપળાને છેતરી હોય તેમ તે સ્ત્રીને વિપરીત મતિ વિસાર સુન્ય—મુખની ગઇ અને તે પોતાના મનમાં ઉત્પન્ન થએલા કામાગ્નીને રોકી શકી નહીં એ વખતે તેનું શરીર અત્યંત કંપવા લાગ્યું કામ વિકારથી તાવનું લખલખું ભરાઇ આવ્યું હોઠ ફીકા પડી ગયા ગળે શોષ પડયો, ઉદાશીનતા સર્વાંગે વ્યાપી રહીને તુરતજ ચોપાટમાંથી ચિત્ત ચોરાઇ ગયું આવી તેની સ્થિતિ જોઇ કટિમાં પહેરેલી કટિમેખલા ઝણઝણાટ કરી તેને બોધ આપવા લાગી કે અરે ચપળા તું તારા શીયળવતનો ભંગ શા માટે કરે છે? નદી જેમ પોતાની મર્યાદારૂપ કિનારાનો નાશ કરતી નથી. તેમ તારા કુળની મર્યાદાનો નાશ કરવો ઉચિત નથી. આ વિચાર એક

ક્ષણ મનમાં રહ્યો પણ તેટલામાં તો કામદેવે પોતાનું પુષ્પબાણ એવાતો જોરમાં સચોટ કુમળી જગાએ તે માર્યું કે સુવાસિત વનની લપટની ઝપટમાં સપડાઇ ગઇ ને તે સાથે ભાન વગરની થઇ પછી તરતજ કામાતુર બનેલી ચતુરાએ પોતાની એક અતરંગ સખીને બોલાવીને એકાન્તમાં લઇ જઇ પહેલાં રસ્તા ઉપર જનારા પુરૂષને બોલાવીને કહ્યું કે એ રૂપાળા તરૂણને તેડી લાવ મારાથી એના વગર રહેવાય તેમ નથી જો એ કામદેવની મુર્તિ મને મળસે નહી તો હું વિરહનળમાં બળી જઇશ કામનો વિકાર જેર જેવો સખત છે તેને કોઇ તરૂણી રોકી શકે છે, કામાગ્નીથી ઉત્પન્ન થતા સર્વ પ્રકારે વશ થએલી ચતુરા આ વખતે પોતાના મનને કબજે રાખી શકી નહીં. બાઇની આજ્ઞા થએલી જોઇ તે અધમ સખી તુરતજ નીચે ઉતરી રસ્તા ઉપરથી છે કામદેવને તેડી લાવી એ જાર પુરૂષે સ્વતંત્ર રીતે વર્તનારી ચતુરાને કામ કેલીથી—સુરત વિલાસથી સહજ પ્રેમ, દાખવી શાંત અને મૃદુ ભાષણથીજ—વળી પરીહાસ વચનથી અત્યંત રાજી કરી વશ કરી લીધી પછી તે હંમેશા તેની જોડે એજ પ્રમાણે રંગભોગ ભોગવવા લાગ્યો.

પરદેશ ગયેલો તેનો પતિ કોઠીલાલ કે જેનો પ્રેમ પોતાની પ્રિયામાં સચોટ હતો. એ રાત્રી દીવસ પ્રિયા પ્રિયાજ ઝાંખતો પરદેશમાં જઇને અપાર ધન કમાયો, ને એમ પરદેશમાં રહેતાં ઘણાં દિવસ વીતી ગયાં એક વખતે શરદ રૂતુમા તે એકાંતમાં સુતો હતો તેવામાં ચતુરા તેને સાંભરી આવી તત્ક્ષણ તેને પોતાની પ્રાણ સમાન સ્ત્રીને મળવાની અતિ ત્વરીત ઇચ્છા થઇ. પોતાનો સર્વ ધંધો આટોપી દઇ. કેટલાએક વહાણોમાં માલ ભરી તે પોતાના

સસરાના શહેર તરફ પાછો વળ્યો, વહાણો સફળ કરતાં પોતાના નગર સમીપ આવી નાગર્યાં કે વહાણુમાંનો સઘળો માલ નાંખવાને સોંપી પોતે શહેરમાં દાખલ થયો એ દિવસે સસરાના ઘેર મહોત્સવ હોવાથી સઘળા કુટુંબીઓ તેમાં રોકાઇ ગયા હતા એમાં તે પણ દાખલ થયો કોડીલાલના આવવાથી સર્વ કુટુંબીઓ રાજી થયા પણ ચતુરા ઘણી નિસ્તેજ થઈ ગઇ તે બેબાકળી જેવી ફરવા લાગી તેના મનમાં તો તેનો યાર રમી રહ્યો હતો; તેથી આ નવું લફરૂં આવ્યું તે તેને કંટકરૂપ થઇ પડયું એમ કરતાં રાત્રી પડી ને શણગારેલા શયનગૃહમાં કોડીલાલ ઘણા ઉમંગભેર પોતાની પ્રાણવલ્લભાને મળવા ગયો ત્યાં ઉત્તમ સફેદ રંગના ઓછાડથી શય્યા પાથરી હતી ઉમદા અત્તરોને ધુપો તથા સુગંધી પુષ્પોની મધુર સુગંધ બેકી રહી હતી ને સ્થંભમાં જડેલા મણીઓ દીવાની ગરજ સારતા હતા આવા ઇંદ્રભુવન સરખા રતીમંદિરમાં કોડીલાલ પોતાની પ્રીયાને પૂર્ણ પ્રેમથી આલિંગન કરી શય્યા ઉપર બેઠો પરંતુ ચતુરાને તે સર્વ કાળ સરખું લાગતું હતું, તેનું તો ચિત પોતાના રાખેલા યારમાં ચોંટયું હતું ચતુરા પોતાની આંખો મીચી યોગીની પેઠે ધ્યાન ધરતી શુન્યમુઢ થઇ પડી હતી, ને પળે પળે પોતાના માનીતા પ્રીતમનુંજ મનમાં ચિંતવન કરતી હતી. તે ક્ષણે ક્ષણે નિશ્વાસ મુકતી કે " હાય હાય ? હવે તેને કયારે મળીશ " કોડીલાલ તેને પ્રેમથી બોલાવી ચુંબન કરી નાના પ્રકારના સૃંગારના હાવભાવ બતાવી નમ્ર પ્રેમી વચનોથી વિનવી, તો પણ હવે તે સ્ત્રી એકની બે ન થઇ, તેણે આ પોતાના સ્વામીને કંઇ ઉત્તરજ આપ્યો નહી પણ ઉલટી ભયભીત થઇ હોય તેમ વારંવાર હાંફવા અને કંપવા લાગી પ્રેમાતુર થએલા પતિએ તેના શરીર ઉપરના વસ્ત્રો ખેંચવા માંડયા ને બાથ બીડવા

માંડયો એટલે ચતુરા પોતાના અંગોને સંકોચતી દુર ખસી ગઇ. કેમકે તેના મનમાં તો પોતાના યારનું ધ્યાન એક તાર થઇ રહેલું હતું, મુંઢ કોડીલાલ આમ નખરા કરતી પરકીયા ચતુરાને મધુર વચનોથી બોલાવી પ્રણામ કરવા લાગ્યો કે, અરે પ્યારી! આ તને શું થયું તારા ઉપર તો મારી જીવનદોરી છે ને મને આમ કેમ તરછોડે છે? અરે મારી આંખની કીકીને હઇયાના હાર મારા મૃદુ વચન માન્ય કરીને એક પ્રેમ ચુંબન તો લેવા દે? દાસ ઘણી વાર થયા તારા પ્રેમની આશાએ લટુ બની ગયો છે, તેને વગર કારણે નિરાશ કરી કોપવું એ તને ઘટીત છે વારૂં? એ પ્રમાણે કોડીલાલ બહુવાર ચતુરાની પ્રાર્થના કરી તોપણ પરવશ પડેલા તેના અંતઃકરણમાં લેશમાત્ર પ્રેમાંકુર ફુટયો નહિ. ક્યાંથી ફુટે આવી રીતે ઘણા મુર્ખ પશુઓ પર પુરૂષથી આશક થયેલી સ્વપ્રિયા જે પોતાના તરફ ઉદાસી બતાવી દુર રહેતી હોય, તેને વશ કરવા, અને તેની સાથે પ્રેમ કરવા વારંવાર તેની પ્રાર્થના કરી લંપટપણું દર્શાવે છે, પણ તેનું કપટ કળી શકતા નથી, આ બાબતમાં કોઇ કહેશે કે કામદેવનો વાંક છે, પણ તેમ નથી, તે બીચારો કયાં તો પરતંત્ર છે, ને કેટલેક અંશે સ્વતંત્ર છે જેવો પોતાના મનોવિકાર જે માટે કહેવત છે કે "સ્ત્રી રહે તો આપથી ને જાય તો સગા બાપથી" તે પ્રમાણે ઘણીવાર સુધી કોડીલાલે ચતુરાને વીનવી ને જ્યારે તે વશ નજ થઇ ત્યારે તે થાકીને નિરાશ થઇ બેઠો પણ ચતુરાના મનને નિરાંત થઇ નહિ.

અર્ધી રાત્રી ગઇ ને હંમેશનો સમય થયો એટલે ચતુરાને યાદ આવ્યું કે તેવે મારો વહાલો યાર ઉપવનના લતાકુંજમાં સંકેત-ગૃહમાં દાખલ થયો હશે, પણ મારાથી ત્યાં આજ જવાશે નહિ તો તે મુજ વહાલાના શા હાલ? હાય! હાય? હવે શું કરૂં! એમ મનમાં

બોલી એકદમ મુર્છા ખાઇને પડી ગઇ. તે સન્મુખ બેઠેલા પતિને ઝેરના જેવો જોવા લાગી, પ્રેમાંધ થએલા પતિએ સારી રીતે આશ્વાસન કીધું ઘણી આજીજીથી મનાવવા પ્રયત્ન કીધો, પણ વ્યર્થ. તે પરપુરૂષ કામીનીએ માનેલા પોતાના પતિરૂપ યારને મળ્યા વિના તેના મનને શાંતિ કેમ વળે ?

કોડીલાલ જ્યારે વિનય કરી કરીને થાકયો, ત્યારે સજ્યામાં એક તરફ સુઈ ગયો. તે તુરતજ નિદ્રાવશ થઇ ગયો. પતિ જ્યારે ભર ઉંઘમાં પડયો ત્યારે ચતુરાએ સોળ શણગાર સજી બની ઠની હળવે હળવે શયનગૃહમાંથી તૈયારી કીધી. તેના ઘરમાં સર્વ માણસો ઉંઘતા હતા આગલી રાત્રીએ મહોત્સવ હોવાથી ઘણા માણસોની જાવઆવમાં એક ચોર ભરાઇ બેઠો હતો તે આ બંને સ્ત્રીપુરૂષને જાગતાં જોઇ ખાતર દેવા ફાવી શકયો નહોતો.

જ્યારે ચતુરા યારને મળવા આસ્તે રહી ઘરથી બહાર નીકળી કે તેના ચરણના ઝાંઝરનો રણઝણાટ પેલા ચોરને કાને પડવાથી તે પણ તેની પછવાડે ગયો. છુપાતો છુપાતો સ્ત્રી શું ચરિત્ર કરે છે તે કયાં જાય છે તે, તથા તેનાં ઘરેણાં છીનવી લેવાની આ સારી તક છે તેથી તે પણ પાછળ પાછળ ચાલવા લાગ્યો.

હવે પેલા વિહારના સંકેતગ્રહમાં શું શું થયું તે સાંભળો ચતુરાના યાર હમેશની માફક દારૂ અને ગાંજો પી, કેફમાં બહુ લટ્ટુ બની પોતાની ઝુંપડીમાં બની ઠની બેઠો ઘણી રાત્રી ગઇ તોપણ પોતાની પ્રિયા આવી નહિ એટલે પેલો જાર વિરહાગ્નિથી બળતો મોટી ઉદાસીમાં આવી ગયો. તે ચંદ્રમાના કીરણો વડે બળી ભસ્મ જેવો થઇ ગયો ! છેવટે કામાગ્નિનો તાપ અને વળી મદ્યપાન એ

બન્ને કેમ જીરવી શકાય ! તેથી તે પ્યારીને મળવાની આશા મુકી દઇ એકદમ ગાંડો બની બેભાન થઇ પડી રહ્યો.

જ્યારે ચતુરા પોતાના માનીતા યાર સા સાથે રતીસુખ ભોગવવા માટે ઘણા ઉમંગમાં ધસમસી, તે ઉપવનમાં તેની ઝુંપડીએ આવી, કમાડ ઠોકવા માંડયાં, આમ ઘણીવાર કરતાં તેના પ્રાણ સમાન યારે ન ઉઘાડયું ને ઉત્તર પણ ન આપ્યો, ત્યારે તે કાછ વાળી અંદર આવી જુએ છે તો તેનો પ્રિય પડેલો દીઠો. તેને ઢંઢોળી જગાડયો એટલે તે ગુસ્સામાં બોલ્યો કે રાંડ ? આટલી મોડી કેમ આવી ? જા તારૂં કામ નથી. અહીંથી ભાગી જા, તોપણ વિષયાંધ ચતુરાએ બહુ બહુ કાલાવાલા કરીને કહ્યું કે હું શું કરૂં ? મારો પતિ આજરોજ પરદેશથી આવ્યો છે માટે વાર લાગી તે સાંભળતાં યારની આંખમાં ઝેર ભરાયું, તે તેનાં રૂવે રૂવાં ઉભાં થયાં. પછી તે ક્રોધ કરી બોલ્યો કે જા રાંડ તારૂં મોં આજથી બતાવીશ નહિ તોપણ કામાંતુર થયેલી ચતુરા ફરી તેને આજીજીથી ભેટી ઉઠાડવા ગઈ, એટલે તેણે કેફના જોસ્સામાં મારવા માંડી તોપણ તેનાથી રહેવાયું નહિ એટલે જરા રહી પાછી વીનવવા જાય છે, તેવોજ તે ક્રોધના આવેશમાં આવી એકદમ પાસ પડેલા છરા વતી તેનું નાક કાપી લીધું. તેથી તત્ક્ષણે તે મુર્છા ખાઇને ભુમી પર પડી. થોડીવારે તેને ભાન આવ્યું ને ઉઠીને વિલાપ કરવા લાગી, અરેરે ! ઓ દયાનંદ ? આ મંદભાગી દાસી તમારી મુખચંદ્રને જોવા પતિને પણ તરછોડી, ગમે તેમ કરીને આવી ને હાયરે ? તમે મારૂં વિના અપરાધે નાક કાપી નકટી કરી હાય હાય ! આપણે સાથે બેસી વિલાસ કરી રતીસુખ ભોગવી મોજમજા કરતાં તેટલી પણ શરમ ન આવી ! વહાલા હવે જરાતો બોલો એમ કહી આલિંગન કરતી હતી.

આવી રીતે તે અનાચારવાળી શિયળભંગવાળી સ્ત્રીને તેના અવિચારી કૃત્યનું ફળ મળ્યું તે પછી ગભરાઇને તે ત્યાંથી ઝટપટ પોતાના બાપને ઘેર જવા નીકળી રસ્તામાં પેલો ચોર! જે પ્રથમથીજ આ સઘળો તમાસો જોતો હતો તે તેની પુઠે પડી કહેવા લાગ્યો કે તું કોણ છે ને કયાં જાય છે. ચતુરા એનો ઉત્તર ગભરાટમાં ને નાકની વ્યથામાં કાંઇ આપી શકતીજ નહિ એટલે ચોરે તેને ધમકાવી લુગડા ઘરેણા ઉતારી આપવા કહ્યું કે તરતજ તેને તાબે થઇ સર્વ ઘરેણા ઉતારી તેને આપી દીધા અને પોફાટવાનો વખત નજીક આવવાથી તે તુર્તજ પોતાના બાપને ઘેર ગઇ, ને પતિ સુતો હતો ત્યાં જઇ સુતી થોડીવારે શય્યા પર પડી રહ્યા પછી પોતાનું સ્ત્રી ચરિત્ર કરવા દોડો દોડો! હાય! હાય! મારૂ નાક કાપી નાંખ્યું એવી કારમી ચીસો પાડી સૌને ભયભીત કીધાં ચતુરાની ચીસ સાંભળી ઘરના સર્વ માણસો ગભરાઇ જાગી ઉઠયા અને કોડીલાલ પણ બેબાકળો બનીને જાગી ઉઠયો તે જુવે છે તો ચોમેર માણસની ગીરદી મચી રહી છે આ સઘળા મનુષ્યે ચતુરાને પુછયું કે શું છે બહેન! ચતુરા બોલી શું તમે જોતાં નથી? આ મારા વરે મારૂં નાક કાપી નાંખ્યું હું નકટી થઇરે! ઓ ભાઇઓ મને બચાવો નહિતો એ મારો જીવ લેશે એવી ભયંકર વાણી સાંભળી આણંદલાલ વગેરે જનો કોડીલાલને પુછવા લાગ્યા કે તમે આ નિરપરાધી બાળાનું નાક કેમ કાપ્યું? કોડીલાલ આ પ્રશ્ન સાંભળતાંજ ભયભીત થઈ ગયો. ને આમ તેમ બોલવા લાગ્યો તેનું મોં પડી ગયું. ને પરદેશમાં વેચાએલા ગુલામની માફક એક પણ અક્ષર તેનાથી બોલાયો નહીં હા કે ના કાંઇ પણ તે બોલી શકયો નહિ. આમ પુષ્કળ કુતુહલ મચી રહ્યું એટલામાં પ્રાતઃકાળ થયો, એટલે ચતુરાના કુટુંબીઓએ

આ ફરીઆદ રાજ્ય સભામાં જાહેર કરી આ વૃતાંત જાણુતા રાજાને ઘણો ગુસ્સો ચઢયો તેથી તેણે કોડીલાલ કે જે નિરપરાધી હતો તેને બંધાવી મંગાવ્યો અને યથા યોગ્ય ન્યાય કરવા તેને કેદ કરી રીત સર કામ ચલાવવા સાદુ છેવટે તેને કેદની તથા દંડની બંન્ને શિક્ષા ફરમાવી.

પેલા ચોરે આ સર્વ પ્રત્યક્ષ જોયું તેથી તે કોડીલાલ ઉપર ગેરઇન્સાફ જોઇ શકયો નહિ, તેણે તરતજ રાજ સભામાં માફી માંગી પહેલેથી તે છેવટ સુધી જે બન્યું હતું તે કહી બતાવ્યું અને તેની પુરતી તપાસ કરવા રાજા સહીત સર્વ સભા પેલા ઉપવનમાં ઝુપડીએ ગઈ. ચોરે ચતુરાનું નાક, તેના યારને ઘરેણાં સર્વ બતાવ્યાં એ જોઇ રાજા તે ચોર ઉપર અત્યંત પ્રસન્ન થયો ને સત્કાર કરી પેલા ઘરેણા તેને આપી દીધાં, અને કોડીલાલ ઉપર નિષ્કારણ આવેલો અપવાદ મિત્રતારૂપે ઉતારી દીધો, સ્ત્રીઓ અતિ ચાલાક, કુટીલ, કુચરણુવાળી, નિર્લજ અને ચપળ હોય છે, તે પતિનો, માતાનો, બંધુનો, સંતાનનો કે સહોદરનો કોઇને પણ દ્રોહ કરતાં ડરે નહિ.

વાર્તા ૬ ઠી.

જહાંદારશાહ અને હુરમનુરઝાંહા

મોગલ કુળમાં ઉત્પન્ન થએલા જહાંદારશાહ બાદશાહ આગળ દીલ્હીમાં રાજ કરતો હતો તે કેળવણી પામેલો ન્યાયી અને એવો ઉદાર દીલનો હતો કે તે વખતે આખા હિન્દુસ્તાનમાં એના જેવો બીજો કોઇ રાજા ન હતો ઉંચી કુળની રજપુતાણીઓ અને બેગમોથી તેનું જનાનખાનું દીપી રહેતું હતું તેને એક પાટણની રજપુતાણી

આણુથી તેને પ્યારી હતી રાજ્ય સંબંધી કામથી ફારગત થઇ તે હુરમની પાસે જતો ત્યાં તે પોતાની પ્રિયા સાથે હાસ્યવિનોદ ને શરાબબાજીમાં મશગુલ રહેતો ત્યાં દારૂની પ્યાલીની ઘટમાળ, મનની, તબલ ને અરહેબનું યુદ્ધ ચાલતું ખરી રજપુતાણી હુરમ હારીતથા પ્રેમ યુદ્ધમાં ઘાયલ થઇને બાદશાહ તેની ગોદમાં પ્રેમમય યોદ્ધાની પેઠે અહરનીશ આરામ કરતો. અને આખા રાજ્યમાં હુરમ જેવું તેને બીજું કોઇવહાલું નહોતું જ્યારે તે પોતાની ગોદમાં લઇને અગાશીમાં બેસતો, ત્યારે આજ ચંદ્ર હશે એમ ભુલીને ચંદ્રમુખી હુરમજ સામું ઘણા લોકો જોતા ! આ પ્રમાણે બન્નેની મોજશોખ ને એશઆરામમાં તલ્લીન બાદશાહ હુરમના પ્રેમની વાતોમાં એવો લુબ્ધ થઇ ગયો કે હુરમ વિના તેનાથી ક્ષણ પણ રહી શકાય નહિ, એટલે રાજ્યકામ અને કચેરીમાંથી તેનું દીલ ઉઠ્ઠ થવા લાગ્યું પણ દૈવની ગતિને કોઇ કળી શકતું નથી, કુદરતી નિયમથી હુરમ બીમાર થઇને રોગે તેને ઘેરી અને બહુ બહુ પ્રયત્ન અને ઉપાયો કર્યાં છતાં પણ અંતે તેણે સ્વર્ગવાસ કીધો.

હુરમ નુરજહાં રૂપનું રમકડું અને હઇયાનો હાર તેના મરી જવાથી જહાંદારશાહને દુખ થાય તેમાં નવાઇયજ નહિ, તે દીવસથી જ બાદશાહ ઘરમાંથી બહાર નીકળ્યો નહિ અને રાજકાર્યમાંથી ચિત્ત ઉઠી એકાંતવાસમાં બેઠુ એમ એક મહીનો થયો બેચાર અને છ મહીના થયા ત્યારે રઇયતને પણ શોક પાળવો પડયો, કોઇ ઠેકાણે લગ્ન કે એવી શુભ ક્રિયા થતીજ નહિ, અને ભાટ, ચારણો બ્રાહ્મણો બંદીજન ભુખે મરવા લાગ્યા સર્વે જગ્યાએ અંધાધુધી ચાલવા લાગી

પ્રધાને બાદશાહની દિલગીરી કાઢી નાંખવાને ઘણા પ્રયત્ન કીધા પણ કાંઇ વળ્યું નહિ અને બાદશાહે કોઇ તેને શોક મુકાવવાની

વાત કરે તેને તોપને ગોળે ઉડાડી મેલવાનો નેમ લીધો, આખરે બાદશાહને એકનો એક શાહજાદો હતો તે દરરોજ પોતાના પિતા જહાંદારશાહ પાસે સલામ ભરવા જતો હતો તેને એક દિવસ પાસે બોલાવી પ્રધાને સમજાવ્યું કે બાદશાહ શોક મુકતા નથી, તેથી રાજ માં અંધેર ફળી વળે છે માટે જા તું મારૂં નામ ન દે ને હું શીખવું તેમ કરે તો કાંઇ ઇલાજ થાય શાહજાદાએ વચન આપ્યું જો મારૂં શીર ઉડાવશે તોપણ હું તમારૂં નામ કહીશ નહિ એટલે પ્રધાને શીખવ્યું કે કાલે સવારે તું જાય ત્યારે બે હાથ જોડીને કહેજે કે જહાંપનાહ? મહારી એક અરજ છે (વચન લઇને કહેજે) એક વખત સ્વારી ચઢાને શહેરમાં ફરો કે રઇયતનો શોક જાય. બીજે દિવસે શાહજાદો બાદશાહ પાસે ગયો અને લાગ જોઈ બોલ્યો જહાપનાહ એક અરજ છે બાદશાહે પુછયું મારા પ્યારા ફરજંદ કહે કે હું તારી મુરાદ હાંસલ કરૂં આ રાજ તારૂંજ છે. બાદશાહના મનમાં એમ હતું કે કાંઈ પૈસા કે વસ્ત્ર અલંકાર કે પ્રગણું જોઇતું હશે તો આખું રાજ એનુંજ છે એ માગીને શું માગવાનો છે? બાદશાહનું વચન લઇ તે બોલ્યો આપ બહાર નીકળતા નથી, તેથી ગામ અંધેરી નગરી જેવું થઇ પડયું છે, માંગણ આદિ ભુખે મરે છે. માટે વધારે નહિ તો એક વખત બહાર નીકળી ચઢી સ્વારીએ ચઢીને દરબાર ભરો. બાદશાહ ગુસ્સે થઇને બોલ્યો બેટા તને કોઇએ શીખવીને મોકલ્યો છે તેને હું તોપને ગોળે ઉડાડું શાહજાદો કહે જે બાપા જોઇએ તો મને ઉડાડો એતો મારીજ અરજ છે ના સુણો તો તમારૂં વચન ગયું ત્યારે બાદશાહે નાખુશીથી કબુલ કર્યું અને આઠ દિવસ પછી નાખુશીથી સ્વારી ચઢાવી તે જોવાને શહેરનું તમામ માણસ ભેગું થયું, ત્યાં એક ઉગમણા દરવાજા ઉપરના સિપાઇ

કરણસિંહની છોકરી ઉછરતી જુવાનીએ પહોંચેલી તેના ઘરના અગાડી આવીને જોવા ઉભી છે. ત્યાં બાદશાહનો હાથી આવ્યો જહાંદારે તેના સામું જોયું તો જાણે પોતાની મરી ગયેલી હુરમ જીવતી થઇને આવી હોય એવું સ્વરૂપ લાગ્યું, પાંદશાહે બેભાન થઈ વજીરને કહ્યું જે અંબે હુરમ આઇ ? વજીરે કહ્યું પાદશાહ સલામત અહીં હવે હુરમ કયાંથી હોવ ! એ તો કોઈ ગરીબ માણસની છોકરી છે પણ તેની કુટડી છબી બાદશાહના હૃદયમાં કોરાઇ ગઇ.

રસીલી વાંચનાર ? કરણસિંહ બિચારો માશકીન સિપાઇ હતો તેને રહેવાને માત્ર એક નાની સરખી ઓરડી જુજ સામાન પોતાની સ્ત્રીને અમુલ્ય છોકરી શીવાય તેની બીજી મીલકત કાંઇ ન હતી, બાપડી બાળાની વય તેર વર્ષની હતી તે બાપને બેટી બન્ને એક ઓરડામાં સુઇ રહેતાં હતાં બાદશાહે કરણસિંહને બોલાવી તેની છોકરીનું માગુ કર્યું વજીરે આડે આવી સમજાવ્યો કે છોકરી શાહજાદાને લાયક છે, બાદશાહને લાયક નથી. તે ન માનતાં લગ્ન મુકરર કરી કરણસિંહને રાત્રિએ વિદાય કર્યો. કરણસિંહને ન સ્ત્રી સુતાં સુતાં લગ્નની વાતો કરે છે તે પણ બીછાના પર પડીને સાંભળે છે ત્યારે હરખથી તેનાં રૂવે રૂવાં ઉભાં થઇ કામાતુર થઈ જાય છે.

પબીની સાથે તેના બાપની પણ દશા ફરી અને તેજ દહાડે તેને અમીર બનાવીને એક પાયગાનો રસાલદાર બનાવ્યો ત્યારે તો સગા વહાલાં ને બીજા લોકો જે જે એની તરફ કોઇ જોતાં નહોતાં તે આજે આઠ કાલે દશ એમ મળવાં આવવા લાગ્યા તે કહેવા લાગ્યા જે ભાઇ અમને ભુલતો નહિ અમે તો તારા દુખના ભાગીઆ હતા તેથી સુખના સમે હવે ભુલી જઇશ નહિ પછી બાદશાહ તેની પુત્રી સાથે પરણ્યો અને પબી જનાનખાનામાં રહેવા લાગી આણી તરફ

પબીના સૌંદર્યને ઢાંકે તેવી એની કુચાલ હતી કેમકે તે બાદશાહના શાહજાદાપર આશક પડી હતી ! !

એક દીવસે શાહજાદો દડાદાવ રમતો રમતો પબીના મહેલ પાસે ગયો ત્યાં રમતાં હાથમાંથી દડો છુટીને તેણીના મહેલમાં પડયો રાણીએ ચપ દઇ લીધો ને પગ નીચે દબાવી દીધો દાવ વાળા બીજા જ્યારે લેવા ગયા ત્યારે તેમને ધમકાવી કહાડયા કે જાઓ તમારા શાહજાદાને મોકલો, તો આપું છોકરાઓએ શાહજાદાને કહ્યું કે તારી મા અમને દડો આપતી નથી. તે તું જઇને લાવ શાહજાદો લેવા ગયો તો પબીએ પોતાની બુરી મતલબ સાધવા સારૂ શાહજાદાને પકડીને દીવાનખાનામાં લઇ ગઇ ત્યારે શાહજાદાએ અત્યાગ્રહ સાથે કહ્યું કે મા મને દડો આપ એટલામાં તો તે શાહજાદાને વળગા પડી બે ચાર ચુંબન લઈ બોલી કે મારા પ્યારા વહાલા તું મને ચુંબન કર ને છાતી સરખી દાબી ભોગવ તારા વગર મારાથી રહેવાતું નથી શાહજાદો કહે અરે ! તું મારી મા તે મારાથી કેમ ભોગવાય રાણી તેના કામના આવેશમાં છાતી સરખો દાબીને બોલી કે મા તો જે હશે તે હશે હું તો તમારી માશુક અને તું મારો આશક માટે લે આ ગાલપર ચુંબન શાહજાદો કહે મને છોડી દે હું બીઉ છું એવે વિશે તે હાથમાંથી ઝટ છુટીને બહાર નાઠો તે નાઠો ફરી મહેલ સામું જોયુંજ નહી.

વાંચનાર દુષ્ટ પબીએ એક તર્કટ રચ્યું તેણે સાંજે પોતાના મહેલમાં દીવા ન પ્રગટવાનો હુકમ કર્યો પોતે એકાદ તુટી મુટી ખાટલી નાંખીને એમને એમજ બેસી રહી પછી જ્યારે બાદશાહ આવ્યો ત્યારે તેની સાથે બોલી નહી સ્ત્રીનાં ચરિત્ર અપાર છે વળી સ્ત્રીને કોણ નથી ! બાદશાહ પોતાની હુરમને રીસાયેલી જોઇને ખિન્ન

થયો તેમાં તેનો વાંક નહોતો તેતો પ્રેમી હતો પ્રેમીને માશુકની ઉદાસી સતેજ કાળજુ કોરે છે. તે તેણીને મનાવવા લાગ્યો તેણીને કાલાવાલા કરવા લાગ્યો જહાંદાર જે મ્હોટો ભરખંડનો પાદશાહ તે પેલી મુઠીભરની ખુબસુરત કાન્તિ સન્મુખ ચાકરની માફક ઉભો રહ્યો ? મહા પ્રયત્ન અને ઘણી આજીજીથી પેલી પખીએ જાણે દુની યાનું સત્ય પોતાનામાંજ હોયની તેમ પોતાની કુચાલ ઢાંકીને શાહજાદાને દોષિત કરવા કહ્યું કે તેણે બલજોરી કરી પોતાની સ્ત્રીના પર જુલમ કેમ સાંખી રહેવાય તેમ પોતાનું એકનું એક ફરજંદ તેને સખ્ત શિક્ષા કેમ ન થાય ! હજી તે એવા વિચારમાં છે, છોકરા માટે પરણી લાવ્યા છો ? આજતો ઇશ્વરે આબરૂ રાખી પણ તમારા જેવા અમારા ધણી હોય ત્યારે તો કાલે સિપાઇઓ પાસે ખેંચી લઇ જાવ બગડાવશે જ્યારે બેવકુફ બાદશાહે શાહજાદાને ફાંસીની શિક્ષા કરવાનું કબુલ કર્યું ત્યારે પખી મનાઇ અને તેઓએ પ્રથમની પેઠે હાસ્યરસથી મોજમજા સીમા પેલી ઢોંગી હુરમ જે થોડી વખત કુત્રિમ શોકમાં ડુબી હતી તે કેમ રાખી શકે? હવે જ્યારે શાહજાદો રાણીથી મહા મહેનતે નાશીને આવ્યો ત્યારે પોતાના સોબતી છોકરાઓથી વિખુટો પડયો તેથી અંતે તેની મા હુરમે બળાત્કાર કર્યો તેથી દીલગીર થઇને થોડે દુર એક મુસાફરખાનું હતું ત્યાં જઇને થયેલી બીના-પર વિચાર કરતો સ્તબ્ધ થઇને બેઠો. ત્યાં આગળ અચાનક નજુમી (જોશી) આવી ચઢયો તેની પાસે કેટલાએક લોક નશીબ જોવરાવતા હતા ત્યાં જઇને શાહજાદો બેઠો ત્યાં બે ચાર મશ્કરા લોક બોલ્યા કે આ છોકરા વીષે નજુમ નાખ નજુમીએ નાંખી કહ્યું જે આ છોકરાંને કાલે ફાંસી દેવાની છે આ સાંભળી સઘળાને તેના ઉપર અનાસ્થા થઇ ને કહેવા લાગ્યા જો ગપ્પીદાસ ઠોકે જાય છે તે આ રાજપુત્ર

આખા રાજ્યનો ધણી તેને ફાસીયે ચઢાવનાર કોણ છો? માટે તુ જુઠો છે એમ તેને કાઢી મુકયો લોકો તેને જુઠો માનવા લાગ્યા પણ શાહ જાદાના મનમાં તે વાત ખટકી

ખરેખર બીજે દીવસે કાંઇ પુછપરછ કર્યા શિવાય મારાને બોલાવી શાહજાદાને ફાંસી દેવાને હવાલે કર્યો તેઓ તેને મારવા નદી કિનારે લઈ ગયા ત્યાં લોક ત્રાહેત્રાહે બોલતુ લોકોનુ ઠઠ મલ્યું વજીરની ગાડી સામી મેળથી આવે છે. તે લોકોનું ટોળુ અને વચ્ચે શાહજાદાને જોઈને પુછ્યું—અરે આ શું? દીલ્હીમાં કુતરાને પણ મારી શકાતુ નથી તો આ શાહજાદાને કોણ મરાવે છે? તે સાભળી બાદશાહનો સવિસ્તાર હુકમ કહી સંભળાવ્યો, વજીરે કહ્યું બાદશાહ ગાંડા થયાં હશે છોડ શાહજાદાને હું લઇ જાઉ છું ત્યારે ઢેડો આગળ આવીને બોલ્યો મારો હક રહી જાય છે વજીર કહે લે એમ કહી શાહજાદાના કપડા ઉતરાવી ઢેડાંને આપી દીધા ને તેને પોતાને ઘેર લઇ ગયો ત્યાં તેને નવરાવી ધોવરાવી નવો પોશાક પહેરાવી સાથે કચેરીમાં લઈ ગયો બાદશાહને સલામ કરી બાદશાહે પુછ્યું હે વજીર? જે દુષ્ટ પોતાની માની જોડે જબરાઇ વાપરી તેને તું ઉગારી કેમ લાવ્યો? વજીરે કહ્યું બાદશાહ સલામત વાત ખોટી છે. શાહજાદો એવો હોય નહી ને રાણીને ફાંસી દેવી જોઇએ બાદશાહ કહે જે વાત રાણીએ મને કહી છે ત્યારે વજીર કહે બાદશાહ જ્યાં એક સ્ત્રી અને એક મરદ છે તે મરદ ઉપર કાંઇ આળ લગાવે ત્યારે તે મરદની યોગ્યતાની તપાસ કરી સ્ત્રીનુ માનવું નહી સ્ત્રી બેવફા નિર્દય અને ઢોંગી તે ઘડીકમાં સતી થાય અને ઘડીકમાં વંઠી જાય છે હું વાત કહું સાંભળો, પછી દરીઆફ કરો.

કોઇ એક બાદશાહને એક છોકરી હતી, તે સુંદર ને નવ યોવન હતી. પણ તે પરણવાને ના કહેતી તેણે બાળપણથીજ ફકીરી લીધી હતી. સદા તે એક દાસીની સાથે બહાર ફર્યાં કરે, મસીદ વગેરેમાં પડી રહે ને પોતાની દેહને દમે, તેને વાસ્તે શહેરની બહાર બાગ હતો, તેમાં એક દિવસ સુવાને ગઇ, ત્યાં તે પુષ્પ સેજમાં ઘસ ઘસાટ ઉંઘી ગઇ, વખતે તેને સ્વપ્નું આવ્યું તેજ વખતે તેણે કોઇ યારનો ભોગ આપ્યો. આણીગમ તેને સ્વપ્નું પુરૂ થયું તે વખત પેલીગમ અચાનક તેનાં સ્તનની ડીંટી ઉપર એક ભમરે ડંસ દીધો કે લોહીની ધાર વહેવા લાગી, ને સ્વપ્નું પુરૂં થયું તે સ્વત જાગી ઉઠી ને દાસીને બોલાવી તે યારનું વર્ણન કરી કહેવા લાગી બાઇ મારો યાર કયાં નાઠો તેને લાવ. દાસી બહેન તું ગાંડી થઇ છે કે શું ! વાડીમાં તો તું ને હું બંને એકલાં છીએ ત્યાં યાર શો ને વાત શી ? શાહજાદી તો ઝુરવા લાગી. તેને એક વાતની સુજ પડે નહિ, સવારમાં દાસી તેને સાથે લઇને શહેરમાં ગઇ તેવામાં દિવાનાનો છોકરો વરસ અઢારેકની ઉમરનો હતો પણ નબળી સ્થિતિનો હતો તેના બાપ દાદા આગળ દિવાનગીરી પર હતા પછીથી બેએક પહેડીથી નોકરીથી બરતરફ હતો તે દરરોજ નોકરીની આશાએ કચેરીમાં સલામ ભરવા આવતો હતો, ત્યારે તેને દીઠો કે શાહજાદીનુ મન ચમકયું, ને સ્વપ્નમાં આવેલો આશક આજ છે એમ તેને ભાસ્યું તે દાસીને કહેવા લાગી—દાસી ! દાસી ! આ રહ્યો મારો યાર, એને તું ગમે તેમ કરી મારી પાસે લેઇ આવ. હું તને ખુશી કરીશ. તે સાંભળી દાસી તેની પછવાડે ગઇ, પણ પેલો તો ઘોડા ઉપર બેઠેલો તેથી આગળ નીકળી ગયો અને દાસી પછવાડે રહી ગઇ, તેણે

દીવાનના છોકરાને ઘોડેથી ઉતરી ઘરમાં જતો દીઠો પણ અંદર ગયો તેવુંજ બારણું અટકાવી દીધું ત્યારે દાસીએ પાનની પીચકારીથી ઘરને નિશાની કરી પાછી વળી, કુંવરી પાસે આવી કે બાઇ ? એ તો ઘરમાં પેસી ગયો, ત્યારે શાહજાદીએ પુછયું જે કઇ એંધાણી રાખી છે ? દાસી કહે હા પછી શાહજાદીને પોતાની સાથે લઇ તેના ઘર આગળ ગઇ તો તેણે કમાડ વાસેલું જોયું તેમણે કમાડ ઘણાં ઠોકર્યાં પણ જવાબ આપ્યો નહીં ત્યારે ત્યાંજ થોભ્યાં, એવામાં કોઇ દળનારી દરણું આપવા માંહે ગયેલી, તે દરવાજા ઉઘાડી બહાર નીકળી તે લાગ જોઇને શાહજાદી અંદર પેઠી ને દાસી બહાર રહી ત્યારે વાણીઓ કચેરીમાંથી આવી ને ઓશરીના પડીયાર ઉપર બેઠો દાતણ કરે છે. તેણે ઝડપ ઉભો થઈ શાહજાદીનો સત્કાર કર્યો ને બોલ્યો ઘણી ચાકરને ઘેર કયાંથી ? તે સાંભળી શાહજાદીએ તરતજ તેનો હાર પકડયો ને કહ્યું કે હું તો તારા ઉપર ફીદા (આશક) છું વાણીઆ ભાઇ બીકણ એટલે ના ના કહેવા લાગ્યો કે તમે તો અમારા માવતર જેવા, શાહજાદી બોલી કે પીટયા ! હું આવી છું રંગ રમવાને તે પાછી જનાર નથી, માટે જો તું મારૂં મન મનાવી મને નહિ ભોગવે તો તારૂં માથું કપાવીશ વાણીઆની સ્ત્રી ચતુર હતી તે બોલી જે એમાં શું છે ? જાઓ જે થનાર હશે તે થશે, પણ શોખ તો કરી લ્યો પછી વાણીઓ શાહજાદીનો હાથ પકડી ઉપર લઈ ગયો તે વખતે વાણીઅણ બોલી, બેન રંગ રમવા આવી છે, તો આવો અપશુકનીયાળ પોશાક કેવો? એમ કહી પોતાની પેટીમાંથી જરીયાનના તરેહવાર પોશાક તથા હીરા મોતીના ઘરેણાં પહેરાવીને તેને ખુબ શણગારીને બન્નેને શયનગ્રહમાં મોકલ્યા, તેમણે ત્યાં ખાઇ પી આખી રાત એશઆરામ તથા રંગભોગમાં ગુજારી એમ ત્યાં બે ચાર દીવસ

સુધી રહી ત્યાં સુધી શાહજાદીનો કોઇએ ભાવ પુછયો નહિ કેમકે એવી રીતે તે ઘણીવાર બાગમાં કે મસીદમાં પડી રહેતી, પણ પાંચ સાત દીવસ થયા ત્યારે પુછપરછ થવા લાગી તે શાહજાદી કયાં ગઇ! વાણીઓ રોજ સવારમાં કચેરીમાં જતો હતો. તે આ ચર્ચા સાંભળે અને જે વાત થાય તે પોતાની સ્ત્રીને કહેતો, પણ તે ગણકારે નહી. આઠ દસ દીવસ થયા એટલે પછી કચેરીમાં રાજા બોલ્યો કે પાસેના ગામથી નજુમીને બોલાવો તે વાણીયાએ સાંભળ્યું, ને ઘેર જઇ સ્ત્રીને કહ્યું કે હવે તો સપડાઇ જઇશું, કેમકે બાદશાહ કાલે નજુમી બોલાવનાર છે, એટલે પછી આપણું તો આવી રહ્યું વાણીયણ કહે ફીકર નહી તેનો હું ઇલાજ કરીશ રાજાને નજુમીને બોલાવતા બેચાર દીવસ પ્રવીતી ગયા વાણીયાના ચોકમાં પ્રથમ વખતનું એક હોજ હતું એ વાણીયાએ કાઢી નંખાવી સાફ કરી પાની ભરાવ્યું પછી એક હોડી વેચાતી મંગાવી અને હોજમાં તરતી મુકાવી અને ચારે બાજુએ એટલે એક બાજુએ મક્કા, બીજી બાજુએ દ્વારકા ત્રીજી બાજુએ કલકતા, અને ચોથી બાજુએ મુંબઇની એમ ચારે શાહેરની તસ્વીરો મુકાવી અને પેહેલી હોડીમાં શાહજાદીને બેસાડી તેના હાથમાં હલેસું આપીને કહ્યું કે હોડી ચારે બાજુએ ફરતી રાખ અહીં શાહજાદી હોડીમાં ફરે છે અને પણે કચેરીમા પેલો નજુમી પ્રથમ નજુમો નાંખી બોલ્યા જે બાઇ પાણી ઉપર છે, બાદશાહે પુછયું કયાં! નજુમી બોલ્યો કે મુંબઇ દિવાન કહે હજ કરવા જવાની હતી તે ગઇ હશે પણ ગાંડી કહ્યા વગર ગઇ જો કહીને ગઇ હોત તો ખજાનો આપી મોલકત, પા કલાક પછી હોડી મક્કાની છબી તરફ ગઇ ને પણે નજુમી નાખી જોવડાવ્યું, જે મક્કા તરફ છે ત્યારે અચીત વ લાગ્યા જે ગઇ બાદ થોડીવાર પછી હોડી ફેરવીને

પણે વળી ફરીને નજુમી નાંખ્યો. ત્યારે નજુમી બોલ્યો કલકત્તા પર છે ત્યારે કાંઇક શક પડયો તેથી કહે ફરી નાખો ચોથીવાર નજુમીએ કહ્યું કે દ્વારકા તરફ છે તે સાંભળી બધા હસવા લાગ્યા ને તેની ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો. અને તેને ગાંડામાં ખપાવી હાંકી કાઢયો પછી તો બાદશાહે તેની ઘણી ઘણી શોધ કરવા માંડી પોતે એક બીડું ફેરવ્યું કે જે મારી શાહજાદીને ખોળી આપે તેને મોટું ઇનામ આપીશ; તે બીડું તેના કોટવાળે ઝડપ્યું, અને શાહજાદીની તપાસ કરવાને નીકળ્યા બેચાર દીવસ અહીંતહીં ફર્યા પછી તે પેલા વાણીયાની ગલી આગળ આવ્યા તે ગલીને નાકે તંબોળીભાઇ રહેતા હતા તે ઘણા ચતુર હતા તેમણે આની નેત્ર ચિકિત્સા જોઇ પૂછયું કે કેમ ફેરા મારો છો. કોટવાલે વાત નિવેદન કરી ત્યારે તંબોળી કહે અમે બતાવીએ તો શુ આપશો કોટવાળ કહે પાંચસો રૂપીઆ આપું તંબોળી કહે તે પહેલા આપો તો બતાવીએ. પછી તમને કયાં પુછવા આવીએ તમે અમલદાર પડયા તે કોટવાલે કબુલ કર્યું ત્યારે એક ભાઇ સાથે સાથે આવ્યો ને રૂપીઆ ગણી આપ્યા, એટલે તેણે બતાવ્યું કે પેલું સાતમું ઘર છે તેમાં છે. કોટવાળ ઘોડો વાળીને વાણીઆના ઘર તરફ આવ્યો ત્યારે તેની સ્ત્રી ચરીત્ર કરી નેહ મારતી અર્ધાશબ્દ બોલી મોહ ઉપજાવી કહેવા લાગી જે હં—હં મુવો મારી ઉપર સોક લઇને પડયો છે માટે આવો તમે આવો આપણે સાથે રહીયે કે પિટયો જલદી ઠેકાણે આવે વાણિઆણ પણ ટકોરા જેવી હતી, તેના હાવભાવ અને ચાળા ચસ્કા જોઇ કોટવાળ લલચાયો તે અંદર ગયો એટલે વાણીઅણે તેના હાથમાંથી ઘોડો લઇને બાંધ્યો અને તેના હાથ પકડી એક ઓરડા ભણી આંગળી કરીને બોલી કે પણે બેઠાં છે, તમે અંદર જાઓ હું આવું તો મને મારશે પેલો અર્ધાંક દુર ગયો કે નીચે ખાડો ખોદી ઉપર

પાણીયું મેલ્યું હતું તે ખેંચી લીધું કે કોટવાળ અંદર કેદ થયો ? આસરે પાંચ સાત દિવસ થયા પણ કોટવાળ ક્યાં કોટવાળ ક્યાં ? ને બાદશાહે વિચાર્યું કે જ્યાં છે ત્યાં જેણે શાહજાદી રાખી છે, તેણે કોટવાળને કેદ કર્યો છે. એટલે હુકમ કર્યો તેથી દિવાન શોધવા નિકળ્યો, પણ બે ત્રણ દીવસ રખડતો રખડતો તંબોળીની દુકાને આવ્યો તેને પણ તંબોળીએ વધારે ખંખેરીને સ્થાનક બતાવ્યું એટલે તે ત્યાં ગયો, ત્યારે વાણીઅણે તેને પણ હાવભાવ અને પ્રેમી વચનોથી ફસાવી બીજા ખાડામાં કેદ કર્યો ચોથે દિવસ હજુરીઓ તપાસ કરવાને નીકળ્યો તેની પણ તેજ દશા થઇ, પછી રાજા પંડે શોધ કરવાને નિકળ્યો અને આંખમાં ઘણી ખુનસ વરસી રહી અને તે તંબોળીએ મુકામ બતાવ્યું કે ત્યાં આવ્યો વાણીઅણે પહેલેથી રાજાના સારૂ એક સરસ ઓરડો શણગારથી તેમાં ગાદી તકીઆ પાથરી મેલ્યા હતા ત્યાં આગળ રાજાને સત્કાર કરી પોતે તેડી ગઇ પછી પોતે કહ્યું કે હું બારણું વાશી નાની બારીમાંથી તમને દેખાડું નહિ તો મને માર પડશે રાજાએ કહ્યું, ઠીક, પછી તેણે તાળું મારી બારી ખુલ્લી રાખી અને શાહજાદી પાસે જઇ કહ્યું, કે જા તારા પિતા આવ્યા છે તેમને તું કરગરી પગે પડી સાચેસાચી વાત કહે કે હું આશક પડીને આવી છું તેણે આનાકાની કરી ત્યારે વાણીયણ બોલી ત્યારે શું તું મારૂં ગરીબનું નખોદ વાળવા આવી છે માટે જા બાદશાહને મળ, માબાપને કહેતાં શરમ રાખીએ નહિ. તે સાંભળી શાહજાદીએ જઇ કાલાવાલા કરી બાપને વિનવી પગે પડીને કહ્યું કે વાણીયાનો વાંક નથી. માટે માફી આપો. બાદશાહને દયા આવી અને બોલ્યો કે જા માફ છે શાહજાદી કહે લખી આપો બાદશાહ કહે મારી મહોરતો હજુરીયા પાસે છે તે તું જાણે છે; તે દસ્તાવેજ દીવાન લખે છે.

કુંવરી કહે તેઓ પણ અહિં છે. પછી તેમને કાઢી હાજર કર્યા પછી દીવાને ખડીઓ કલમ આપી દસ્તાવેજ કર્યો અને હજુરીઆ પાસે મહોર કઢાવી માફીપત્ર વાણીઆના હાથમાં આપ્યું પછી વાણીયણે બાદશાહને કહ્યું આપના હુકમો અત્રે સાંજે મોકલી શાહજાદીને લઇ જશો તો વાત કયાંઈ ફાટશે નહી તેમાં આબરૂ છે પછી બાદશાહ મહેલમાં ગયો અને સાંજે રાણી પાસે કુંવરીને બોલાવી લઇ તેનું લગન લઇ પરણાવી આપવા નકી કર્યું માટે હે પાદશાહ તું વિચાર કર કે એતો મોટી શાહજાદી હતી તો પણ તેણે એક વખત આવું તરકટ ઉઠાવ્યું તો આ ગરીબ કંગાળ હલકા કુળની છોકરી શું નહિ કરે ! માટે એવી સ્ત્રીના શીખવ્યાથી નિરપરાધી કુંવરને મારવાની હિમ્મત તમે હરગિજ કરશો નહિ શાહજાદો તદન નિર્દોષ છે અને રાણીજ ગુન્હેગાર છે.

આથી બાદશાહને પોતાના અઘટિત કૃત્યનો ઘણો પસ્તાવો થયો અને આમાં શું હકીકત બની છે તે શાહજાદાને મોઢેથી જાણવા ફરમાવ્યું ત્યારે તે બોલ્યો:—

માલિની છંદ.

નથિ નથિ નથિ સ્વપ્ને ક્રુર સંકલ્પ કીધો,
નથિ નથિ નીતિ રીતી ઉપરે પાય દીધો;
દિલ દુખ અતિ થાએ તાત આ શું કહો છો,
મુજ નીતી રીતિ જાણી વહેમ ક્યાંથી લહો છો.

આ સાંભળી સઘળી-સભા છક થઇ ગઈ ને વજીરે કહ્યું જહાંપનાહ મેં આપ નામદારને પહેલાજ કહેલું કે મોટી વયે ન્હાની બૈરી સાથે લગ્ન કરશો તો ખત્તા ખાશો બાદશાહે વજીરનો

ઉપકાર માન્યો અને કહ્યું કે મારા શાહજાદાને તેં બચાવ્યો છે. પછી બાદશાહે કુંવરને નિર્દોષ ઠરાવીને કહ્યું કેઃ—

માલિની છંદ.

વચન સરવ સાચા પુત્રરે પ્રિય તારાં,
શ્રવણ યુગલ કાચા કામથી પુત્ર મારા;
વગર સમજ આ મેં કેર કુડો કરાવ્યો,
દિલિપ નૃપતિ ભુલ્યો ભામિનીનો ભમાવ્યો.

પછી બાદશાહે હુરમને કહાવ્યું કે ફરીને આવું તર્કટ કરશે તો તને તોપને મોઢે ઉડાવીશ.

વાર્તા ૭ મી.

ભલો પટેલ અને રૂપાળી પટલાણી.

પૂર્વ લીંબાહર નામે ગામમાં ભલો પટેલ રહેતો હતો, તેની વહુનું નામ રૂપાળી હતું તે બન્ને ભરજોબન અવસ્થામાં હતાં. તેમને પરસ્પર ઘણીજ પ્રીતિ હતી, તેથી તે હાસ્ય વિનોદ અને એશઆરામમાં દિવસ નિર્ગમન કરતા હતાં, કેટલાએક દિવસે કોઈ કવીને મોઢેથી સ્ત્રીઓના ચરીત્રના વખાણની વાત ભલા પટેલે સાંભળી જેથી તેના મનમાં તે વાતનો સંદેહ થવાથી પોતાની પ્યારી સ્ત્રી રૂપાળી આગળ કહેવા લાગ્યો કે સ્ત્રીઓના ચરીત્રોને તું વખાણે છે એ વાત મને ખરી લાગતી નથી રૂપાળી બોલી કે સ્ત્રીઓના ચરીત્રો અપાર છે એને કોઈ કળી શકતું નથી, એ ચરીત્રોથી મોટા મોટા મહાત્માઓ છેતરાયા છે તે કોઇની અક્કલમાં આવતું નથી

સ્ત્રીઓ ભરથારને યારના ચાકર તરીકે તેડવા મોકલે છે અને તેમના દેખતાંજ પરપુરૂષથી જાર કર્મ કરે છે ને ભરથાર તે સ્ત્રીને પતિવ્રતા માને છે બધી સ્ત્રી એવી નથી, તેમ બધી સ્ત્રી પતિવ્રત પણ નથી. એજ પ્રમાણે જગત વ્હેવાર ચાલ્યો જાય છે, એટલે સ્ત્રી ચરીત્ર ખરૂં છે ભટો કહે એ વાત મને તો ખરી લાગતી નથી. ને જો ખરી હોય તો એ ચરિત્રો તારા વિશેજ બતાવી મારો સંદેહ ભાંગ; એ બાબત હું રીશ કરીશ નહિ ગમે તે પ્રપંચ કરી નિશ્ચિત મારી સમક્ષ પરપુરૂષ સાથે જાર કર્મ કર, ને મારા મનમાં એવો વહેમ એ કૃત્ય કરવાનો રહે નહિ તોજ હું એ સ્ત્રીચરીત્ર ખરૂં માનું રૂપાળી કહે કોક દિવસ બતાવીશ તારી સાથેજ યારને તેડાવી તેની સાથે હાસ્ય વિનોદથી રંગ રમી આખી રાત નિરગમન કરી સવારે જાય ત્યારે વળાવવા પણ તનેજ સાથે મોકલું એવી રીતે ચરીત્ર કરી બતાવીશ આ પ્રમાણે વાત થયા થોડા દિવસ જવા દઇ એક દિવસ રૂપાળી પાણી ભરવા ગઇ તે ત્યાં તેજ ગામના વાણિયા મુળચંદ મહેતાનો દીકરો મોહન તળાવને કિનારે બેઠો હતો તેને રૂપાળીએ ઘડો ચડાવવાનું કહી નેત્ર કટાક્ષ કર્યા ને તેની સાથે પ્રીતિ કરીને આઠ દીવસનો મળવાનો વાયદો કર્યો. રૂપાળી પાણી ભરી ઘેર ગઈ તે વાતને બે દિવસ થયા તેવામાં લીંબાહરથી ગાઇ એક અમીપર ગામમાં કણબીમાં ખરચ હતું ત્યાં ઘણા ગામના પટેલીઆઓને તેડાવ્યા હતા તેમાં ભટા પટેલને પણ તેડાવ્યો હતો તેથી તે ત્યાં જમવા ગયો ત્યાં તેના શાળાની વહુ કે જેનું નામ ચોથી હતું તે ત્યાં એનું મોસાળ હોવાથી કામ કરવા આવેલી હતી તેને ભટો ઓળખતો ન હતો પણ ચોથી વહુ ભટા પટેલને ઓળખતી હતી તેને પોતાની નણંદનો વર જાણી લાજ કાઢતી હતી ભટાએ તે સ્ત્રી કોણ છે એમ

જેને ત્યાં પોતે ગયો હતો તેને પુછ્યું તેણે કહ્યું કે એ બાઈ અમારી ભાણેજ થાય છે ને તમારા શાળાની વહુ છે એમ જાણતાં ભટો રાજી થયો હવે જ્યારે ખરચ સમાપ્ત થયું કે સર્વે પટેલો વિગેરે ઘેર ગયા તેમાં ભટો પણ રજા લઇ ઘેર આવ્યો અને પોતાની સ્ત્રી રૂપાળી પાસે તેની ભાભી ચોથી વહુ ત્યાં આવી હતી તે વિષે વાત કરી કહેવા લાગ્યો કે તારી ભાભીને આંહી તેડી લાવી મીજમાની આપી પરોણાગત કરવી જોઇએ માટે તેને તેડવા તું જઇશ તોજ આવશે માટે ઉતાવળી જઇ તેડી લાવ રૂપાળી પટલાણી પોતાના ધણીના અતિ આગ્રહથી પોતાની ભાભીને તેડવા અમીપર ગઇ. અને જેને ત્યાં પોતાની ભોજાઇ હતી ત્યાં ગઇ ત્યારે માલમ પડયું કે એ તો પાછી ઘેર ગઇ એટલે ત્યાંથી પાછા વળી ઘેર આવતા રસ્તામાં વીચાર થયો કે મોહનને મળવાનો આઠ દિવસનો વાયદો કર્યો છે ને તે આઠ દિવસ હમણા વહ્યા જશે માટે કાંઇ યુક્તિ કરી આજે જ પ્રિતમને ઘેર તેડી જવો એમ વિચારતાં ગામમાં પહોંચી એટલામાં મોહન સામો મળ્યો તેને રૂપાળીએ બોલાવી કહ્યું કે તું આ પોષાક ઉતારી સ્ત્રીના લુગડાં તથા હાથમાં ચુડીઓ અને ઘરેણા વિગેરે સર્વ પોષાક સ્ત્રીઓનો પહેરી આંહી પાસેના વડ પાસે બેસ અને હું મારે ઘેર જઇ મારા ધણીને સાથે લઈ મારી ભાભીને તેડવાને બહાને તુને મારે ઘેર તેડી જઇશ પણ મારો ધણી આવે ત્યારે ઘણી લાંબી લાજ (ઘુંઘટો) કાઢજે એમ મોહનને શીખવી રૂપાળી ઘેર આવી. ત્યારે તેના ધણી ભટાએ પુછ્યું જે તું તારી ભાભીને તેડવા ગઇ હતી ને એકલી કેમ આવી ? રૂપાળી બોલી કે હું તેડી લાવી છું. પણ તમારા તેડવા ગયા વિના ઘેર આવી નહી ને પાદર વડ નીચે ઉભી છે માટે મારી સાથે તેડવા ચાલો. ભટો કહે હું તારી સાથે

તારી ભોજાઇને તેડવા :આવું તો લોકોમાં મારી લાજ જાય અને મશ્કરી થાય. લોકો કહેશે કે ભટો પટેલ સાળાની વહુને તેડવા ગયો માટે તું સોગન દઇને તેડી લાવ રૂપાળી રોવાને ફ્કળાટ કરવા લાગી કે મને મોકલીને હવે નાક કપાવા ધારો છો, માટે તેડવા તમારે આવવાની ગરજ હોય તો ચાલો. હું આગળ જાઉં છું ને તમે પાછળ ચાલ્યા આવજો ભટે બિચારે કબુલ કર્યું ને પોતાની સ્ત્રી પાછળ તેડવા લ્યો ને જ્યાં મોહન સ્ત્રીના વેશે ઉભો હતો ત્યાં આવી ભટો પોતાના સમ દેઇ ઘેર આવવાનું કહ્યું એટલે આગળ ભટો પટેલ ને પાછળ રૂપાળી પોતાના યારને સ્ત્રી વેશે લઇ ચાલી ઘેર જતાં રસ્તામાં ભટાને પોતાની સ્ત્રીએ ચરિત્ર બતાવવા વિશે કહેલી વાત યાદ આવી તેમજ મીજમાનની ચાલચલગત જોતા તે સ્ત્રી નહિ પણ પુરૂષ હોય એવો સંદેહ ભટાના મનમાં થયો. જેથી ઘેર પહોંચ્યા પછી પોતાની પ્યારી સ્ત્રી રૂપાળીને પાસે બોલાવી એકાંતમાં કહ્યું ? તું જે તારી ભાભીને તેડી લાવી છે તેની ચાલચલગત ઉપરથી મરદ છે એમ મને ખરી રીતે જણાય છે, માટે બોલ રાંડ તારી ભાભી છે કે તારો યાર? રૂપાળી પોતાના ધણીનું આમ ક્રોધમાંથી બોલવું સાંભળી મનમાં તો સમજી ગઇ પણ સ્ત્રી ચરિત્ર કરી આંસુ લાવી ક્રોધથી હાય ! હાય ? શું મને વેસ્યા જાણી, આજ ઘણા વર્ષે મારી ભાભી મને મળવા આવી ત્યાં લાજ ખોવાને શરમ વગરના વચન બોલીને મશ્કરી કરો છો ! શું મારો જીવ લેવાને તઇયાર થયા છો ? આવો ધણી મારા ભોગ છે. મારો કાળ પાસે આવ્યો છે. વિગેરે બોલી કાંગા મુંડા કરવા લાગી. ભટો કહે ચુપ રહે રાંડ હું આપણી દાસી શણકીને તેડી લાવી છું તેને તારી ભાભી સાથે આખી રાત સુવાડી મુકું ને સવારે પારખું જોઉં જો કાંઇ કપટ જણાય તો તારૂ અને એનું બન્નેનું

માથું છેદન કરૂં હે રાંડ! હું ઝાઝા ભેદ ભણ્યો છું. તારો છેતર્યો છેતરાઉ તેમ નથી. આવી રીતે ભટાનું બોલવું સાંભળી રૂપાળીને ચીંતા થઇ અમે અને જાણ્યું કે જો સણુકીને તેડાવી પારખુ જોશે તો નક્કી મારૂ પોગળ વર્તાયા વિના રહેશે નહિ. ને નક્કી મોત આવ્યું આથી રૂપાળી ઘણીજ ફીકર. અને ચીંતાથી શોકાતુર થઇ વિચાર કરી બોલી કે ભલે તમને સંશય થયો હોય તો ખાત્રી કરો અને બીજે કાને વાત જાય તો આપણી ફજેતી થાય માટે તમારે પારખું જોવું હોય તો અમે સુતા પછી મારી ભાભી ભરનિદ્રામાં હશે ત્યારે હું તમને બોલાવીશ એટલે હાથ ફેરવી ખાત્રી કરજો આ વાત ભલા પટેલને ગમી પછી સુતા ટાણે ભટો બારણે સુતો રૂપાળી બારણા દઇ ઓરડામાં પોતાની ભાભી બનાવેલા યારની સાથે એશઆરામથી ખુબ રંગ રમી રહ્યા પછી પોતાના વહાલા યાર મોહનને બીજા ઓરડામાં સુવાડી પોતે ઓરડાની કરોકરે પોતાનો દીયર ખેતો રહેતો હતો તેના ઘરમા આવજા કરવા માટે એક બારી રાખી હતી, ખેતો ઘણું કરી-ને વાડીએ વાસો રહેતો હતો. રૂપાળીએ તે બારી ઉઘાડી પોતાની દેરાણીને ઉઠાડી આંખે આંસુ ભરી રોઈ પડીને રડતી કહેવા લાગી કે તારે જેઠે મને વગર વાંકે મારી મારાં હાડકાં ખોખરાં કરી નાંખ્યાં અને વળી બારણાં દઇ બહાર સુતા છે મારાં હાડકાં મારથી કળે છે એટલે નિંદ્રા આવતી નથી, એથી કુવે પડવા નક્કી કરી તારી પાસે આવી છું. દેરાંણી બોલી ઘર હોય ત્યાં લડવું એ પડે ઘર હોય ત્યાં વાંક પણ આવે માટે તેનો મોખો રાખીએ નહિ ચાલો હું તમારી સાથે સુવા આવું છું. એમ કહી તેની દેરાણી રૂપાળી સાથે સુવા આવી, ને બંને દુઃખ સુખની વાતો કરી, રૂપાળીની દેરાણી નિંદ્રાવશ થઇ ત્યારે થોડીવારે પોતાના ધણીનો સંશય મટાડવાને પોતે તથા

દેરાણી જે ઓરડામાં સુતાં હતાં ત્યાં તેડી જઇ કહેવા લાગી કે મારી ભાભી ભરનિદ્રામાં છે માટે તમારે જે પારખવું હોય તે જાળવી લઇને કરી લીગો એટલે ભટા પટેલે ધીરે ધીરે રહી ચોરની માફક જઇ રૂપાળીએ બતાવ્યા પ્રમાણે તપાસ કરતાં ભટા પટેલને ખાત્રી થઇ કે આમાં કાંઇ કપટ નથી. આ મારા મનનો ખોટો વિચાર આવ્યો મારી સ્ત્રી પતિવ્રતા છે. આમ ભટા પટેલને નક્કી થયું એટલે પાછો બ્હાર આવીને સુતો અને પ્રભાત થતા રૂપાળીની દેરાણી પાછી પોતાના ઘરમાં ગઇ ત્યારપછી રૂપાળીએ પોતાના યાર મોહનને જે ઓરડાંમાં સંતાડયો હતો તેને ઓરડામાંથી બહાર કાઢયો ને ભટાને કહેવા લાગી કે મારી ભાભી તેના ઘેર જવા માગે છે, ઘણું કર્યું પણ રહેતી નથી એમ કહી પોતાની ભાભી થએલા યારને આગળ કરી પોતે પાછળ વળાવવા ચાલી ને ભટો પણ થોડે સુધી વળાવવા ગયો ને સામા સામા રામરામ કરી આનંદથી બન્નેજણ ઘેર આવ્યા.

વારતા ૮ મી.

ઠાકોર ગુણીયલસિંહ અને તેની સજીવન કરેલી કઠોરસુંદરી.

એક ન્હાના સરખા આણંદપુર ગામમાં ગુણીયલસિંહ કરીને એક ઠાકોર રહેતો હતો તેઓએ બેના શીવાય દુનીઆના ત્રીજા કોઇ પણ સાથે સંબંધ નહી હતો. ઠાકોર ગુણીઅલસીંહ પોતાની સ્ત્રી કઠોરસુંદરીને એટલો ચાહતો હતો કે તેને પોતાના દીવાનખાનામાંથી અળગી કરી જરા પણ વિયોગ સ્વાધીન્ થઇ શકતો નહિ પોતાના જાન કરતાં પણ પ્યારીને વધારે ગણતો હતો. જેમકે—

સારંગે સારંગ ગ્રહ્યો, સારંગ આયો ધાય;
મનકો સારંગ મેં રહ્યુ, દીલકો સારંગ જાય.

પણ તેમની પ્રીતિ ઝાઝા દિવસ સુધી ટકી નહિ તેમના સુખમાં ઈશ્વરે એક મોટો દુખનો પહાડ નાંખ્યો અને રજપુતાણી કઠોરસુંદરી બીમાર પડીને સ્વર્ગ સ્વાધીન થઇ, ત્યારે પોતાની પ્યારી સ્ત્રી કઠોરસુંદરીના મરણનો જખ્મ ઠાકોર ગુણીયલસિંહના દિલમાં લાગ્યું કે તે ઘડી સુધી બેશુદ્ધ થયો. લોકો પોક મુકતા આસપાસ ભરાયા અને કઠોરસુંદરીને બાળી નાંખવાને લઇ જવાના ઇરાદાથી વાંસ દુણી વગેરે મંગાવ્યા ત્યારે ઠાકોર ગુણીયલસિંહના મનમાં જુદા જુદા તર્ક થવા લાગ્યા કે હાય ! હાય ! શું મહારી વહાલી કઠોરસુંદરીને બાળી નાંખશે ? પછી તેણે પોતાની સ્ત્રી કઠોરસુંદરીને એકદમ ખાંધ ઉપર ઉઠાવી સપાટા બંધ દોટ મુકી. તેથી થોડીવારમાં તે કયાં ગયો તેની કોઇને ખબર પડી નહી, તે રાનની મોટી ઝાડી વટાવીને બેભાનમાંજ એક મોટા પહાડ ઉપર ચઢી ગયો અને એક શિખળ આગળ આંબાના વૃક્ષ હેઠે કઠોરસુંદરી મડદું વિસામી તે સાથે પોતે બળી મરવાનો વિચાર કર્યો તેના આખા મ્હોં ઉપર દીલગીરી છવાઇ તેની લાલ આંખો ઇશ્વરના આછાં વાદળા તરફ ક્રોધથી ફરતી હતી. આ વખતે તેની ખુબસુરતીએ પોતાનું રૂપ ફેરવી તેને ભયંકર રાક્ષસ જેમ બનાવી દીધો હતો તેણે બળી મરવાનાજ ઇરાદે પહાડ ઉપર સુકાં સુકાં લાકડાં વીણી લાવી ખરકલો કર્યો અને તેની ચિતા ખડકી પછી પોતાની સ્ત્રી કઠોરસુંદરીને લઇને પોતે અંદર મુકીને જેવો દેવતા શળગાવે છે એટલામાં " હાં હાં " એમ મોટો અવાજ તેને કાને પડયો ત્યારે તે ફરી ચમકયો; કે પાછું અહી કોણ અટકાવવા સારૂ આવ્યું છે ! તે આસપાસ જોવા લાગ્યો તો તેની સરત એક મોટા દીગંબર જોગીરાજની સામે પડી

જોગીરાજે પાસે આવી પુછયું કે બચ્ચા કયા કરતા હે ! ઠાકોર ગુણી-યલસિંહ કહે મહારાજ બળી મરૂં છું જોગી કહે કયા સબબ ? પછી ગુણીયલસિંહ ઠાકોરે રૂદન કરીને પોતાની સઘળી વાત કહી. તે સાંભળી જોગી બોલ્યા બચ્ચા તેરા પ્રેમ સચ્ચા હે કે કુચ્ચા ? જો સચા પ્રેમ હોવે તો એ પાણીકી અંજલી ઉસકેપર છાંટ ઓર તેરી આધી ઉમ્મર ઉસકું બક્ષીસ કર.

વાંચનાર ! જેણે પોતાની સ્ત્રીના મરણથી એકાએક ગાંડો થઇ આ દુનિયાનું સઘળું સુખ ત્યાગ કરી તેની સાથે બળી મરવાનો ઇરાદો કર્યો હતો, તેની પોતાની મૃત સ્ત્રી સજીવન થાય એવો ઉપ-કાર અચાનક હાથમાં આવ્યો ત્યારે તેની કેટલી ખુશી ઉત્પન્ન થવી જોઇએ ? તે એકદમ ચીતામાંથી ઉઠયો અને જટાધારીને પગે પડયો. બાવાએ મંત્રી તેના હાથમાં એક ખોબો પાણી આપ્યું અને તેના ઉપર છાંટવાને કહી પોતે અદશ્ય થયો. જ્યાં તેણે પાણી છાંટયું કે પેલી સ્ત્રી કઠોરસુંદરી અખંડ જોતની મીશાલે ઉઠી બેઠી થઈ અને પોતાની નાગના જેવી વીખરાએલી વિશાળવેણી હાથમાં લઇ પુછે છે, હે સ્વામીનાથ ? હું અહી કયાથી ? તમે કોઇ પણ દિવસ મને તમારો દીવાનખાનાની બહાર સુર્યનું કિરણ સરખું જોવા દીધું નથી અને આજે આ ભયંકર પહાડ ઉપર ખુલ્લાં આસમાનની વચ્ચે કેમ આણી છે ! ગુણીયલસિંહ બોલ્યો પ્યારી માશુક તું ગભરાઇશ નહી, હિંમત પકડ હમણા હું તને જે વાત કહીશ તે તારા માનવામાં આવશે નહી પ્યારી તું તો મરી ગઇ હતી, અને તને બાળી નાંખવા લઇ જવાને સઘળાઓ વિચાર કરતા હતા, એટલામાં હું તારૂં મડદું લઇને જુરસાભેર અહીં નાશી આવ્યો. ને તારા પ્રેમની ખાતર તારી સાથેજ મેં અહીં બળી મરવાનો ઠરાવ કર્યો જે મેં આ લાકડાં

અડકયાં છે (લાકડા તરફ આંગળી કરીને) તે તેટલા માટેજ હતા પણ એટલામાં એક મહા પ્રતાપી અબધુત જોગીએ મને અટકાવ્યો અને એક પાણીની અંજલી ભરી આપી તારા ઉપર છાંટવાને કહ્યું. ને પોતે અલોપ થઇ ગયો મેં તે પ્રમાણે કર્યું કે તું બેઠી થઇ છું. પ્યારી મેં તારા પ્યારની ખાતર બાવાના કહેવાથી મારી અડધી ઉમર તને બક્ષીસ કરી છે. ઠાકોર ગુણીયલસિંહની વાત કઠોરસુંદરીને સઘળી ફીતુર જેવી લાગી, ને પોતે નિંદ્રામાંથી જાગ્રત થઇ હોય તેમ જાણ્યું પણ પતિ તેને શા ઇરાદાથી અહિં લાવ્યો હશે તે વિષે જુદા જુદા તર્ક કરવા લાગી અને તેમાં તેની બુદ્ધિ ફરી તેનું મન જે આજદીન સુધી તેને ચાહતું હતું, તે તેણે બીજી તરફ ઉછાળા મારવા માંડયા. અને તેનો ધણી ધણો જુઠોને પાખંડી દીસવા લાગ્યો. પણ ભોળો પતી જે તેના પ્રેમમાં ડુબેલો હતો તેને કાંઇ ખબર પડી નહી. તેણે પોતાની સ્ત્રી કઠોરસુંદરીને કહ્યું પ્યારી હું શ્રમથી થાકી ગયો માટે મને તારા ખોળામાં સુખશાંતીમાં જરા માથુ મુકી આરામ કરવા દે એમ કહી તે તેના ખોળામાં સુતો અને નેમથી થાકી ગયેલો હોવાથી અને પોતાની પ્યારી કઠોરસુંદરીના ખોળામાં સુવાના સુખની ઓરજ લહેજતથી તેને તરત નિંદ્રા આવી કઠોરસુંદરીને બાળવા લઇ જવાને માટે તેને એક ઝીણું મલમલનું કપડું પહેરાવ્યું હતું, તથા તેના નાગ રૂપી ચોટલામાં થોડાક છુટા છુટા ફુલ ગુથ્યાં હતાં તેની સુગંધીથી ભમરોનું ટોળું કમળ ઉપર જતું ભુલાઇને તેના માથા ઉપર છત્ર કરીને બણબણવા માંડયું તેથી તે તેમના તરફ હસીને જુવે છે એટલામાં તેના દાડમના દાણા જેવા દાંત જરા બહાર દેખાયા તે દેખીને એક પોપટ ઠગાયો અને તેના હોઠ ઉપર દાડમ જાણી ચાંચ મારી ગયો તે રૂપે કરીને પહાડના ઉપર સુંદરી વનદેવીના જેવી વિરાતી હતી

એટલામાં કોઇ સુલતાન બેગ કરીને શાહજાદો શિકાર રમવાને નીકળેલો તે ત્યાં ચઢી આવ્યો તેની અને કઠોરસુંદરીની નજર એક થઇ સુલતાન બેગ જો કે ચતુર હતો તોપણ આતે કાંઇ રંભા હશે કે મૃત્યુલોકની સ્ત્રી હશે એમ પારખવાને તેને કાંઇપણ સાધન જડયું નહિ તેણે શિકારને આગળ જવા દીધો અને પુતળાની માફક પેલી સ્ત્રીના સન્મુખ ઉભો રહ્યો જે કામદેવને કવિઓ કહે છે કે પ્રેલા સમશાનવાસી મહાદેવે તેને બાળી નાંખ્યો છે, તે આ વખતે સજીવન થયો. શાહજાદો હરણને મારવાને હીરણાક્ષીને મારવાનું પોતાનું વેણ રૂપી વાકબાણ છોડયું. રજપુતાણીએ પોતાની પ્રેમરૂપી ઢાલથી તે ઝીલી લીધું અને આશકને મેળવવાને જે સ્ત્રી આતુર હોય ને જેને કવિઓ મૃદુનિ નાયકા કહે છે તે રૂપ તેનામાં પ્રગટ થયું શરમથી અને પેલો સુતેલો માણસ સાંભળે તેથી તેઓ મોઢેથી તો ચુપ રહ્યા પણ તેમના હાથને નેત્ર ચુપ રહ્યા નહિ સુલતાનબેગે સાન કરી કે તેણે પોતાના પતીનું માથું જાળવીને એક પત્થરની શીલા ઉપર અડાડી દીધું અને સુલતાનબેગ સાથે ઘોડા ઉપર બેસી તેના શહેરમાં રવાના થઇ.

પતિ પાસું ફેરવવા ગયો કે પેલી શીલાનો કકડો ગબડી હેઠો પડયો તેનું માથું નીચે પછડાઇ તેમાંથી લોહી નીકળ્યું તે જાગી ઉઠયો જુવે છે તો પોતાની સ્ત્રી કઠોરસુંદરી મળે નહિ ! તેથી વિલાપ કરવા લાગ્યો પછી તે પોતાની સ્ત્રી કઠોરસુંદરીની શોધ કરવા ગયો, તે ફરતો ફરતો એ વરસે જે શાહજાદો સુલતાનબેગ તેની સ્ત્રી કઠોરસુંદરીને હરણ કરી ગયો હતો ત્યાં ચઢી નીકળ્યો ત્યાં તેને ખબર થઇ કે શાહજાદો સુલતાનબેગ કોઈ ખુબસુરત કઠોરસુંદરી નામની સ્ત્રી ફપટાવી લાવ્યો છે તે પોતાનીજ હશે એમ તેને લાગવાથી તેણે

અજીતબેગ પાદશાહ પાસે જઇ ફરીયાદ કરી અજીતબેગ પાદશાહે સુલતાનબેગ શાહજાદાને બોલાવ્યો ત્યારે સુલતાન બેગમ શાહજાદાને હસી કહાડયો જે પ્રેમ વિના પ્યારી થાય નહિ, આની સુરત જુઓ તેનું રૂપ વિયોગથી બળી ગયું હતું ને પછી એની જુઓ તે એની સ્રી કઠોરસુંદરી કયાંથી? તે તો ઈંદ્રની રંભાના જેવી રૂપવાન છે તેને આવા પુરૂષને માટે ઈશ્વરે ઘડી હોય એમ તમે દરીઆફ કરશો તો સૃષ્ટિ નિયમથી પણ ઉલટું થશે. તેને મેં મારી પટરાણી કરીને સ્થાપી છે ને મહેલમાં દાખલ કરી છે. ત્યાંથી મર્યાદા તોડીને બાહેર બોલાવાય નહિ! તે સાંભળી પેલા ગુણીયલસિંહ દુખીયા રજપુતે ઘણી તકરાર કરી પણ તે બધું ધુળ ઉપર લિપણુની પેઠે બધું ફોગટ ગયું ત્યારે તેણે એને મોટો ઘાંટો કહાડી કહ્યું. અજીતબેગ બાદશાહ તમે ખરાજ ન્યાયી હો, તો મને બાયડી જોઇતી નથી પણ જે મેં તેને મારી અમુલ્ય અરધી ઉમર બક્ષી છે તેને મને પાછી અપાવો આ સાંભળીને બધા હસ્યા પણ પેલાએ જકજ લીધી ત્યારે સુલતાનબેગ શાહજાદો કહે—ભાઇ! તારી એક પણ ચીજ અમારે હરામ છે, દુખીઓ—મારે તેની કે તમારી સાથે કંઇ વેર નથી, પણ તે મારી સ્રી કઠોરસુંદરી સાથે સહાયના છુટા છેડા થતી વખત મને એક વારજ તેણુ મેળો કરવા દો એટલુંજ તેને બોલાવો કે "જે તે મને તારી અરધી ઉમર બક્ષી છે તે જા પાછી આપી." તો બસ છે અને પછી તમારા રાજમાં એક પળ વાર પણ ઉભો રહી તમને તસદી આપીશ નહિ, તે સાંભળી અજીતબેગ બાદશાહને તેના વચનથી કેટલીક અસર થઇ અને તેની યોગ્ય સરત ન્યાયના આધારે કબુલ કરવી પડી. તેણે શાહજાદા સુલતાન બેગવાળી બાયડીને મહેલમાંથી બોલાવી. તે મોરની મીશાલે આવી હસતી હસતી બોલી કે હે પરથી

તું કોણ છે તે હું જાણતી નથી. છતાં તું બીજાનું બાયડીનું ચિત્ત વેગરૂપ સાંભળી ગાંડો થયો છે શું ગુણીયલસિંહ ઠાકોરે તેના બોલ-વાના વચન પરથી જાણ્યું કે બાયડી મારી તો ખરી પણ વંઠી ગઇ છે પછી તેને ઉમર પાછી આપવાનું કહ્યું તેવીજ તે બોલી કે મુરખ ! ઉમ્રર તે કયાંઇ અપાતી હશે, પણ તું ગાંડો થયો છે, તારા જેવા કુતરાઓની હું પરવા કરતી નથી તો પણ જ્યારે અજીતબેગ બાદશાહનો તારે વિષે આગ્રહ છે તો હું કહું છું કે "તેં મને તારી અડધી ઉમર બક્ષી હોય તો તે પાછી લે" તેટલું સાંભળી તેનો પતિ ચાલતો થયો પણ પેલી સ્ત્રી કંકોરસુંદરી ધબ લેઇ મુડદું થઇને પડી ! ! તે વખતે ભરાએલી સઘળી સભા વિસ્મય થઇ, પણ પેલા દુખી પતિએ આ દેખાવ જોયો નહિ, કારણ કે તે ત્યાંથી નીકળી ગયો હતો, તેની ખબર રાજાને મળીજ નહિ આ દેખાવ જોઇને પેલા સુલતાનબેગ શાહજાદાની આંખમાંથી લોહીનાં આંસુ પડયાં. જેને બે વરસથી પોતાની પ્યારી અને ઇમાનદાર સ્ત્રી ગણતો તેની બેવફાઇ ઉપર તિરસ્કાર છુટયાથી તેનાં મુડદાં તરફ હવે નજર પણ કર્યા સિવાય ચાલ્યો ગયો ને અજીતબેગ પાદશાહે તેની લાશ ઢોર ઉંચકનારાઓ પાસે ફેંકાવી દીધી.

વારતા ૯ મી.

ઉકલો કોળી અને ની તેની રૂડકી.

પાટણ શહેરમાં કોળીઓની વસ્તીમાં ઉકલો અને તેની બઇરી રૂડકી રહેતાં હતાં, આ બંને માટી બઇયર ખેતીનો ધંધો કરતાં ઉકલો દારૂડીઓ અને રૂડકી છીનાળ એટલે બંનેની દરરોજ લડાલડી ચાલે તેમાં શું પુછવું ! એક દિવસે સાંજે બન્ને ખેતરેથી ઘેર જતાં હતાં.

તેવામાં રસ્તામાં આવતો એક બાવો તેને ભેળો થયો અને પુછવા લાગ્યો કે આ શહેરમાં હું કોઇને ઓળખતો નથી. માટે મારે રાતની રાત રહેવું છે તો આપને ઘેર જરા જગ્યા આપોતો તમને ઘણું પુન્ય થશે કહ્યું છે કે સંજની વેળાએ જે આવે તેની બરદાસ ચાકરી કરે તે મુવા પછે દેવતાનું સ્વરૂપ પામે છે ઉકલો તે સાંભળી તેની સ્ત્રી રૂડકીને કહે છે, અરે તું આ પરોણાને ઘેર તેડી જા ને સીધું સામાન આપજે હું આપણે માટે દારૂ અને મીઠાઇ લેવા જાઉ છું માટે બે ઘડી વાર લાગશે, તે સ્ત્રી છીનાળ હતી એટલે તેને મનગમતી વાત થઇ. પછી બાવાને સાથે લઇને હસતી હસતી ઘેર જાય છે કહ્યુ કે—જે સ્ત્રી છીનાળ છે તે અંધારી રાત નિરાત ઠેકાણે ને ધણી બહાર ગયેલો જોઇને હરખ પામે છે. જે સ્ત્રી વ્યભિચાર કરવા પારકા પુરૂષ પાસે જાય છે તે તેને પલંગપર સુવું નરમ બીછાનું ને પોતાનો સ્વામી એ સઘળા વાના ગમતાં નથી જેનું છિનાળા ઉપર ચિત્ત લાગ્યું તે સ્ત્રી પોતાના કુળની લાજ લોકો ભુડુ કહે છે પોતાના શરીરને ધક્કો લાગશે વિગેરે કાંઇ જોતી નથી પછી રૂડકી બાવાને લઇને ઘેર ગઇ અને આસાન આપીને બાવાજીને કહ્યું કે મહારાજ! હોશીયાર રહેજો. મારે કાંઇ કામ છે તે તરત જઇ આવું એમ કહી ઘરમાં ગઇ. સોળે શણગાર સજી બની ઠનીને પોતાના યારને મળવા બહાર નીકળી એવામાં દારૂ પીને ઝુલતો તે લથડીયા ખાતો ખાતો રસ્તામાં પોતાનો માટી સામે આવે છે તેને જોઇને નાસતી નાસતી પાછી ઘેર આવી. અને સંગાર ઉતારી નિરાંતે બેઠી છે. ઉકલો તેને નાસતી જોઇ વારે તેને ભારે ક્રોધ ચઢયો અને આવતા વેતજ તેને પુછે છે રાંડ કયાં ગઇતી કયા માટી પાસે ગઇ હતી? તે સાચેસાચુ કહી દે તે બોલી કે રે રે પીટીઆં હું કયાંઇ

નથી ગઈ તુ દારૂ પીને એ શું બકે છે શરમાતો નથી? છાકટો થઈ લથડીઆ ખાતો ભાન વગરના બકયા કરે છે એમ એક બીજાને ઘણી લડાલડી ચાલી એટલેથી પણ બંધ ન વળતા છેવટ મારા મારીપર આવ્યા તેમાં ઉકલે દારૂના આવેશમાં ૨—૪ લાકડી એવી તો જોરથી મારી કે સ્ત્રી નરમ પડી તેમ તેમ ઉકલો જોશમાં આવ્યો છેવટ ઓટલાના થાંભલા સાથે બાંધી મુકીને પછે પોતે સુવા ગયો કેટલીક રાત ગયા પછિ તેના રોજના નિયમ પ્રમાણે જઈ શકાયુ નહિ પણ જવા માટે અનેક પ્રકારની ગોઠવણ કરી જાઉ તોજ ખરી એવો વિચાર કરે છે બીજી બાજુ તેને વહાલો યાર મોટી રાત સુધી રાહ જોઈ બેઠો છે અને છેવટે તે નજ આવી ત્યારે તેની બેનપણી વાણંદાણી કુટણીને તેડવા મોકલી તે આવી સંકેતથી કહે છે રે. બેન તે આ શું કર્યું યાર તારી વાટ જોતો કયારનો બેઠો છે તો હવે તરત ચાલ એટલે તે બોલી રે બેન મારી તો આ દશા છે હું કયારની ઘણી આવવા વિચાર ગોઠવું છું પણ પીટાએ મારીનેમારાં હાડકાં ભાંગી નાખ્યા છે એની વેદનામાં કાંઇ સુજતુ નહોતુ હવે તુ આવી એટલે બધી પંચાત મટી હવે તુ કહે તેમ કરૂં પણ મારા રૂડયાને કુકો કર્યા પછી બીજી વાત કરજે એટલે કુટણી બોલી કે એમ તેનુ કામ કાઢી નાખવા તારો વિચાર હશે તો તેમ કરતાં કટલી વાર પણ તે આ વખત નહિ કેમકે રાત ઘણી ગઇ વળી યાર તારી વાત જોતો ઘણીવારથી બેઠો છે એટલે હું કહું તેમ કર તને છોડી તારે ઠેકાણે મને બાંધી તુ યાર પાસે સુખે જઇ રંગ રમી યારને રાજી કરી આવ પછી તેણે તેમ કર્યું અને કોલણ યાર પાસે ગઈ ઘડી બે ગડી ગઇ એટલે ઉકલો ઉઠયો અને બબડીને કહે છે અરે રાંડ? તું આજ પછિ જો બહાર નહી

જશે ને સામુ બોલી કરીઓ નહીં કરીશ તો તને છોડીશ તે સાં-ભળી વાણંદાણી કાંઇ બોલી નહીં કે રખે મારો શબ્દ સાંભળશે તો ઓળખશે. ઉકલો તેને ફરી ફરી વારે વારે પુછેછે, પણ સ્ત્રી કાંઇજ નથી બોલતી તે વારે વળી ફરી વિનવી બોલાવે છે તો પણ તે એકની બે ન થઇ. તે વારે તેને ઘણી રીસ ચઢી ને ક્રોધના આવેશમાં છરી લઈ તેનું નાંક કાપી નાંખ્યું, ને વળી પાછો સુવા ગયો. રૂડકી તેના માનીતા યાર પાસેથી હરખ ભેર પાછી આવી પોતાની બેનપણી વાણંદાણીને પુછે રે બેન તને સુખશાંતી છે ? તે બોલી નાક વગર સઘળું સારૂં છે. હવે મને અહિંયાંથી છોડ કે હું મારે ઘેર જાઉં. નહિતર બીજું કાંઇ ખોઉશ. પછી કોલણ રૂડકીએ તેની આસ-નાવાસના કરી દીલગીરી બતાવી, તેને છોડીને પોતે બંધાણી. થોડા વાર પછી રૂડકી કોલણ કુશાગ્રહ કરી પોતાના ધણીને હાક મારી કહે છે કે અરે મુર્ખ તને ધિક્કાર છે. જે તું હું સરખી પતિવ્રત્તને પણ છોડાવી ચુકયો નહીં પણ યાદ રાખજે કે હું જો ખરી હઉં તો આ વખત તને પારખું બતાવું છું. ઓ ઇશ્વર જગતકર્તા દેવ-તાઓ, સુર્યનારાયણ આપની સાક્ષીએ જો મેં પારકો પુરૂષ મનમાં લાવી તેનાથી ભાષણ કરેલા હોય તો મને બાળી ભસ્મ કરો, નહીતો મારૂ નાક જે આ મારા દુષ્ટ પતિએ કાપ્યું છે તે પાછું તેમનું તેમ થાઓ મોટા જોરેથી બોલી ઇશ્વરની પ્રાર્થના કરવા લાગી હોય તેમ ઢોંગ કરી ઉકલાને કહે છે અરે પાપી ! હવે જો મારૂ નાક તેમનું તેમ થયું કે નહી, તું મનમાં શું જાણે છે. અરે દુષ્ટ હું ચાહીશ તો એક ખલકમાં બાળી ભસ્મ કરૂં એવું મારૂં પતિવ્રતાનું સત્ય છે. તે વારે ઉકલો દીવો લઈ જુએ છે તો તેનું નાક પહેલાં સરખું દીઠું ત્યારે અચરત પામ્યો અને તેને

છોડીને પગે પડયો અને ઘણી આજીજી કરી માફી માગી બોલ્યો કે અરે તું સતી ખરી. મને ભ્રાંત રહી નહિ તને મેં નાહક દુખ દીધું તેને માટે મારો ગુનો માફ કરજે. આ સઘળી બિના પેલો બાવો જે એક રાત માટે પરોણો થઇ આવ્યો તેણે આ બધો તમાશો જોઇ કહે કે સ્ત્રીના ચરિત્રો અપાર છે એને કોઇ કળી શકે નહિ. માટે સ્ત્રીઓની સાથે ઘણો સ્નેહ રાખવો નહિ. ઘણી સત્તા આપવી નહિ તેના ભરોસા પર કંઇ કામ કરવું નહિ. જે પુરૂષ સ્ત્રીના વિશ્વાસથી એટલે સ્ત્રીલંપટ થાય છે તેની શોભા તે પાછી રહેતી નથી સિંહ સરખા વિકાળ અને હાથી સરખા મોટા તેવા જે મોટી બુદ્ધિના પુરૂષોએ પણ સ્ત્રીએ હલકા ગણ્યા છે એવો બેઠો બેઠો વિચાર કરે છે આનીગમ પેલી વાણંદાણી કુટતી પોતાને ઘેર ગઇ અને વિચાર કરવા લાગી કે હવે શું કરવું ને મારા ધણીને શું કહીને મોઢું કેમ દેખાડું એ છુપું કાંઇ રહેશે નહિ એવો વિચાર કરે છે એટલામાં મસેળકું થયું ને તેનો ધણી વાળંદ ઝાડે જંગલ જઇ આવી દાતણ પાણી કરે છે તેટલામાં હજામત કરાવનારા બે ચાર ગ્રાહકો તેડવા આવ્યા કે વાણંદે લુગડા પહેરી બારણા આગળથી પોતાની બઇરીને કહ્યું કે અરે સાંભળે છે કે મારી કોથળી લાવ મારે કામે જવું છે તે સાંભળી વાણંદીએ અસ્ત્રો લાવી આપ્યો તે જોઇ તેને ઘણી રીસ ચડી ને તે અસ્ત્રો તેના અંગ પર ફેંકી દઇ બોલ્યો કે અરે રાંડ ! મેં કોથળી માગીને તેં અસ્ત્રો લાવી આપ્યો એથી શું તારૂં નાક કાપું, એ વેળાએ તે વાણંદાણી ઘરમાંથી પોકાર કરતી બહાર નીકળી અને લોકોને કહે છે કે અરે જુવો જુવો આ પાપી પીટયાએ મારૂં નાક કાપ્યું, હાય હાય ! હવે શું કરૂં ! મને તમે એના હાથથી છોડવો, નહિ તો એ મારો જીવ લેશે તે

સાંભળીને લોકો દોડયા ને મોટો ઘોંઘાટ થતાં ઘણા માણસો ભરાણા ને સરકારી માણુસ પણ આવ્યા. તેઓએ તે વાલંદને પહેલાં તો સારી પેઠે સોગટા બાજી કરી બાંધીને રાજા પાસે લઇ ગયા તે વારે રાજાની સભાના બેસનાર અમીર ઉમરાવ અને મુત્સદીઓ તેને પુછે છે? રે મુર્ખ દુષ્ટ, તેં વગર ગુને આ સ્ત્રીનું નાક શા માટે કાપ્યું? વાલંદે આ ગુનો કર્યો નહોતો અને તેની ઉપર અકસ્માત તોહમત આવતાં ગભરાટમાં વિચાર કરવા લાગ્યો કે હવે શો ઉત્તર આપવો. એમ વિચારમાં મુઢ જેવો બની ગયો છે કંઇ બોલતો નથી તેટલામાં સભાસદો કહેવા લાગ્યા કે સાહેબ આ ગુન્હેગાર છે માટે તેને શિક્ષા આપવી જોઈએ. આથી તે નિરપરાધીને લાંબી મુદત કેદ તથા દંડની બંને શિક્ષા ફરમાવી આ બધી બીના કોળીને ત્યાં બનેલી અને પેલે બાવે જોએલી તેથી તે નિરપરાધી વાલંદની ઉપર ગુજરેલી જુલમની દયા ખાતર રાજાની સભામાં સવીસ્તર હકીકત જાહેર કરી જેથી રાજસભાએ તેના પુરતા પુરાવાથી નિર્દોષ વાલંદને છોડી દીધો અને તેની સ્ત્રી કુટણી વાલંદણીને ગુનેગાર ઠરાવી બીજી શિક્ષા નહિ કરતાં માત્ર ગામમાંથી કાઢી મુકી.

વારતા ૧૦ મી

અમરસિંહ અને તેની સ્ત્રી જારમતી.

રતુજમાં કેસરીસિંહ ને અમરસિંહ નામના બે ગરીબ રજપુત ભાઈઓ રહેતા હતા અમરસિંહનું સાસરૂં મણીપુરમાં હતું, તેની સ્ત્રીને હજી આણું કર્યું નહતું. તેના મોટાભાઇ કેસરીની સ્ત્રી ઘેર રહેતી હતી તેથી રસોઇ પણ તે કરતી હતી. એક દીવસ બંને ભાઇઓ

જમવાને બેઠા હતા તે વખતે કેશરીની સ્ત્રી કાન્તિમતિ કઢી પીરસવા આવી, તેને જોઈ અમરસિંહે કહ્યું, ભાભી ? આજ કાંઇ કઢી સારી થઇ નથી. ભાભીએ છણુકો કરી કરડાકીમાં કહ્યું દીયરજી ? સારી કઢી મારી દેરાણી છમકાવી મુકશે. અમરસિંહને ભાભીનું મ્હેણું પગથી તે માથા સુધી લાગ્યું તે તરતજ હાથ ધોઇને ઉભો થયો અને પોતાના ભાઈના વાર્યા છતાં એકદમ ઘોડો લઇ પલંગી ચાલતો થયો કેસરીએ પોતાની સ્ત્રી કાંતિમતિને ઘણોજ ઠપકો દીધો અને પોતાના ભાઇની પછવાડે દોડયો, પણ અમરસિંહ ગયો તે ગયો.

જ્યારે રેવંત પલાણ્યા, સાસરે તેડવા જાય,
ઝટપટ વહેલા પધાર્યા મમ ખરી વમાસણ થાય.

અમરસિંહ ઘોડેસ્વાર થઇ પોતે સસરાના શહેરમાં ગયો. સસરાને ખબર પડી કે જમાઇ આવે છે. તેવોજ તે સામે આવ્યો અને ઘણા આદર સત્કારથી પોતાને ઘેર તેડી ગયો, જમાઈને એક પોતાના અલાયેદા દીવાનખાનામાં ઉતારો આપ્યો અને કસુંબા પાણી વીગેરે પાઇને જમાઈની ખાત્રી કરી, તેણે પોતાની સ્ત્રીને કહ્યું કે આજ જમાઇ પધાર્યા છે માટે રસોઇની તઇયારી કર. સાસુએ તરતજ બતરીસ રસોઈ કરી તેત્રીસ શાક કર્યાં. રાઠોડ જમ્યો, અને રાત પડી કે પોતે મેડી ઉપર સુવા ગયો, તેની પછવાડે તેની સ્ત્રી જારમતી આવી, ને પલંગ પર બેઠી, અમરસિંહ જાગતો પડી રહ્યો પણ સ્ત્રી પરીક્ષા જોવાને પોતાના મોં ઉપર કાપડું ઢાંકી કપટનિદ્રા કરી સૂઈ રહ્યો ! બાયડીએ તેના ઉપરથી પછેડી કાઢી નાંખીને જોયું તો પોતાના પતિના નસ્કોરાં બોલતાં માલમ પડયાં :બાયડીને વ્યભિચારનો ચડસ ઘણો હતો તે કોઇ લક્કડનાથ બાવાની સાથે તનમન થઇ હતી

પોતાના પતિના આવવાને લીધે અત્યાર સુધી તેની પાસે જઇ શકતી નહતી તેથી તેનું મન ઘણુંજ આકુળ વ્યાકુળ થઇ ગયું અને જ્યારે તેણે જાણ્યું કે કઠોર અમરસિંહ ઉંઘે છે ત્યારે એણે ચુપચુપ બાવાજી લક્કડનાથને મળીશ તો મારે કાલે સાસરે જવું પડશે તો બાવા લક્કડ-નાથનો વિજોગ રહી જશે એમ વિચાર કરી તેણે વિરકાછ વાળ્યો અને એક ખુણે પોતાના પિતા હમિરસિંહની ઢાલ તરવાર હતી તે હાથમાં લીધી ને સરર કરતી નીચે ઉતરી કરર કરી દરવાજાની સાંકળ ઉઘાડી મહેલ બહાર નીકળી અમરસિંહ જાગતો હતો તેણે મનમાં કયાસ કર્યો હું જોઉં છું તો ખરો કે એ કયાં જાય છે તે બાયડી શું કરે છે એવા વિચારથી તેણે પણ પોતાની બુકાની બાંધી દીધી અને કછોટો કશી હાથમાં તલવાર લઇને તેની પાછળ પડયો અંધારી રાત્રી હતી. બાયડી ચાલીને નગર બહાર નીકળી વગડામાં આવી ત્યાં આસપાસ તમરો કંસારીઓના ભયંકર અવાજ નીકળી રહ્યા હતા. કોઇ કોઇ વખત પવન આવતો, તેને લીધે ઝાડના પાંદડાં ખડખડતાં હતાં તે સાંભળતા કાચાપોચાના મનને ભુતની અસેર થયા સિવાય ન રહે, એવું ભયભિત વેરાન વટાવી તે બાઇડી આગળ ચાલી. બાઇડીની હિમ્મતને માટે તેના ધણીના મનમાં ઘણા ઘણા વિચાર થતા હતા અને તેણે પણ તે જ્યાં જાય ત્યાં જવાનો મનસુબો કર્યો આગળ જતાં એક મોટો વડ હતો ત્યાં આગળ આવી, આગળ નવ ચોર બેઠા હતા તેમણે જાણ્યું કે આ કોક આપણું ભક્ષ આવ્યું છે, તેથી તરત તેની સામાં આવ્યાં. ઠાકોરે વેગળેથી ચોરને દીઠા તેવો તે છુપાતો કયાસ કરવા લાગ્યો; કે રાંડ કયાં જવાની છે હવે એ શો પેચ લડાવે છે, એટલામાં પેલા ચોર આવી જારમતીને કહેવા લાગ્યા કે તારૂં ઘરેણું ઉતારીને અમને આપ. નહિં તો આ તરવારનો ભોગ થા,

જારમતીએ કહ્યું ધીરા રહો. હું મારૂં ઘરેણું કાઢી આપું છું એમ કહી તેણે પોતાનું સઘળું ઘરાણું આપ્યું, તેણીએ જરીયાનનો ચણીયો પહેર્યો હતો. તે ઉપર ચોરની સરત પડી અને બોલ્યો કે આ ઘાઘરો કોના સારૂં રાખ્યો છે. કહાડી આપ તે બોલી વિરા ! હું અબળાનો અવતાર છું. માટે તમે આડું જોઇને ઉભા રહો તો કાઢી આપું તે સાંભળી ચોર પુંઠ કરીને ઉભા કે તેણે તરવાર કહાડી નવના માથા ઉઠાવી દીધા, તે જોઈ પેલો ઠાકોર અમરસિંહ કંપવા લાગ્યો કે આ બાયડી શું ન કરે ?

ચોરોને મારીને પેલી સ્ત્રી જારમતી પાછું પોતાનું ઘરાણું સજીને આગળ ચાલી ત્યાં એક સાંકડી નહેર આવી તેની અંદર વચ્ચોવચ્ચ મોટો વાઘ બેઠો હતો ઠાકોરે જાણ્યું કે હવે રાંડનો સપાટો નીકળી જવાનો છે અને તેને તેના પાપની શીક્ષા કરવાને ઇશ્વર આ વિકાળ તેના કાળને પ્રેર્યો છે, હમણાં મારી નાંખશે, તો તે ટાઢે પાણીએ ખસ જશે. શું એનો પીર આવે તો પણ તે ઉગરે કે ? એમ વિચાર કરે છે. એટલામાં બાઇડીએ તરવાર ખેંચીને બીજા હાથ પર રૂમાલ વીંટીને વાઘને હાકોટયો હડ કુતરા રસ્તો છે. વાઘ બરાડતો તેના ઉપર ધસ્યો, તેવોજ બાઇડીએ તેને એકજ ઘાથી પુરો કરી નાંખ્યો. ઠાકોર અજાયબ થઇને બોલ્યા, અરે ! રાંડ તો અહીંયાં પણ ન મરી પછી તેણે નીશાની રાખવા વાઘના કાન કાપી લઇ પોતાની હાલના ભંડારીઆમાં મુકયાં ને પાછળ પાછળ ચાલ્યો.

આવી બહાદુરીથી વાઘને ઠાર કરીને રજપુતાણી આગળ ચાલી. ત્યાં મહી નદી ચારે કાંઠે ભરાઇ છે બાવા લક્કડનાથની મઢી સામે કાંઠે છે. તેથી નદીમાં ચઢતું પુર જોઇને જારમતી વિચાર

કરતી ઉભી, તેના ધણી અમરસિંહે જોયું કે હવે તેની હિંમત રહેવાની નથી, આટલી વખત તો તેણે લાગતું નથી. પણ એટલામાં તો સ્ત્રીએ તલવારને પોતાના દાંતમાં ઘાલી અને ઢાલને પોતાના હાથમાં ઝાલી જયંમતી કહીને નદીમાં પડતું મુકયું, સડેડાટ તરીને સામે કાંઠે ચાલી ગઇ. ઠાકોર તેની પાછળ જ્યાં બીજો ઉતાર હતો ત્યાંથી નદી ઉતરીને ચાલ્યો અને ઝટપટ તે સ્ત્રીની પાસે જઈ પહોંચ્યો. નદી પાર ખેતરવા ઉપર બાવા લક્કડનાથની મઢી હતી ત્યાં પેલી સ્ત્રી આવી, અને ઝાંપો ઉઘાડવા ઘાંટા કહાડયા બાવા લક્કડનાથે કહ્યું કે રાંડ અભી આઇ! જારમતી બોલી મહારાજ મારો ધણી મારૂં આણું કરવા આવ્યો છે તેથી વાર થઇ. બાવા લક્કડનાથે કહ્યું કુછ ફીકર નહી. ભાંગ રગડ ઓર મેરેકું પા. પછી ભાંગ ઘુંટી અને બાવાજીને પાઇ અને ગાંજો પણ ચલમ ભરીને પાયો. પછી બંને જણાં રંગભોગ રમી વાતો કરતાં પલંગમાં સુઇ રહ્યા, ઠાકોર જેવી સ્ત્રી પેઠી તેવોજ વાંસે વાંસે ગુપચુપ મઢીમાં દાખલ થયો, અને બાવા લક્કડનાથની ખાટલી નીચે ધીરો રહી લાંબો થઇને ભરાઇ બેઠો. જ્યારે તેણે જાણ્યું કે બંને જણ ઉંઘમાં પડયા છે, ત્યારે તે તરવાર ખુલ્લી કરી સાચવીને ઉભો થયો અને બંનેને ઝટકાવવાનો ઇરાદો કર્યો પણ સ્ત્રી હત્યા ન કરવાનો વિચાર આવ્યો, તેથી ધીરે રહીને બાવાજીનું ગળું કાપી નાંખી નજીકમાં એક તાડનું ઝાડ હતું તેની ટોચે ચઢી બેઠો. થોડી વારે બાવાના લોહીના વહેવાથી સ્ત્રી જારમતી જાગી ઉઠીને આસપાસ જોવા લાગી તો કોઇ મળે નહી. તે ચારે દીશાએ ચાર ચાર કોસ સુધી મારનારને ખોળવા ફરી કોઇ ન દીઠું ત્યારે તે નીરાશ થઇ અને નદીમાંથી જળ હાથમાં લઇ બોલી:—હે બાવા લક્કડનાથ! ચારે ગાદે આ વખતે તને મારનારો મને મળે,

તે વારે તારૂં વેર ન લઉં તો હું રજપુતાણિ નહિ.

ફીણે મારાં હેનાં હર્યાં ફીણે કીધી કેડ;
પત રાખું પાંસળાતણું શીશ કાપું શમશેર.

પછી કૃત સંકલ્પ કરીને હો હો! કરીને ચોગરદમ તરવાર ફેરવવા માંડી એટલામાં તેથી તેનો બે તસુ કકડો ઉડીને ઠાકોર અમરસિંહ જ્યાં ઝાડ ઉપર બેઠો હતો ત્યાં તાડછામાં ભરાઇ ગયો. પછી બાવાને લઇને દાટવા ગઇ, ત્યારે રજપુતે પેલી તલવારની કરચ કહાડીને પોતાની ઢાલના ભંડારીઆમાં મુકી છાનોમાનો ત્યાંથી સ્ત્રી ની આગમચ નદી ઉપર આવ્યો. તેણે પોતાની તરવાર ધોઇ નાંખી તે ઢોલીયામાં ઉંઘવાની મિષે, સુઇ રહ્યો થોડીકવાર કેડે સ્ત્રી આવી અને તેને શક પડયો કે વખતે ધણીએ તો નહીં માર્યો હોય! તેથી જારમતિએ પીછોડ ઉચકી તેનું અંગ તપાસ્યું તો અંગ ઉનું દીઠું જેથી તેને કાંઇ શંકા રહી નહિ પછી જારમતી પણ તેની સાથે સુઇ રહી. બીજે દીવસે સવારમાં અમરસિંહ એકદમ સ્ત્રીને લીધા વિના પોતાને ઘેર ચાલ્યો ગયો. ઘેર આવ્યો ત્યારે કાંતિમતી ભાભીએ પુછ્યું કે મારી દેરાણી કયાં? ત્યારે અમરસિંહ કહે છે કે ભાભીજી, એ સ્ત્રી કશા કામની નથી. ભાભી કહે કેમ કામની નથી? તેનો વાંક હશે કે નહિ? કાંઇ બાંપણ જોઇ, તે સાંભળી પોતાને બળતા પેટે બોલ્યો.

એ ભાભી ના દીઠી ખોડ કે ના ખાપણ જાણ,
એ સ્ત્રી ઘર લાવીએ નિશ્ચે ઉપજે હાણ.

તે સાંભળી ભાભી સમજી તો ખરી પણ તેના મોંથી અથથી

ઇતિ સુધી કહેરાવવા પુછયું કે શું થયું તે તો કહો. પછી મર્મમાં બોલજો. હું તો મર્મમાં સમજતી નથી ત્યારે ઠાકોરે અથથી ઇતિ સુધી સ્ત્રીની સઘળી વાત કહી સંભળાવી ભાભીએ કહ્યું હશે હોય ફીકર નહિ તેને ઘર આગળ તેડી લાવો, તેના પેટથી જે પુત્ર થશે તે બાદશાહથી તરવાર બાંધે એવો જોરાવર થશે.

હરામી ગાયનો બછેરો, છિનાલ રાણુકો પુત્ર
એ બેટા અવતરે તો બાદશાહ શું કરે જુધ.

અમરસિંહે ભાભી કાતિમાતનું કહેવું અંગીકાર કર્યું અને ત્યાં સાસરે જઇ જારમતીને આણું કરી પોતાને ઘેર તેડી લાવ્યો તેમણે ઘર સુત્ર માંડયું, કેટલીક મુદ્દત પછી તેને પેટે અમરસિંહના ત્રણ પુત્ર થયા. તેમના અજીત, વિજય અને જોરાવર એવાં નામ પાડયાં એમ કરતાં ઠાકોર અમરસિંહ પંચાવન વર્ષના ને ઠકરાણી જારમતી પચાસ વર્ષનાં થયાં ત્યારે એક દીવસ ઠાકોર અમરસિંહ ન્હાવા બેઠા તે વખતે તેણે પોતાની સ્ત્રી જારમતીને કહ્યું જરા ઓરડામાંથી મારૂં થેપાડું છે તે આપોને સ્ત્રી ઓરડામાં લેવા ગઇ તો કોઠીઓના ગાળા વચગાળે એક બીલાડી અંધારે બેઠી હતી, તે પોતાના ડોળા ચનિષોના જેવા ડગમગાવતી હતી. તે જોઈ સ્ત્રી એકદમ બીની–બાધીરે મારા બાપ! એમ બુમ મારી પાછી ફરી સ્ત્રી ચરિત્ર કરી ઓશરીમાં ધબ લઇ પડી, ઠાકોરને આ વખતે તેનું અગાઉના શુરાતનનું સ્મરણ થયું અને એકદમ ખડખડાટ હસી પડયો. તે બોલ્યો કે શું? આ સ્ત્રી ચરિત્ર શા કરો છો? રજપુતાણી બોલી-હું તો ઓરડામાં જનાર નથી મને બીલાડી કરડે છે ને બીક લાગે છે, એમ જ્યારે સ્ત્રીએ વધારે નાજુકાઇ દેખાડવા

માંડી ત્યારે તેનાથી રહેવાયું નહિ અને તે એકદમ ગુસ્સામાં બોલી ઉઠયો—

વાઘ વડારણ જલ તરણ, નવવિષ કાટા જેણ;
આજ મંઝારે બીવરાવીયાં, વહુ વિમાસણ તેહ.

તે સાંભળી જારમતી ચેતી ગઈ તે બોહી પડી પણ હિંમત ધરીને બોલી સ્વામિનાથ તમે શું કહો છો? મને સમજણ પડતી નથી. તમે કહો છો એ વાત તદ્દન ખોટી છે અમરસિંહે કહ્યું કે ખોટી હોય તો મેડા ઉપર મેં તે દીવસની ઢાલ તરવાર છાંડી મુકી છે તે લાવ અને ભંડારીઆમાં જો વાઘનો કાન અને તરવારનો કકડો પડ્યો છે કે નહિ? સ્ત્રી ઉપર ગઇ અને જોયું તો ભંડારી-આમાં વાઘનો કાન અને તરવારનો કકડો બંને દીઠાં તે જોઇ તેને હાડે હાડ વ્યાપી ગઈ કે મારા ભોગી લક્કડનાથનું ખૂન એણેજ કર્યું માટે હવે એને માર્યા સિવાય છોડવો નહિ. એમ કહી એજ તરવારે તે ચંડાલણીએ પોતાનો પતિ પુંઠ ફેરવીને પોતીયું પહેરતો હતો તેવામાં તેનું માથું ઉડાવી દઇ પોતે બુમ પાડી, કોઇ આવો રે આવો રે "હાય! હાય! મને ભીખ માગતી કરીરે મારા બાપ!" તે સાંભળી લોકો ભરાઇ ગયા. ત્યારે તે બોલી કે હવે મારે જીવ-વાનું કામ નથી; જ્યાં મારો પતિ ત્યાં હું માટે એની ચિતા ખડકો તેના ભેગી હું બળી મરીશ, સતિને જોવાને આખું નગર ભરાયું. અને પોતાના ધણીને ખોળામાં લઇ ચેહ ખડકી બળી મુઇ!!

શ્રી દેવી ભાગવત.

("ભગવતી ભાગવત" નું શુદ્ધ ગુજરાતી ભાષાંતર)

આ શ્રી દેવી ભાગવત ૯૦૦ પૃષ્ઠનો પાકા પુંઠાથી બાંધેલો મહા ગ્રંથ છે. તેમાં ૧૨ સ્કંધમાં શ્રીદેવીનું માહાત્મ્ય દર્શાવનારા અનેક પ્રસંગો આપેલા છે. દેવીના પ્રસાદથી વિષ્ણુએ કરેલો દૈત્યોનો વધ. બુદ્ધની ઉત્પત્તિની કથા, પુરૂરવા તથા ઉર્વશીનું ચરિત્ર, શુકદેવનું ચરિત્ર, વ્યાસ જન્મ કથા, વસુઓની ઉત્પત્તિ, પાંડવોની ઉત્પત્તિ અને તેમનું ચરિત્ર, પરિક્ષીત રાજાનું વૃત્તાંત, જન્મેજયનો સર્પસત્ર, ભુવનેશ્વરીનો નિર્ણય, દેવીયજ્ઞ વિધિ, વિષ્ણુનો દેવી યજ્ઞ વિશ્વામિત્રની કથા, શશીકળાનો સ્વયંવર, નવરાત્રનો વિધિ, કુમારિકાની કથા, નર નારાયણની કથા, પ્રલ્હાદની કથા, વિષ્ણુના અવતારોની કથા, કંસ રાજાની કથા, શ્રી કૃષ્ણાવતાર તથા શ્રી કૃષ્ણની લીલા, મહિષાસુરની કથા, ચંડ મુંડની કથા, શુંભ-નિશુંભની કથા, જગદંબાનો પૂજનવિધિ, વૃત્રાસુરની કથા, નહુષરાજાની કથા, શુનઃશેપની કથા, નિમિ રાજાની ગતિ, હૈહય રાજાની કથા, નારદ સ્ત્રી થયા એ કથા, માયાની નિવૃત્તિ વાસ્તે દેવીની ઉપાસના, સુકન્યાની કથા, સુર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓ, માંધાધાની કથા, ત્રિશંકુની કથા અને ભગવતી માહાત્મ્ય મહારાજા હરિશ્ચંદ્રનું ચરિત્ર, શતાક્ષી દેવીનો મહિમા, હિમાલયમાં પાર્વતીનો અવતાર, દેવીનાં સ્થાનક વ્રત અને ઉત્સવો. દેવીનું મનુને વરદાન, વરાહાવતાર, પાતાળોનું વર્ણન નરકોનું વર્ણન, શક્તિઓનું વર્ણન, સરસ્વતીનાં સ્તોત્ર, પૂજા અને કવચ, ગંગાજીની ઉત્પત્તિ, તુળશીની કથા સાવિત્રીની કથા. મહાલક્ષ્મીનું આખ્યાન, સ્વાહા, સ્વધા, દક્ષિણા ષષ્ટી, મંગળચંડી, મનસા, સુરભી, રાધાજી અને દુર્ગાદેવીનું આખ્યાન, સ્વયંભૂ મનુનું આખ્યાન, મહાકાળીનું ચરિત્ર, રૂદ્રાક્ષોની ઉત્પત્તિ, ભસ્મના ભેદ, અને મહાત્મ્ય, સંધ્યાવંદનાદિ, ગાયત્રીનો પુશ્ચરણ વિધિ, જગદંબાનું કવચ, મણીદ્વીપનું વર્ણન, દેવી ભાગવતની ફળ શ્રુતિ, ઇત્યાદિ અનેક બાબતો ૩૧૮ અધ્યાયોમાં આપી છે. આ મહાપુરાણ હરેક મુમુક્ષુએ વાંચવા તથા ઘરમાં રાખવા યોગ્ય છે. કી. રૂ. ૬.

નૂતન હુન્નર સાગર.

જાતિઅનુભવ તેમજ વિવિધ ગ્રંથોના આધારે આ પુસ્તકમાં વિવિધ વિષયો ઉપર ઘણીજ લંબાણથી માહીતી આપેલી હોવાથી ગમે તેવો અજાણ અજ્ઞાન માણસ પણ આ પુસ્તકની સહાયતાથી હુન્નરો શીખી શકે છે, આમાં મીણબત્તીયો, દીવેટો તથા તે સંબંધના મસાલા વીગેરે સુકા રંગો, હાથીદાંત ઉપર ચડાવવાના જુદા જુદા રંગ ને સાફ કરાવવાની રીત તથા તે જણસો સાંધવા માટેની કેળવણી, સાબુઓ જેવા કે કોકમના તેલનો પાપડ ખારમાંથી સાબુ બનાવવાની રીત. પ્રારદર્શક સાબુ, વીંડઝરસોપ, બારસોપ, કપડાં ધોવાના સાબુના પાઉડર, લેમન ઓરંજ સોપ, રોઝસોપ, જાનવરો સાફ કરવાનો સાબુ, ઉનનાં કપડાં ધોવાનો સાબુ, હીનાનો સાબુ, કેવડાનો સાબુ, મસ્ક કાર્બોલિક અને સલ્ફર સોપ વિગેરે ઘણી જાતના સાબુઓની માહિતી જુદી જુદી જાતના વાર્નિશો જેવા કે તેલીયા વાર્નિશ, ગાડીઓ રંગવાના વાર્નિશ લોઢાના સામાન સારૂ કાળો વાર્નિશ, સ્પીરીટની મદદથી બનતા વાર્નિશો, ટોપલીયો, પેટીઓ અને નકસી કામના વાર્નિશ, વોટરપ્રુફ વાર્નિશ, જર્મન પેટન્ટ વાર્નિશ, લોખંડનાં વીગેર ઘણી જાતના વાર્નિશોની માહિતી કુવા અને કેટલી ઉંડાઇએ પાણી નીકળશે તે સંબંધીની માહીતી શીંગડાં તેમજ હાથીદાંતનાં બટનો. છીપનાં બટનો કાચનાં પીત્તળનાં, લોખંડના બટનો, જુદી જુદી જાતના પકવાન, અથાણાં ચટણી વીગેરે બનાવવા વિષે. અગરબત્તી. અર્કજો, ગુલાલ, અબીલ, અને છીંકણી, બનાવટી સ્લેટો; કાથો, એળાચો સુગંધી ધુપ કાગળની

ચીજો લાકડા જેવી કરવા વિશે રૂપા, ત્રાંબા આદી ઉપાયો ઢોળ ચઢાવવાની જુદી જુદી રીતો અને તે કેવી રીતે સાફ કરવા વીગેરે સોનેરી શાહી કપડા ઉપરની બાગવાનને ઉપયોગી હરકોઇ જાતના ડાઘ કાઢવાની રીત જેવાકે મોતી ઉપરનો તમાકુનો, જર્મન સીલવર ઉપરનો ડાઘ, કાચનો સામાન સાફ કરવા બાબત, દીવાસળીયો વીલાયતી બપોરીયાં રંગીન તારાઓ વીગેરે વીગેરે જુદી જુદી જાતના ત્રાસદાયક જંતુઓ દુર કરવાની રીત જેવા કે સર્પ ઉંદર માકણ મચ્છર કીડી વીગેરે વીગેરે જુદી જુદી જાતના લાખ જેવી કે સીલ કરવાની લાલ તેમજ કાળી લાખ, સીલ કરવાની ફ્રેન્ચ લાખ, બટન તેમજ ચપળા લાખ વીગેરે વીગેરે જાતની જુદી જુદી જાતના કાગળો, ચામડા સંબંધીના જુદી જુદી જાતના હુન્નરો જેવા કે જુદા જુદા રંગ ચડાવવા ચામડું નરમ કરવું ચામડું તતડી જતા અટકાવવું ચામડાં બગડે નહી તેમ રાખવાની રીત વિગેરે વિગેરે બાબતો કાચ સંબંધી જુદા જુદા હુન્નરો લાકડાં સંબંધીનાં જુદી જુદી જાતનાં હુન્નરો, ધાતુઓ સંબંધી ભીન્ન ભીન્ન પ્રયોગો જુદી જુરી જાતનાં સુગંધી તેલો જેવા કે જાયફળ બદામ, તજ લવીંગ, નારંગી, ગુલાબ કેવડા, અત્તર, કોલન વોટર, લવન્ડર વોટર, હંગેરીયન વોટર, મોલીફ્લાવરનું અત્તર બાદશાહી ગજરાજ એશેન્સો જેવા કે ગુલાબ, ચંબેલી, મોગરો, કપુર, રૂબાર્બ લીંબુ કસ્તુરી લવિંગ જાયફળ, તજ લોબાન અર્ક ટીંચર આયોડાઇન એવી વીગેરે ઘણી અસંખ્ય બાબતો આપવામાં આવી છે. સર્વ સાધારણોને સમજણ પડે તેટલા ખાતર પુસ્તકની ભાષા ઘણી સહેલી રાખવામાં આવી છે, કાગળ ગ્લેજ પાકું પુઠું. છતાં કિંમત માત્ર રૂ. ૪।। પોસ્ટેજ માફ.

ઘર વકીલ

આમાં દીવાની, ફોજદારી તથા રેવન્યુ કાયદાઓનો સંગ્રહ છે.

કાયદાના હિમાયતીયો, ઇંગ્રેજી નહી ભણેલા તેમજ કોર્ટ સંબંધીનું કામકાજ કરનારાઓ સારૂ આ પુસ્તક એક ઉત્તમ બક્ષીસ છે. જુજ બાબતો સારૂં વકીલ અગર બેરીસ્ટરોની ફી ભરવા કરતાં આ પુસ્તક પાસે રાખવું એ ઘણુંજ લાભદાયક છે. આમાં ઇન્ડીયન પીનલકોડ, ક્રીમીનલ પ્રોસીજર કોડ, ડીસ્ટ્રીક માજીસ્ટ્રેટની વિશેષ સત્તા રાજદ્વારી કેદીને દેશપાર કરવાનો કારીગર અને મજુર બજારો તથા મેળા, ભાડાના વાહન વીલેજ પોલીસ, છાપખાનાં, કારખાનાં તથા વર્તમાન પત્રો ઢોરના કમણ ભટકતા યુરોપીયનો નાટકના ખેલ શીતળા અફીણ આબકારી, પોલીસ રેલવે, જનાવર ઉપર થતું ઘાતકીપણું અટકાવવા, સ્ટીમબોઇલર, એસ્ટાટીશન, ઝેરી જણસો મોટરવાહન, બાર થનારા પદાર્થો. વર્તમાન પત્રો ફટકા પેસ વીજળી ગુન્હા કરનારી જાતી રાજદ્રોહી સભા કારખાનાં ગાંડાં માણસો જીંદગીના વીમા, ઘોડદોડની સરતો વૈદ્યકીય નોંધ રાખવા પોલીસ ઓફીસરોના અખત્યાર હરકોઇ શખ્સના અખત્યાર પીનલકોડ મુજબના ગુન્હાનું પત્રક હિન્દુ ધર્મ શાસ્ત્ર દત્તક વીવાહ વીલ વારસો, છુટાછેડા ખોરાકી પોશાકી વિગેરે સર્વ બાબતો તથા પારસી લોકોનાં લગ્ન તલાક વગેરે વગેરે બાબતો વારસાનામું તથા તે સંબંધીની જુદી જુદી બાબતો મુસલમાની કાયદો સાદી તલાક સગીર બક્ષીસ વકફ ખોરાકી પોશાકી વિગેરે વિગેરે બાબતો અપકૃત્ય તથા એ સંબંધિના અધિકાર ન્યાય સંબંધી હિન્દુ વિધવા પુનરલગ્ન દીવાની કોર્ટના દરજ્જા કોર્ટ ફી તથા તે સંબંધની

જુદી જુદી બાબતો, હિન્દુ લોકોના વસીયતનામાં પુરાવા તથા તે સંબંધીની જુદી જુદી બાબતો કરાર તથા તે સંબંધની જુદી જુદી બાબતો, સમ વિશેષ ન્યાય, કરજદાર ખેડુતોને મદદ કરવા તથા તે સંબંધની જુદી જુદી બાબતો, પ્રોબેટ ત્રસ્ટ એને તે સંબંધની જુદી જુદી બાબતો. દીવાની કોર્ટમાં કામ ચલાવવા તથા તે સંબંધની જુદી જુદી બાબતો, મુદત તથા તે સંબંધની જુદી જુદી બાબતો. દસ્તાવેજો તથા તે સંબંધની જુદી જુદી બાબતો, ગાંડા માણસની મીલકત ઉપર દેખરેખ રાખવા બાબત; જમીન મેહસુલ તથા તે સંબંધી જુદી જુદી બાબતો, જમીન ઉપરના હકકપત્રો, લોકલફન્ડ વતન ભાગદારી તથા નરવાદારી, સમરી સેટલમેન્ટ તાડાગીરાસ, મતાદાર તાલુકદારો કોર્ટ ઓફ વાર્ડસ તગાવી ઇનકમટેકસ ઇરીગેશન જંગલ. તમાકુ, ખુષ્કીજકાત, જળ માર્ગની ડયુટી, હિન્દુસ્તાનના બંદરો, દેશી ઉતારૂ લઈ જનારા વહાણો સુતરાઉ માલપરની જકાત સાવજનિક હોડી. ઘાટ, સાર્વજનીક રસ્તા તથા પુલો કબજા વહીવટ. જનરલ સ્ટામ્પ એકટ, સાર્વજનિક કામ સારૂ જમીન લેવા બાબત, ચલણી નોટો નાણાં દસ્તાવેજના જુદી જુદી ઘણી જાતના નમુના વીગેરે ઘણી ઘણી બાબતો આમાં આપવામાં આવેલી હોવાથી સર્વ સાધારણો તેમજ થોડું ભણેલાઓને ખાસ સંગ્રહવા યોગ્ય છે. પાકું પુંઠું ગ્લેજ કાગળ જુજ પ્રતો શીલકે છે છતાં કિંમત માત્ર રૂ. ૬-૦-૦ પોસ્ટેજ ૦-૧૨-૦ જુદા આજેજ મંગાવો.

આવી જાતનાં બહાર પડેલાં પુસ્તકોમાં સૌથી મોટું, અને સસ્તુ પુસ્તક.

શાક, પાક, પકવાનશાસ્ત્ર.

આમાં જુદી જુદી જાતનાં ગરમ મસાલા જેવા કે પારસી રીતનો શાકનો મસાલો, શાકનો સાદો મસાલો, શાક દાળનો ગરમમસાલો, રાઈનો મસાલો ખોપરાનો મસાલો, મેથીનો મસાલો, ભજીયાંનો મસાલો, શાકદાળનો દક્ષીણીરીતનો મસાલો, શાકભાતમાં મેળવવાનો

લોટનો મસાલો, હિન્દુસ્તાની રીતનો ગરમ મસાલો; જુદી જુદી જાતની ચટણીઓ તથા કચુંબરો જેવી કે રીંગણાની ચટની કાંદાની ગોરનાં પાંદડાંની અડદની દાળની, આંબલીની, આંબળાની, દ્રાક્ષની, કેરીની, કેળાંની કોથમીરની, ફુદીનાની, મસાલાના ભાત જોડે ખાવાની, આદાની, મીઠા લીંમડાની. કાચાં દાડમની, કોઠાની, કરમદાંની ચણાની દાળની, લીલાં મરચાંની, કોકમની, ઇંગ્રેજી રીતની, ફુદીનાની, તલની, લસણની જીરાની, ખજુરીની, ટામેટાંની બંગાળી રીતની, શેરડીનો સરકો ગોળનો સરકો, લીંબુના રસનો, જાંબુના રસનો, કાંદાનો કચુંબર, પપૈયાનું કચુંબર, કેરી તથા રાયણનું, ગાજરનું, મુળાનું, મોઘરીનું કાકડીનું કચુંબર, જાત જાતનાં રાયતાં જેવાંકે બટાકાંનું રાયતું, કાકડીનું રાયતું; કહોળાનું, ખારેકનું, દ્રાક્ષનું, ખોપરાનું, લીલા મરચાં, આદુ અને કોથમીરનું કેળાનું, સુરણનું, સકકરીયાંનું, મુળાનું, મોગરીયોનું પપનસનું અળવીના દાંડલાનું; જામફળનું લીંબુનું, અનન્નાસનું આદુનું, શેવફળનું રાયતું, કેળાના ફુલનું. આંબળાનું રાયતું, વીગેરે; તેમજ જાતજાતનાં અથાણાં જેવાં કે બાફેલાં લીંબુનું અથાણું, છીણેલી કેરીનું બોરકેરીનું, દાબડા કેરીનું મેથીયા કેરીનું, મુગલાઇ રીતનું, મરવા કેરીનું, ચાસણીદાર કેરીનું અથાણું, ગુજરાતી રીતનું, મેથીયા કેરીનું, રાયતું કેરીનું અથાણું, કેરીનું, મોગલાઇ અથાણું, આદાનું અથાણું કોબીફલાવરનું, ડુંગરીનું, ગાજરનુ, ચવચવનું, બાફેલી કેરીનું, મીઠી :કાકડીનું, રાઇનું, કાકડીનું, કેરીનું, ગુંદાનું, ગરમરનું, કાઠીયાવાડી ડાળાંનું, લીંબુ હળદળ તથા આદાનું, વાંસનું, લીંબુનું, મદ્રાસીરીતનું, કુંવરનું, કરમાંનું બાવળના પરડાનું, ફણસનું વિગેરે, તેમજ જુદી જુદી જાતના પકવાન જેવાં કે કંસાર, ચુરમાના લાડુ, શીરો કરવાની રીત, વેડમી

(પુરણપોળી) માલપુવા, પાપડ, અનારસા, ગુલકંદ, ગુલાબજાંબુ, ગુલગુલાં દહીનાં તથા માવાનાં, દુધની ગુલરી, ગોળપાપડી, ગાંઠીયા, ધારી, ધારી બદામ પીસ્તાની, અમૃતપાક મેહસુર, મોહનપાક, ધારગા, ઘુઘરા, ઘેબર, ઘસોટ, ચીક્કી, જલેબી, ઢોકળાં સાદાં તથા રીણેલાં, ખમણઢોકળાં, દહીવડા, દહીથરાં, દુધ પહુવા. દુધપાક, દુધરોટલી થુલી દખલીગ્સ, નાનખટાઇ, પરેઢા, પીસ્તાની પાપડી, દુધના પરૂ, પુરણીઆ કેળાંની પુરી, ખારીપુરી, દહીંની પુરી કેરીના રસની, શીંગોડાના લોટની, બટાટાની, ચંચામૃત, ચોખાની પાપડી ગગન ગાંઠિયા, પેંડા, પાઉ, બદામની પાપડી, બરફી, બદામની રોટલી. બાસુદી; દુધના બીસકીટ, ગળ્યાં બીસકીટ, બીરંજા ચતુરંગી બીરંજ ફુલવડી ફુદીઆ, ફફડા ફરસીપુરી મથુરાના. પેંડા, સુકા પેંડા, મીઠા ભાખર, ઠોર આરમીનીયન મીઠાપ. મેહેસુર માવાનો બદામનો, મરફી મોહનથાળ, મોદક, મોડાં પરણાના, બાટી મારવાડી, પુરણીયા મોદક, બુંદીના લાડુ, વેસણના લાડુ, દળના લાડુ, મગદળ તથા અડદીયા લાડુ. ચોખાના લોટના લાડુ, ગુજરાતી લાડુ, ચોખાના આટાની ખીર, ચોખાની કણકીની ખીર, સેવની ખીર, ખોચ્ચાની ખીર, લીલા શ્રીફળની ખીર, બદામની ખીર, તલની ખીર દ્રાક્ષની ખીર, ખારેકની ખીર બટાઠાની ખીર, સુરણની ખીર, શીશીખંડ બાસુદી હલવો કરવાની રીત, સુતરફેણી રોટલી ઘીની, ફુલકા ખમરી રોટલી. ખજુરીની રોટલી; ખાંડની રોટલી. ખોપરાની રોટલી બાખરવડી, કેવડો. ચાસણી, બનાવવાની રીત, ઘેંસ. ઘુઘરા લીલવાના. ખજુર. ચોપડા. બાવટાના લાડવા, તલના લાડવા વઘારેલા મહાવા. મકાઇનાં વડાં મકાઇનું ઓરમું. ખાજા ખાજલી સાટા મેસકુટ. રાઘવદાસી મોદક, ચોખાના લાડુ, લાપસી. કુરડાઇ કરકરવડી. કોકણીવડાં મગફળીના લાડુ. સાદો ભાત વઘારેલો ભાત. દહીંવાળો ભાત, વાતાકનો ભાટ. બટાટાંનો, ઘીલોડાંનો તુરીઆંનો. પરવરનો, ગોળભાત. બદામનો ભાત. ચાસણીનો મીઠો ભાત, સાકરીયા

મીઠો ભાત કેસરી ભાત, અન્નાસનો ભાત, મસાલેનો ભાત, ગુજરાતી ખીચડી, બાજરીની ખીચડી, વઘારેલી ખીચડી, મનપસંદ ખીચડી, મહમદ બાદશાહી ખીચડી, સોલા ખીચડી, કેસરીયા ખીચડી આંબળાનો મુરબ્બો, કેરીનો મુરબ્બો, મદ્રાસી રીતનો મુરબ્બો, કોહળાનો, દુધીનો, બદામનો મુરબ્બો, અંજીરનો અન્નાનસનો મુરબ્બો, કેરીઓના કકડાનો મુરબ્બો, કેરીઓની ચીરીનો મુરબ્બો, મુસલમાની રીતનો કેરીઓના મુરબ્બો, કરમદાના મુરબ્બો, પપનસનો મુરબ્બો, બીજોરાંનો, લીમ્બુનો, આંબલીનો મુરબ્બો, મદ્રાસી રીતનો આદુનો, બીલાંનો મુરબ્બો. બોરનો. કેળાંનો, કુંવરનો, કારેલાનો ગુલકંદ તથા ગુલાબનો મુરબ્બો, આમલીનું સરબત, દાડમના રસનું સરબત, ગુલાબનું, પાકેલાં કોઠાના રસનું સરબત, ખેંચીનું સરબત, નારંગીનું સરબત, આંબળાનું સરબત. આદાનો પાક ગુંદરપાક, બદામપાક ખોપરાપાક, મેથીપાક, ગુંદર અડદીઓ, સાલમપાક, લસણ પાક, મેથીપાક, સૌભાગ્યસુંઠીપાક, હરડેપાક, મુસરીપાક, આમ્રપાક, મહાકામેશ્વરપાક, કારેલાનું શાક, કંકોડાનું શાક, કેળાનું શાક, કહોળાનું શાક, કોદંબડાનું શાક, વંતાકનું શાક, વાલોળનું શાક, કાલીંગડાનું, પરવરનું, પંડોળાનું. પાપડીનું, ગલકાનું, ગવારફળીનું, ચોળાફળી, ગંગડાનું, ગીલોડાનું, તુરીઆનું, ડોડીના ડાડવાનું. દુધીનું, સીંગારીઓનું, સરગવાની શીંગોનું, ભીંડાનું, ખડબુચનું, ખીરાનું, સુરણનું, રતાળનું અળવીના ગાંઠીયાંનું બટાટાનું શકરીઆનું ભાંય કોહળાનું, કોબીનું મેથાનું, તાદળજાનું સુવાની ભાજી, બટાટાની પતરી, પતરવેલીયાં, આંબલીનો ચુંચેડા કેરીયોનો ફજેતો આદી સર્વ જાતનાં શાક પાક પકવાન મુરબ્બા અથાણાથી આ પુસ્તક ભરપુર હોવાથી આવી જાતનાં બહાર પડેલાં સર્વ પુસ્તકોમાં શ્રેષ્ટ છે. વિશેષ ખાત્રી પુસ્તક જોવાથીજ થશે કાગળ ગ્લેજ ઉંચા પાકું પુંઠું અક્ષર સ્વચ્છ તેમજ ઓછું ભણેલી સ્ત્રીઓ વાંચી શકે તેવા છતાં કિંમત ૧–૮–૦ પોસ્ટેજ ૧ આનો જુદો.

સારંગધર સંહિતા.

મુળ સહિત ગુજરાતી ભાષાન્તર.

વૈદશાસ્ત્રનો આ વિશ્વાશપાત્ર ગ્રંથ છે. આમાં જુદા જુદા દેશની આબોહવા ઉપરથી ઔષધ આપવાના પ્રમાણ, ઔષધ કેટલી મુદ્દત સુધી ગુણકારી નીવડે. ધાતુ વધારનારા ઔષધો શરીરના જુદા જુદા અવયવોની ઉપયોગી માહેતી. જુદા જુદા રોગોની ચિકિત્સા અને તેના અનેકા અનેક રામબાણ ઉપાય ઘણીજ સરળતાથી આપવામાં આવ્યા છે. આમાં નાગરાદિ કવાથ, મુસ્તાદિ, પટેલાદિ, પુહુચ્યાદિ, ધાન્યાદિ, દશમુલાદિ આદિ ઘણી જાતના કવાથ બનાવવાની વીધિ છે. આલમકયાદિ ચુર્ણ, પિપ્પલી, લવંગાદિ, સિતોપલાદિ, સંજીવની ચિત્રકાદિ, નારાયણ, ગહાખાંડવ, કરીકયાદિ, સુદર્શન, લવણપંચક કૃશ્ણાદિ, શુંઠયાદિ, કકોટી, અભયાદિ, ત્રિવૃતાદિ આદિ ઘણી જાતના ચુર્ણ બનાવવાની રીત અનુપમ છે. યોગરાજ ગુગળ, કિશોર ગુગળ ત્રિફળા, ગોક્ષુરાદિ, કાંચનાર ગુગળ, આદિ ઘણી જાતતા ગુગળ બનાવવાની રીત, લાક્ષાદિ, નારાયણ શતાવરી, નિલંબીજ, કરંજાદિ, હિંગ્વાદિ, બિલ્વાદિ, પાઠાદિ, માષાદિ, નીલિકાદિ, મેરીમેદાદી વીગેરે ઘણી જાતના તેલ બનાવવાનો વિધિ, ઉશીરાસવ, કુમાર્યાસવ, સાહોસવ, દ્રાક્ષાસવ, લોધ્નાસવ આદિ આસવો તથા જુદી જુદી જાતના અવલેહ બનાવવાની રીત, વિડંગારિષ્ટ, ખરદારિષ્ટ, રોહીતારિષ્ટ, દશમુલારિષ્ટ, કુટજારીષ્ટ આદિ ઘણી જાતના અરિષ્ટો બનાવવાની રીત, સુવર્ણભસ્મ રૂપાભસ્મ, તાંબાભસ્મ, પીતળની ભસ્મ, નાગભસ્મ, ભંગભસ્મ, લોહ-ભસ્મ, હીરાભસ્મ, અભ્રકભસ્મ, આદિ ઘણી જાતની ધાતુ શોધન અને મારણના ઉપાય ઝાલીમ છે. જ્વરારી રસ, લોહનાથરસ, મૃગાંક પોટલીરસ, મહાજ્વરાંકુશ આનંદભૈરવ, વછનાગની રસ, મહાતાલેશ્વરરસ સ્વછંદભૈરવ રસ આદિ ઘણી જાતના રસ બનાવવાની રીત, પરસેવો કાઢવાના જુદી જુદી જાતના પ્રકાર. વમન (ઉલટી) ના જુદા જુદા પ્રકાર, રેચ આપવાના જુદા જુદા પ્રકાર, બસ્તીના જુદા પ્રકાર, ધુમ્રના પ્રકાર, જુદીજુદી જાતના લેપ,જુદીજુદી જાતના અંજનો આદિવિષયોનો સમાવેશ આમાં છે. પાકું પુઠું કિ. રૂ. ૪।। પોસ્ટેજ ૮ આના જુદા.

ધી એન્હરીડ કૉરસ્પૉન્ડેન્સ

(કિવા) હમેશનો પત્રવ્યવહાર.

આ પુસ્તકમાં ગુજરાતી સાથેજ ઇંગ્રેજીમાં પત્રવ્યવહાર કેમ કરવો તેની સંપૂર્ણ માહિતી આપેલી હોવાથી ખાસ ઉપયોગી છે. આમાં જમવાનું નિમંત્રણ, નિમંત્રણનો સ્વિકાર, અસ્વિકાર, ઉઘરાણી, રીપોર્ટ, દાક્તરને બોલાવવા સંબંધી, ભલામણપત્ર, ભેટ મોકલવા સંબંધી, બેંકમાંથી રૂપીયા મંગાવવા બાબત, મકાન ખાલી કરવા નોકર રાખવા અકસ્માત માટે દીલગીરી, પારસલ મંગાવવા બાબત રજા માટે ચીઠી, રજા રદ કરવા બાબત, રેલ્વેનો ડબ્બો રીઝર્વ કરાવવા બાબત, ભુલી ગયેલી વસ્તુ મંગાવવા બાબત સ્નેહીની માંદગી માટે દીલસોજી; તેનું ઉત્તર; સ્ટીમર સંબંધી પુછપરછ, તેનો જવાબ. પુત્રનો પિતા પ્રત્યેનો કાગળ, બહેનનું ભાઇ પરનું પત્ર, હીસાબી કારકુનની જગ્યા માટે અરજી; રજા માટે અરજી. રાજીનામા માટે અરજી; મ્યુની૦ સેક્રેટરીને અરજી, રેલવે સતાધિકારીને અરજી, મુખત્યારની સણંદ માટે અરજી, સર્ટીફીકેટો, વૈદ્યકીય સર્ટીફીકેટ, પુસ્તક રજીસ્ટરી કરવા બાબત પગાર વધારવાની બદલી કરવા માટે અરજી ફરીયાદ દેવરાવવા બાબત પોલીસમાં અરજ, જુના નોકર માટે ભલામણપત્ર, ઉઘરાણી, તેનો જવાબ, પહોંચેલા માલની કીંમત મોકલવા બાબત, નવી દુકાન ખોલ્યા વિષે, આડત બાંધવા સંબંધી એક દુકાનદારનો બીજી પેઢી સંબંધ શરૂ કરવા, તેનો જવાબ મકાન ભાડું જણાવવા બાબત, મકાનમાં સમાર કામ કરી આપવાની શરત, હુંડી મોકલવા બાબત, હુંડીનાં નાણાં મળ્યા બાબત, ઘરનો વીમો ઉતરાવવા બાબત, મકાનભાડું વધારવા બાબત, કોઇ પેઢીમાં રૂપીયા જમે કરાવવા બાબત, મકાન ખાલી કરવાની નોટીસ, મકાનનું ભાડું વધારવાની તથા ઘટાડવા બાબત, કંદવાડ મરણ તે સંબંધ દીલસોજી પત્રો. અમુક કારણ માટે માફી માગવા તથા આપવાના જુદી જુદી જાતના પત્રો, ભાડાચીઠી અને દસ્તાવેજ વિષે ઘણી જાતના નમુના

વિગેરે અસંખ્ય બાબતોના નમુના આમાં તૈયાર આપેલા હોવાથી તેમજ તે સાથેજ તેનું ગુજરાતી આપેલું હોવાથી ખાસ ઉપયોગી છે. એક વખત આ પુસ્તય તમે તમારા ટેબલ ઉપર રાખશો તો ખસેડવાનું મન થશે નહી, આજેજ મંગાવો કિં. ૧ાા પોસ્ટેજ ૦ાા=

ધી. ઈઝી સેલ્ફ ઇંગ્લીશ ટીચર.

ભાગ ૧—૨

ઈંગ્રેજી શીખવાનું આ ઘણુંજ સરળ અને સરસ પુસ્તક છે. આ પુસ્તક એક સારા વિદ્વાન મી. ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી એમ, એ. ને હાથે લખાયેલું છે. જેઓ એક સુપ્રસિદ્ધ શાળામાસ્તર છે અને તેમણે પોતાના લાંબા અનુભવથી ઇંગ્રેજી શીખવા સારૂં આ સહેલું અને સરળ પુસ્તક લખ્યું છે. આમાં ૩૨ પ્રકરણ આપવામાં આવ્યાં જે જેમાંથી ફક્ત ૯ પ્રકરણજ શીખવાથી કોઇપણ માણસનું સરનામું અને ગામનું નામ ઇંગ્રેજીમાં પોતાની મેળેજ લખી શકે છે. જે માણસોને ભણવાનો યોગ નાની ઉમરમાં કેટલાંક કારણોથી ન આવ્યો હોય તેવાઓ સારૂ તો આ પુસ્તક એક કીમીયારૂપ છે. આવા નકલી પુસ્તકો ઘણાં નીકળ્યાં છે જેથી **ધી સેલ્ફ ઇંગ્લીશ ટીચર એ** નામ બરોબર વાંચી પુસ્તક ખરીદ કરશો. કાગળ તથા છપાઇ ઘણા સ્વચ્છ છે છતાં કિંમત હરેક ભાગની રૂ. ૧ાા મુજબ કુલ રૂ. ૩) બન્ને ભાગ સાથે લેનારને રૂ. ૨ાા પોસ્ટેજ જુદું.

રતિશાસ્ત્ર કિંવા કોકશાસ્ત્ર.

સાંસારિક ગુપ્તજ્ઞાન વિષયક સચીત્ર ગ્રંથ.

આમાં રતિશાસ્ત્રનું મહાત્મ્ય, સ્ત્રીજાતિ ભેદ, પદ્મિની શંખિણી, ચિત્રિણી, હસ્તીનીનાં લક્ષણો અને તેમનાં મનહર ચિત્રો, પુરૂષજાતિ જેવી કે મૃગજાતિના, શશકજાતિના, અશ્વજાતિના અને વૃષભ

જાતિના, સ્ત્રીપુરૂષના સામુદ્રિક લક્ષણ, પુરૂષ પ્રકૃતિ જાણવાનું સાધન, સ્ત્રીજાતિના અવસ્થા ભેદ, ચારજાતિના પુરૂષોને યોગ્યનારી નિર્ણય; વિવિધ જાતનાં સ્ત્રીપુરૂષોથી થતાં સંતાનોના ગુણાવગુણ, કુમારી વિવરણ, રૂતુવર્ણન અને તેનું ફળાફળ, રજોદર્શન, માસફળ, રજોદર્શનનું નક્ષત્રફળ, રૂતુમતિ સુંદરીનું કર્તવ્ય, લાવણ્ય કિંવા સૌંદર્ય રૂપ મહીમા, રતિ તથા પુરૂષ કામવાસ, મૈથુન દોષ વર્ણન, રતિપ્રકાર આસન વિવરણ, સહવાસ, ગર્ભાધાન, રજોદર્શનના આરંભથી ૧૬ દિવસ સુધીનું શાસ્ત્રીયફળ, ઇચ્છાનુરૂપ પુત્ર–પુત્રી પ્રાપ્ત કરવાનો ઉપાય, કાળફળ મહાત્મ, ગર્ભમાં પુત્ર હોય તો તેનાં લક્ષણ ગર્ભમાં પુત્રી હોય તો તેનાં લક્ષણો. ગર્ભવર્ણન અને સગર્ભા સુંદરીનું કર્તવ્ય ગર્ભનો અદ્દભુત ભેદ અને ગર્ભાવસ્થામાં તેની સ્થિતિ ગર્ભવૃદ્ધિ, માતા પિતાના આચાર–વિચારની ગર્ભપર અસર, માબાપ કાળા હોવા છતાં સફેદ બાળક કેરી રીતે ઉત્પન્ન કરી શકે? ગર્ભસ્ત્રાવ અને ગર્ભપાત, પ્રસવકાળ, બાલ્યાવસ્થા, નાળ, પ્રસવ થયા પછી સ્નાનની વ્યવસ્થા, બાળકનો પોશાક, સ્તનપાન, બ્રહ્મચર્ય, યુવાવસ્થા, હસ્તદોષ કિંવા હસ્ત મૈથુન અને નિવારણ: વીર્યસ્ત્રાવ રાત્રે સ્વપ્નમાં થતો વીર્યસ્ત્રાવ પ્રમેહ વાતથી અથવા વાયુથી થનાર પ્રમેહ. વં . અથવા વાંઝીયા પણું, ઉપદંશ અથવા ચાંદી. ઉપદંશની બીજી સ્થિતિ તથા શરીરપર તેની અસર, નગીને ફોલ્લો, ઉપદંશને અવયવ. રૂતુસ્ત્રાવમાં ઉત્પન્ન થતી અડચણો, રૂતુસ્ત્રાવનું અટકી જવું, ધાતુક્ષય, ગર્ભસ્થાનનું ખસી પડવું, હિસ્ટિરિયા અથવા ચિતભ્રમ, સ્ત્રીના ઉત્પતિ અવયવ, મુત્રરોગ બહુમુત્ર. મૂત્રગાંઠ, નપુંષકત્વ અને તેની જુદી જાતો અને ઉપાય, વીર્ય સ્તંભનના ઉપાય. વિગેરે વિગેરે ઘણી બાબતોનો આમાં સંપૂર્ણ સમાસ હોવાથી ઘણું ઉપયોગી છે. છેવટે કામસંજીવનની અર્થાત પંડિત કામનાથ (કાકા) નું જીવનચરિત્ર આપવામાં આવેલું છે. આ પુસ્તકની થોડાજ વખતમાં બીજી આવૃત્તિ ખલાસ થવાથી આ તેની ત્રીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. અને તેની પણ સંખ્યાબંધ નકલો ખપી ગઇ. કિંમત પાકું પુઠું ગ્લેઝ કાગળ ૩ા રૂ. પોસ્ટેજ માફ.

શિવપુરાણ.

રાગરાગણીમાં કવી દુર્ગાશંકરકૃત. આ ગ્રંથમાં બ્રહ્મા ઉત્પત્તિ બ્રહ્મા વિષ્ણુનો સંવાદ. બ્રહ્મા વિષ્ણુ ઉપર શીવ પ્રસન્ન થયા, દક્ષનો યજ્ઞારંભ, દક્ષ તથા વર્ણન, શીવપુજા વર્ણન, તારકાસુરે તપ કર્યું, શિવે કામદગ્ધ કર્યો, રતીવીલાપ, પાર્વતીએ તપ કર્યું, પાર્વતી ઉપર શીવ પ્રસન્ન થયા, શીવવીવાહ, હીમાચલને ત્યાં શીવ જાન લઇને આવ્યા, શીવસ્વરૂપ દર્શન, મેનાનો શોક, મેનાને વિષ્ણુએ ઉપદેશ કર્યો, શંકરના સ્વરૂપનું વર્ણન, પાર્વતીના સ્વરૂપનું વર્ણન, હિમાચલે શિવને પહેરામણી આપી; પાર્વતી સહિત શિવ કૈલાસ આવ્યા. કાર્તિક સ્વામીની ઉત્પતિ અને તારકાસુરનો વધ, તારકાસુ-રના ત્રણે પુત્રોનું તપ, મુંડી દઇત વનમાં ગયો. મુંડીએ કરેલો વેદધર્મ, શિવપુજાનો નાશ, ત્રિપુરાસુર પ્રતિ શિવનું યુદ્ધ, કમળાક્ષ, અને કાસના સંવાદ. કેકસ ઇંદ્રસંગ્રામ વિષ્ણુ અને કમળાક્ષનું યુદ્ધ, વિષ્ણુકળા વર્ણન, શિવે ત્રિપુરાસુરનો વધ કર્યો. ત્રિપુરાસુરની સ્ત્રીએ કરેલું રૂદન, લિંગ ઉત્પતિ, નીરગુણની ઉપાસના, શીવની સ્થુળ પુજા પુજાવિધી વર્ણન, કેતકીને શ્રાપ, ચંપાને શ્રાપ, ગણેશ ઉત્પતિ બટુકનું યુદ્ધ, શિવે બટુકને હણ્યો, પાર્વતીનો વિલાપ, શિવે ગણેશને સજીવન કર્યો, ગણેશ લગ્ન, નંદીકેશ્વર મહિમા, સાધવિ મહિમા અચળેશ્વર મહિમા, વિપ્રના શ્રાપનું વર્ણન, બટુક મહિમા વર્ણન, અરજુનનું તપ, પાર્થિવ પુજા, શિવરાત્રી મહિમા, રૂદ્રાક્ષ મહાત્મ વ્રત મહિમા આદિ ઘણો રસિક રસિક કથા ભાગ આ પુસ્તકમાં ઘણીજ સરળ ભાષામાં વર્ણવવામાં આવ્યો છે. ત્રણ સુંદર સુશોભિત રંગીન ચિત્રો દાખલ કરવામાં આવ્યા છે. પાકું રૂપેરી પુઠું છે. કીંમત રૂ. ૪ા પોસ્ટેજ માફ. મળવાનું ઠેકાણું:—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે—બુકસેલર.

ત્રણ દરવાજા—**અમદાવાદ.**

ધર્મ વિજય પ્રી. પ્રેસ રતન પો અમદાવાદ.